Centre for Religious Study & Guidance, Aligarh ની પ્રસ્તુતિ
ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, અહમદઆબાદનું પ્રકાશન

આતંક્વાદ અને ઇસ્લામી શિક્ષણ

-: લેખક :-
મુફતી મુહમ્મદ મુશ્તાક તિજારવી

-: ગુજરાતી અનુવાદ :-
મુહમ્મદ જમાલ

અનુક્રમણિકા

પ્રકાશક તરફથી નિવેદન

આતંકવાદ અને ત્રાસવાદની ચર્ચા તાજેતરમાં એટલી હદે થઈ રહી છે કે વિશ્વની કોઈપણ ભાષા માટે આ શબ્દો તેની પરિભાષામાં સામેલ થઈ ગયાં હોય તેવું લાગે છે. દરેક વ્યક્તિ - ચાહે તે કોઈપણ દેશ કે સમૂદાયનો હોય તેની સત્તાવાર વ્યાખ્યા અને અર્થઘટનથી ભલે અજાણ હોય, પરંતુ આ કઈ સમસ્યા છે, કેટલી ગંભીર છે અને તેના હેઠળ કઈ અને કેવી પ્રવૃત્તિઓ આચરવામાં આવે છે ? તેનાથી તો તદ્દન માહિતગાર છે. વાસ્તવમાં આ પ્રશ્ન માત્ર કોઈ એક રાષ્ટ્રનો જ નથી બલ્કે સમગ્ર વિશ્વનો છે, તેનાથી વધુ પ્રત્યેક વ્યક્તિનો છે. દરેક માનવી તેનાથી ચિંતિત છે અને તેનો ઉકેલ આવી જાય કે ઓછામાં ઓછું આવી પ્રવૃત્તિઓને રોકવી જોઈએ અને નિયંત્રિત કરવી જોઈએ, તેવું તો જરૂર ઈચ્છે છે. ચોરેચૌટે એવું ચર્ચાય છે અને બુદ્ધિજીવીઓ-ચિંતકો, સમાજના મોભીઓ, રાજકીય નેતાઓ, રાષ્ટ્રના અગ્રણીઓ તમામ એવું કહે છે અને માધ્યમોમાં તેમના નિવેદનો પણ પ્રસિદ્ધ થાય છે કે આતંકવાદીનો-ત્રાસવાદીનો કોઈ ધર્મ નથી હોતો. તેમ છતાં કમનસીબે જ્યારે પણ કોઈ આતંકવાદી પ્રવૃત્તિ, કોઈ પણ દેશમાં, કોઈ પણ સમૂદાય કે ધર્મના અનુયાયી તરફથી આચરવામાં આવે છે ત્યારે બદનામ માત્ર ઈસ્લામને કે મુસલમાનોને કરવામાં આવે છે. સામાન્ય જન માટે તો એમ માની શકાય કે તેઓ ઈસ્લામથી અનભિજ્ઞ હોય અને માધ્યમોના પક્ષપાતી અને ઈરાદાપૂર્વકના ખોટા પ્રચાર-પ્રસારથી પ્રભાવિત થઈ જાય, પરંતુ ક્યારેક તો શિક્ષિત અને બુદ્ધિજીવીઓમાં સુમાર થાય તેવા પ્રબુદ્ધ નાગરિકો તથા સમાજના મોભીઓ પણ તેવા દુષ્પ્રચારથી દોરવાઈ જાય છે ત્યારે સાચે જ દુઃખ થાય છે. એટલા માટે કે ભણેલાં-ગણેલાં લોકો તો જાગૃત નાગરિકો ગણાય છે, તેઓ તો સમાજને સાચી રાહે દોરે છે અને સામાન્ય જન તો તેમના પાછળ જ દોરવાય છે.

આ સંદર્ભમાં આવા ચર્ચાસ્પદ વિષયથી સંબંધિત આ નાનકડી પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી રહી છે. જેમાં આતંકવાદ વિશે વિશ્વફલક ઉપર જે ચર્ચા થાય છે તેનું ટૂંકમાં પરંતુ દલીલસભર વર્ણન કરવામાં આવ્યું છે. સાથેસાથે ઈસ્લામમાં આ પ્રકારની પ્રવૃત્તિનું કોઈ જ સ્થાન નથી તેનું પણ કુર્આન અને પયગમ્બરના વચનો તેમજ ઈસ્લામી ઈતિહાસથી સાબિત કર્યું છે.

આશા છે કે ગુજરાતના પ્રબુદ્ધ અને જાગૃત નાગરિકોના જ્ઞાનમાં આ નાનકડું પુસ્તક ચોક્કસ વધારો કરશે તથા ઈસ્લામ વિશે ફેલાયેલ કે ફેલાવવામાં આવેલ ગેરસમજોને દૂર કરવામાં સહાયરૂપ થશે. સાથેસાથે એ પણ અપેક્ષા રાખવી અસ્થાને નહીં ગણાય કે કોઈપણ ધર્મ કે સમૂદાય વિશે ફેલાવવામાં આવતી ગેરસમજોથી દોરવાઈ ન જતાં જે તે ધર્મ કે સમૂદાયના મૂળભૂત સ્ત્રોત તરફ દૃષ્ટિપાત કરી પોતાનો સાચો મત નિર્ધારિત કરવામાં આવે. તો જ આ ભાતિગળ અને બહુધર્મી સમાજમાં આપણે બિનપક્ષપાતી રહી પોતાનું સાચું યોગદાન અર્પી શકીશું.

-- પ્રકાશક

ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, અહમદઆબાદ.

بسم الله الرحمن الرحيم

(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

પ્રાકથ્થન

આતંકવાદ કે ત્રાસવાદ શું છે ? આ અપરાધનું આચરણ કોણ કરે છે ? શું કેટલાક લોકો, માનવજૂથો, સંસ્થાઓ અને સંગઠનો જ કે પછી કોમો, હકૂમતો કે વંશીય, ભાષાકીય અને સાંસ્કૃતિક શ્રેષ્ઠતાના દાવેદાર માનવ સમૂદાયો અને રાજ્ય વ્યવસ્થાઓ ?

૧૧ સપ્ટેમ્બરના રોજની ન્યૂયોર્ક અને વૉશિંગ્ટનની ઘટનાઓ પછી પશ્ચિમી દુનિયાના વિવિધ જૂથો આતંકવાદ અને મુસલમાનોમાં ખાસ સંબંધ સાબિત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક નિષ્ઠુર અને અન્યાયી લોકો તેનો સંબંધ ઇસ્લામ સાથે પણ જોડી દે છે. જો કે પશ્ચિમ અને પૂર્વના સત્તાધીશો, રાજકીય નેતાઓ અને ચિંતકો-બુદ્ધિજીવીઓ આ આક્ષેપનો ઈન્કાર કરી ચૂક્યા છે અને ઇસ્લામને સલામતિનો દીન (ધર્મ) કબુલ કરેલ છે. તેમ છતાં હજુ પણ કેટલાક ઉદ્ધત અને અનિષ્ટ જૂથો અને પ્રસાર માધ્યમો આ જુના પ્રચારમાં લાગેલા છે.

પ્રસ્તુત પુસ્તકમાં સમયના આવા જ મહત્વના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તક આતંકવાદના વિવિધ સ્વરૂપો વિશે ઇસ્લામનો શું દૃષ્ટિકોણ છે તેને સ્પષ્ટ કરે છે. કઈ મર્યાદાઓ અને કઈ શરતોને આધીન શક્તિ અને શસ્ત્રોનો ઉપયોગ, કઈ પરિસ્થિતિમાં વાજબી છે તેને વિસ્તારપૂર્વક દર્શાવે છે. વિવિધ દેશોમાં મુસલમાનો પોતાના કાયદેસર અને યોગ્ય હક્કો અને અધિકારો માટે સંઘર્ષ કરી રહ્યા છે, કે પછી ઇસ્લામના પુનરુત્થાન માટે પ્રયત્નો કરી રહ્યા છે તે સંદર્ભે ઊભા થતાં બધાં પ્રશ્નો વિશે પણ આ પુસ્તક પ્રતિરોધ કરે છે. અપેક્ષા છે કે આ પુસ્તકના અધ્યયન પછી સત્યવાંચ્છુક મહાનુભાવોને ઇસ્લામનો દૃષ્ટિકોણ સમજવામાં કોઈ મુશ્કેલી નહીં રહે.

પુસ્તકના લેખક મુફતી મુહમ્મદ મુશ્તાક તિજારવી 'સેન્ટર ફોર રિલીજીયસ સ્ટડી ઍન્ડ ગાઈડન્સ (CRSG) અલીગઢ' ના આદરણીય સાથી છે. પુસ્તકના સંપાદનમાં જે મહેનત અને સંશોધન તેઓએ કરેલ છે, તે બાબત દુનિયામાં વાચકોના અભિનંદનને પાત્ર છે અને આખિરત (પરલોક)માં ઈન્શાઅલ્લાહ મહાન બદલાના અધિકારી છે.

૧, ઓક્ટોબર ૨૦૦૧.

ડૉ. મુહમ્મદ અબ્દુલહક્ક અન્સારી
ડાયરેકટર,
CRSG, અલીગઢ.

આતંકવાદ શું છે ?

આતંકવાદ કે ત્રાસવાદ એ એવો શબ્દ છે, જેનો અર્થ, તેનું અર્થઘટન તેમજ વ્યવહારૂ સુસંગતતાનો ઘટનાક્રમ ઘણો ગુંચવણભર્યો છે. આ સંદર્ભે ભાષાકીય રીતે કોઈ ચોક્કસ માર્ગદર્શન મળી શકતું નથી. સામાન્ય રીતે આ એક ભિન્ન પ્રકારની પરિભાષા છે. એક કાર્ય કોઈના માટે આતંકવાદ છે તો કોઈ અન્ય માટે દેશપ્રેમ, કોઈ તેને ધાર્મિક ફરજ ગણે છે તો કોઈ ગુનો.

જો તેનો અર્થ માત્ર ભય અને આતંક જ ફેલાવવાનો હોત તો તેની વ્યાખ્યા કદાચિત આટલી મુશ્કેલ ન હોત. તેની વ્યાખ્યામાં સામાન્ય રીતે ઐતિહાસિક ઘટનાઓ, રાજકીય મર્યાદાઓ અને ક્યારેક પારંપારિક અને સાંસ્કૃતિક વારસાની અવગણના કરી શકાતી નથી તેથી તેના અર્થઘટનમાં પ્રતિનિધિત્ત્વનો અભાવ છે અને તેથી જ તેની વ્યાખ્યા મુશ્કેલ છે. લંડનના એક સમાચારપત્ર 'અલકુદ્દુસ' ના ૨૩ ફેબ્રુઆરી, ૧૯૯૮ના અંકમાં જિહાદ (ધર્મયુદ્ધ) વિશે એક ફતવો (ધાર્મિક આદેશ) પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ફતવા વિશે સમાચારપત્ર તરફથી એક નોંધ હતી કે આ ફતવો ઉસામા બિન લાદેન અને ઈજીપ્ત, પાકિસ્તાન અને બાંગ્લાદેશના ઇસ્લામી લશ્કરી જૂથોના નેતાઓની સહીઓથી સદર સમાચારપત્રને ફેક્સ કરવામાં આવ્યો છે. આ ફતવામાં યહૂદીઓ અને ખ્રિસ્તીઓ વિરૂદ્ધ જિહાદની વાત કહેવામાં આવી છે. જો કે પ્રથમ દ્રષ્ટિએ તેનું પ્રમાણભૂત હોવું શંકાસ્પદ છે. તેમ છતાં કટ્ટર પશ્ચિમવાદી, પૂર્વીય દેશોના ઈતિહાસના નિષ્ણાત તથા પૂર્વ અને પશ્ચિમના સંબંધોના વિષયે અનેક પુસ્તકોના લેખક બર્નાર્ડ લેવિસે પ્રસિદ્ધ અમેરિકી વર્તમાનપત્ર Foreign Affairs ના નવે.-ડિસે. ૧૯૯૮ની આવૃત્તિમાં સમીક્ષા કરતાં વાચકોને એ યાદ દેવડાવવાનો પ્રયત્ન કર્યો છે કે ખૈબરના યહૂદીઓ અને નજરાનના ખ્રિસ્તીઓનો હઝરત ઉમર (રદિ.)ના આદેશથી દેશનિકાલ કરવામાં આવ્યો. જો કે આ બંને સમૂદાયો પોતાની રહેણીકરણી અને રીતભાતમાં આરબ હતા તેમજ ઘણા વર્ષોથી અરબસ્તાનમાં વસવાટ કરતા હતા. બર્નાર્ડ લેવિસે તેનો પણ ઉલ્લેખ કર્યો છે કે સુલતાન સલાહુદ્દીન ઐયુબીએ ઉદારમતવાદી હોવા છતાં રેનોલ્ડને કતલ કરી નાંખ્યો, સાથેસાથે તેનો પણ સ્વીકાર કર્યો છે કે રેનોલ્ડ સશસ્ત્ર કાફલાઓ લૂંટતો હતો અને તેણે બે વખત મક્કા ઉપર હુમલો કર્યો હતો. આ ઘટનાઓનો ઉલ્લેખ કરતાં બર્નાર્ડ લેવિસને એ યાદ ન આવ્યું કે જે સમયે ખ્રિસ્તીઓએ બૈતુલમુકદ્દસ પર વિજય મેળવ્યો ત્યારે સિત્તેર હજાર મુસલમાનોના માથાં મસ્જિદે અક્સાના પ્રાંગણમાં કતલ કરી નાખવામાં આવ્યા હતા.

અર્થ અને અર્થઘટન :

આતંકવાદનો અંગ્રેજી સમાનાર્થી Terrorism, Terror થાય છે. જે લેટિન ભાષાના મૂળ Terror થી લેવામાં આવ્યો છે. જેનો અર્થ આતંકિત કરવાનો, ભયભીત કરવાનો થાય છે. ભય અને ડર પેદા કરવાને Terror કહે છે. Terrorism એ પારિભાષિક શબ્દ છે. ભાષાના પુસ્તકોમાં તેનો ચોક્કસ અર્થ મળતો નથી. જો કે તેનાં જે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યા છે, તેમાં બે સ્પષ્ટીકરણ વધુ મહત્ત્વના છે. પ્રથમ, આતંકિત કરવું - ભયભીત કરવું, રાજકીય પ્રપંચ અને જાતિ મુજબ કોઈ સમૂદાય કે જૂથને તાબે કરવા - પરાધિન કરવા માટે ધમકાવવું - ડરાવવું; અને બીજું, શાંતિપ્રિય લોકો વિરૂદ્ધ રાજકીય હેતુઓ માટે અત્યાચાર કરવો.

આતંકવાદનું કોઈ ચોક્કસ અર્થઘટન ન થઈ શકવાનું કારણ તો એ છે કે મૂળ આ શબ્દ પત્રકારિતાની ભાષાથી સંબંધ ધરાવે છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે માધ્યમોમાં થાય છે, કાનૂનમાં નહિં. તેના ઉપયોગ પાછળ મહદ્અંશે રાજકીય આશય કાર્યરત હોય છે. તેથી તેનો કોઈ સૈદ્ધાંતિક અને કાનૂની અર્થ નથી થઈ શકતો. Encyclopeadia of World Terrorism ના લેખકે લખ્યું છે કે શબ્દકોષમાં Terror નો અર્થ તો મળે છે, પરંતુ Terrorism નો અર્થ મળવો મુશ્કેલ છે. આ સમાસનો સૌપ્રથમ ઉપયોગ ફ્રાંસની ક્રાંતિ વખતે એકબીજાને દોષિત ઠેરવવા અને ગાળો ભાંડવા થયો હતો. ટૂંકમાં, તેનો પ્રથમ ઉપયોગ અપશબ્દ તરીકે થયો હતો અને દુશ્નામ કે અપશબ્દનો શાબ્દિક અર્થ 'શોધવું' અને 'નિરર્થક' થાય છે. Encyclopeadia Britanica ના લેખકે તેનો અર્થ આ મુજબ કર્યો છે.

''A systematic use of Terror or unpredictable violence against governments, public or individuals to attain a political objective.''

આતંકવાદ એટલે ''રાજકીય લક્ષ્યો સિદ્ધ કરવા માટે સરકાર, પ્રજાસમૂહ કે કોઈ વ્યક્તિના વિરૂદ્ધ યોજનાબદ્ધ રીતે ભય અને આતંક ફેલાવવો કે અત્યાચારની અવિચારી પદ્ધતિઓનો અચાનક ઉપયોગ કરવો.''

તેના અર્થમાં આતંકવાદને 'રાજકીય ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે કરવામાં આવેલ હોય' ની સાથે જોડવામાં આવેલ છે. અમેરિકાના ઑકલાહોમા શહેરમાં થયેલ ધડાકો તેનું ઉદાહરણ છે. જેમાં આશરે બસો વ્યક્તિઓ જીવતી દટાઈ ગઈ હતી. આ અત્યંત ધૃણાસ્પદ કૃત્ય અમેરિકાના એક ખ્રિસ્તી સૈનિકે આચર્યું હતું, જેનો આશય આતંક ફેલાવવા સિવાય અન્ય કોઈ ન હતો. સંશોધનોથી પ્રાપ્ત માહિતિ અનુસાર આવા કૃત્યો આચરનાર લાખો લોકો અમેરિકાના ૩૦ પ્રદેશોમાં સક્રિય છે અને હેતુવિહિન આતંક મચાવતાં રહે છે. FBI ના અહેવાલ મુજબ

૧૯૮૨ થી ૧૯૯૨ દરમિયાન Puerto Ricans ગ્રુપે ૭૨ આતંકવાદી કૃત્યો આચર્યા છે. યહૂદી જૂથોએ ૧૬, કાસ્તર અને વિરોધી જૂથોએ ૧૨, વામપંથી જૂથોના આતંકવાદીઓએ ૧૨૩ અને જમણેરી જૂથોના આતંકવાદીઓએ ૬ હુમલાઓ કર્યા છે.

જાપાનનું રેડ આર્મી એક એવું સંગઠન છે, જે ૧૯૪૫માં અમેરિકા દ્વારા કરવામાં આવેલ અણુહુમલામાં માર્યા ગયેલા ૭૨૦૦૦ જાપાનીઓનો બદલો લેવા માટે કંઈપણ કરી નાખવા હંમેશા તૈયાર હોય છે. અમેરિકાના ન્યૂયોર્ક અને વૉશિંગ્ટન ઉપર થયેલા તાજેતરના હુમલામાં શંકા તો માત્ર ઉસામા બિન લાદેન ઉપર જ છે, પરંતુ FBI એ અન્ય બીજી એજન્સીઓની સંડોવણી અંગે પણ તપાસ કરી હતી. તેમાં રેડ આર્મી પણ હોય તો આશ્ચર્ય નથી. યહૂદીઓ પછી જો કોઈ સમૂદાય આવી મોટી અને યોજનાબદ્ધ દુર્ઘટનાને આચરવા સમર્થ હોય તો તે જાપાની સમૂદાય જ છે. તેનાથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે આતંકવાદને રાજકારણથી જોડવું કંઈ યથાર્થ અને યોગ્ય નથી.

બ્રિટનની એક પત્રકાર Victoria Schofield એ આ શબ્દનો અર્થ દર્શાવતાં નોંધ્યું છે કે 'શાબ્દિક રીતે તેનો અર્થ છે, કોઈ હકૂમતને ખતમ કરવા અત્યાચારનો ઉપયોગ કરવો.' તેણે બીજો અર્થ એ દર્શાવ્યો છે કે 'પ્રજાને ડરાવી-ધમકાવીને તેની મરજી વિરૂદ્ધ તેના પર શાસન કરવું.' પરંતુ આ અર્થ અપૂર્ણ છે. ઉપરોક્ત પ્રથમ યુદ્ધની વ્યાખ્યા તો હોઈ શકે છે પરંતુ આતંકવાદની નહિં, અને યુદ્ધ માટે જરૂરી પણ નથી કે તે આતંકવાદ હોય; બલ્કે તે આતંકવાદ વિરૂદ્ધ પણ હોઈ શકે છે. બીજી વ્યાખ્યા છે તે વધુમાં વધુ રાજકીય આતંકવાદની હોઈ શકે છે, જ્યારે કે તેના ઘણાં પ્રસંગો અને પૂરાવાઓ પણ છે.

Encyclopeadia of World Terrorism ના લેખકે ફૂલસ્કેપ કાગળના અગિયાર પાનાંઓ માત્ર આ શબ્દની વ્યાખ્યા પ્રસ્તુત કરવામાં લખ્યા છે. તેમણે તેના અર્થની સ્પષ્ટતા કરવા માટે ચાર જૂથો તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. (૧) શૈક્ષણિક કે સાક્ષર-Academics (૨) જ્ઞાનીઓ અને બૌદ્ધિકો (૩) હકૂમતો (૪) પ્રજા અને આતંકવાદીઓ. Academic Terrorism કે બૌદ્ધિકોનો દૃષ્ટિકોણ એ છે કે;

''Terrorism is an anxiety inspiring method of repeated violant action, empoyed by (sem) clandestine individual4 group or state actors for idiosyncretic4 criminal or political reasons4 whereby - in contrast to assassination - the direct targets of violence are not the main targets. The immediate human victims of violence are generally chosen randomly or selsctively from a target

population, and serve as massage generators. Threat and violence based communication processes between terrorist, victims and main targets are used to manipulate the main targets, turning it into a target or terror, a target of demands, or a target of attention, depanding on whether intimidatation coercion or propaganda is primarily sought.'' (Encyclopeadia of World Terrorism, Vol.I.P. 18)

''વ્યક્તિગત કે સામૂહિક કે શાસન દ્વારા ગુપ્ત રીતે કે ખૂલ્લેઆમ વ્યક્તિગત અહમ્ અને સ્વાર્થની પુષ્ટિ માટે કે ગુનાહિત આશયથી કે રાજકીય હેતુઓની પૂર્તિ માટે વારંવાર આચરાતાં અત્યાચારપૂર્ણ કૃત્યથી ભય અને ડર પેદા કરવો એ આતંકવાદ છે; પરિણામે જે ખૂનામરકી થાય છે તેમાં પ્રત્યક્ષ અત્યાચારના જે લોકો ભોગ બને છે તે અસલ નિશાન ન પણ હોય. જે લોકોને અસલ નિશાન બનાવવાના હોય તેમાંથી આ અત્યાચારપૂર્ણ કૃત્યના તાત્કાલિક ભોગ બને છે તેઓને અડસટ્ટે કે સુનિયોજીત રીતે પસંદ કરવામાં આવે છે અને આ દુર્ઘટનાને ચોતરફ પ્રસરાવવા માટે ઉપયોગમાં લેવાય છે. આતંક અને અત્યાચાર પર આધારિત આ માહિતિ આતંકવાદી અત્યાચારનો ભોગ બનનારાઓ અને મુખ્ય લક્ષ્ય જેઓ છે તેઓના દરમિયાન પ્રસરતી રહે છે અને આ પ્રક્રિયાનો ઉદ્દેશ્ય ભય અને આતંક ફેલાવવાનો કે પછી કોઈ માંગણી કે ધ્યાન આકર્ષિત કરાવવાનો હોઈ શકે છે. તેનો આધાર એ બાબત ઉપર હોય છે કે અત્યાચાર કરવાનો હેતુ ભય અને આતંક ફેલાવવાનો છે કે મજબૂર કરવાનો કે પછી માત્ર પ્રચાર કરવાનો છે.''

આ સંદર્ભમાં શાસન કે સત્તાનું વલણ સ્પષ્ટ નથી અને કદાચ શાસન પોતાનું વલણ સ્પષ્ટ કરવા પણ માંગતું નથી. તેનો અંદાજ એ રીતે પણ આવી શકે છે કે ઈ.સ. ૧૯૭૭ માં યુરોપના દેશોનું એક સંમેલન આતંકવાદના વિષયે મળ્યું. પરંતુ તેમાં આતંકવાદની કોઈ વ્યાખ્યા કરવામાં જ ન આવી અને આવાં કૃત્યો આચરનારને આતંકવાદી કહેવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૮૫ માં પશ્ચિમ જર્મનીએ સરકારી રીતે આ વ્યાખ્યા આપી કે, 'રાજકીય હેતુસર અત્યાચારપૂર્ણ કૃત્યો કરવા, જેમાં લોકોના જાન-માલ ઉપર હુમલો, કતલ, વંશહત્યા, અપહરણ અને બોંબ ધડાકાઓ સામેલ હોય.'

ઈ. સ. ૧૯૮૦ માં અમેરિકાની CIA એ આતંકવાદની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે :

''The threat or use of violence for political purposes by individuals or groups, whether to or in opposition to established government authority. When such actions are intended to shock or

intimidate a long group wider then the immediate victims.''
(Encyclopaedia of World Terrorism)

''કોઈ વ્યક્તિ દ્વારા કે જૂથ દ્વારા રાજકીય હેતુસર તત્કાલિન શાસન વિરૂદ્ધ કે તરફેણ માટે ભય અને આતંક કે અત્યાચારનો ઉપયોગ કરવો. જો કે આવાં કૃત્યોનો મૂળ આશય પ્રત્યક્ષ ભોગ બનેલાઓ કરતાં અસલ મોટાં જૂથને આંચકો આપવાનો કે ધાક બેસાડવાનો હોય છે.'' (Encyclopeadia of World Terrorism, Vol. I, P. 18)

બ્રિટનની સરકારે ઈ.સ. ૧૯૭૪ માં આતંકવાદની વ્યાખ્યા આ પ્રમાણે કરી હતી.

''For the purposes of the legislation, terrorism is the use of violence for political ends and includes any use of violence for the purposes of putting the public, or any section of public, in war.''

''કાયદાની દૃષ્ટિએ આતંકવાદ નામ છે રાજકીય હેતુસર અત્યાચારનો ઉપયોગ કરવો, જેમાં પ્રજાને અથવા પ્રજામાંથી અમુક હિસ્સાને ક્રૂરતાના ઉપયોગ દ્વારા ભયભીત કરીને આતંકિત કરવાનો સમાવેશ થાય છે.''

આ પ્રકારે ઘણાં અર્થ કેટલાક અન્ય દેશોએ પણ કર્યા છે. અમેરિકામાં જ FBI એ બીજી રીતે પણ તેની વ્યાખ્યા કરી છે. આ તમામ વ્યાખ્યાઓ અને અર્થોમાં 'રાજકીય હેતુની પૂર્તિ' ચાવીરૂપ અને મહત્વની બાબત છે. એવું પ્રતિત થાય છે કે રાજકીય હેતુસર આતંકવાદનો ઉપયોગ એક એવું કૃત્ય છે, જેને તત્કાલિન શાસને આતંકવાદના અન્ય પ્રકારોની તુલનામાં હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ.

લેખકે ત્રીજું માધ્યમ પ્રજામતને ગણ્યું છે. જો કે પ્રજામત અંતર્ગત માત્ર પ્રસાર માધ્યમોમાં આતંકવાદના ઉપયોગનો સમાવેશ કર્યો છે. લેખકના મત મુજબ મિડીયામાં જે તે ગુન્હાઓ માટે આતંકવાદના ઉપયોગનું પ્રમાણ નીચે મુજબ છે.

બાનમાં લેવું..... ૮૦%, કતલ કરવું કે કરાવવું.....૭૦%,
બોંબ ધડાકા કરવા.....૭૫%, અપહરણ કરવું..... ૭૦%,
પોતાની વાત મનાવવા વિમાનનું અપહરણ કરવું..... ૭૦%,
ગેરિલા યુદ્ધ..... ૬૫%, સબુતાઝ કરવું.....૬૦%,
ઈજા પહોંચાડવી..... ૪૫%

ઉપર મુજબ પ્રમાણ દર્શાવીને લેખક વિશ્લેષણ કરતાં લખે છે કે આ ગુન્હાઓને સામાન્ય રીતે આતંકવાદ લેખવામાં આવે છે. જો કે આ ગુન્હાઓ એ રીતે પણ આચરવામાં આવે છે જેથી તેને આતંકવાદ ન ગણી શકાય. જેમ કે ધન માટે પૈસાદાર વ્યક્તિ કે તેનાથી

સંબંધિત વ્યક્તિનું અપહરણ કરવું. આ અપહરણને આતંકવાદ ન ગણી શકાય. તે જ રીતે કોઈ વિમાનનું અપહરણ નાસી જવા માટે કરવામાં આવે તો તેને આતંકવાદ ન કહી શકાય.

લેખકે પોતે આતંકવાદીઓના અભિપ્રાયો રજુ કર્યા છે.

"It is clear that so-called terrorism is the logical and just resistance of the people against state terrorism, capitalism, racism, sexism and imperialism."

"એ સ્પષ્ટ છે કે આતંકવાદ જેને કહેવાય છે તે તાર્કિક છે અને ખરેખર તો શાસન પ્રેરીત આતંકવાદ મૂડીવાદ, જાતિવાદ, જાતીય સ્વચ્છંદતા અને સામ્રાજ્યવાદ વિરૂદ્ધ પ્રજાનો પ્રતિકાર અને પ્રતિરોધ છે."

જે હોય તે, પણ લેખક એ બાબતનો સ્વીકાર કરે છે કે તેની પરિપૂર્ણ અને અર્થસભર વ્યાખ્યા હજુ બાકી છે. તે પહેલા કેટલાંક ચાવીરૂપ પ્રશ્નોના ઉત્તરો પણ જરૂરી છે. ઉદાહરણ તરીકે કોઈ બળપૂર્વક કોઈ પ્રદેશ ઉપર કબજો કરી લે છે. આ શક્તિ સામે પરાધીન લોકો જો બળનો ઉપયોગ કરે તો તેઓ કયા સમૂહમાં ગણાશે? ઉદાહરણરૂપે પેલેસ્ટાઈન ઉપર યહૂદીઓનો કબજો તદ્દન ગેરકાયદેસર છે. જો પેલેસ્ટાઈનવાસીઓ યહૂદીઓ વિરૂદ્ધ બાનમાં રાખવાની પદ્ધતિ અપનાવે, ધડાકાઓ કરે કે માનવ બોંબનો ઉપયોગ કરે તો શું તેને આતંકવાદ કહેવાશે ? શું યહૂદીઓની વારંવારની મોરચાબંધી તથા જૂલ્મ અને અત્યાચારનો આતંકવાદમાં સમાવેશ નહીં થાય ? તે જ પ્રમાણે અમેરિકાએ વિયેતનામમાં ૩૩ લાખ નિવાસીઓને મોતને ઘાટ ઉતારી દીધાં; જો તેઓ અમેરિકા વિરૂદ્ધ કોઈ પ્રતિક્રિયા કરે તો શું તે આતંકવાદ હશે ? શું અમેરિકા દ્વારા પ્રજાની ખૂનામરકી આ જ જૂથમાં સામેલ કરાશે ?

અમેરિકાએ ઈરાન વિરૂદ્ધ ત્રણ વાર બોંબવર્ષા કરી અને ત્યાંના સંસદભવનને ઉડાવી દેવામાં આવ્યું. એક વખતે એક વહાણ - જેમાં ૫૦૦ મુસાફરો હતા - ઉપર હુમલો કરીને તબાહ કરી દીધું. શું આ આતંકવાદ નથી ? તે જ પ્રમાણે અમેરિકાએ માત્ર સંભાવનાઓના આધારે અનેક દેશો ઉપર હુમલાઓ કર્યા છે, શું તે આતંકવાદ નથી ? તે ઉપરાંત, વિવિધ દેશોમાં સ્વતંત્રતા સંગ્રામના નેતાઓ પ્રારંભમાં આતંકવાદીઓ કહેવાતા હતા, ત્યારબાદ તેઓ જ કોમના નાયકો બની જાય છે. તેઓને કયા સમૂહમાં રાખવામાં આવશે ?

આ ચર્ચાથી આતંકવાદના વિવિધ પ્રકારો સામે આવે છે. તે વ્યક્તિગત પણ હોય છે. જેમ કે કોઈ વ્યક્તિ પોતાના નઠારાં ઈરાદાઓ પૂરા કરવા ભય અને આતંકનો માહોલ પેદા કરી દે. તેનો એક સ્પષ્ટ દાખલો અમેરિકાના શહેર ઑકલાહોમાની ઘટના છે; જેમાં એક અમેરિકને જ બોંબ ધડાકાઓ કરીને ૨૦૦ વ્યક્તિઓને ખતમ કરી નાંખી, કે પછી પેલેસ્ટાઈનમાં

મસ્જિદે ખલીલુલ્લાહનો પ્રસંગ, જ્યાં કેટલાક યહૂદીઓએ નમાઝ પઢવાવાળાઓ ઉપર બેફામ ગોળીબાર કર્યો. દક્ષિણ ભારતનો ચંદનનો દાણચોર વિરપ્પન પણ આ જ જૂથમાં સામેલ છે, જેણે ૧૫૦ જેટલા લોકોને કતલ કર્યા છે. આતંકવાદ ક્યારેક રાજકીય હોય છે; જેમ કે અરાકાન પ્રદેશના મુસલમાનો વિરૂદ્ધ બર્માના શાસનની લશ્કરી કાર્યવાહી તેમજ ચેચેન્યા સામે રશિયાની કાર્યવાહી. આતંકવાદ ક્યારેક વંશીય હોય છે; જેમ કે ફિજીમાં હિંદુસ્તાની નસ્લના લોકો સામે મૂળ નિવાસીઓનું દમન કે ઑસ્ટ્રિયામાં બિનઆર્યન વિરૂદ્ધ કે પેલેસ્ટાઈનમાં મૂળ નિવાસીઓ-આરબો અને ખ્રિસ્તીઓ વિરૂદ્ધ યહૂદીઓની ફૌજી કાર્યવાહી.

આતંકવાદનો એક ત્રીજો પ્રકાર એ છે, જે ધાર્મિક મતભેદોના આધાર પર છે. દાખલા તરીકે બોસ્નીયા વિરૂદ્ધ સર્બીયાના ખ્રિસ્તી નિવાસીઓ દ્વારા વંશહત્યાઓનો પ્રયત્ન. આતંકવાદનો એક આધાર રંગ-વર્ણભેદ પણ છે, જેમ કે અમેરિકામાં કાળાઓ ઉપર ગોરાઓનો અત્યાચાર.

આતંકવાદ બે દેશો વચ્ચે પણ હોઈ શકે છે. જેમ કે આર્યલેન્ડ અને બ્રિટનના વચ્ચે, કે પછી વિયેતનામ અને અમેરિકા વચ્ચે. આતંકવાદ બે માનવજૂથો દરમિયાન પણ હોઈ શકે છે. જેમ કે પેલેસ્ટાઈન અને ઈઝરાઈલ દરમિયાન. એક જ ધર્મના બે સંપ્રદાયો વચ્ચે પણ હોઈ શકે છે. દાખલા તરીકે ઉત્તર આર્યલેન્ડના કેથોલીક અને પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયો વચ્ચે. આતંકવાદ આંતરિક પણ સંભવિત છે, જેમ કે કોઈ શાસન વિરૂદ્ધ તેની પ્રજાનો સશસ્ત્ર સંઘર્ષ. (તર્જુમાનુલ કુર્આન, જૂન ૧૯૯૫)

ઈસ્લામી આતંકવાદ ?

આતંકવાદથી સંબંધિત આ કેટલીક બુનિયાદી બાબતો હતી. તેમાંથી કેટલીક બાબતો એવી છે, જેની નિશાનીઓ ભૂતકાળના ધુમ્મસમાં ગુમ થઈ ગઈ છે અને કેટલીક એવી છે, જેના ઉપર દરેક નવિન સૂર્ય એક નવો ઓપ આપે છે. આ બધામાં સૌથી મહત્વની સમસ્યા ધાર્મિક આતંકવાદની છે. ધાર્મિક આતંકવાદ ખરેખર તો યુરોપની જ સમસ્યા રહી છે અને મહદ્‌અંશે ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયો દરમિયાન રહી છે. પરંતુ આજે ધાર્મિક આતંકવાદનો અર્થ 'ઈસ્લામી આતંકવાદ' કરવામાં આવે છે. જ્યારે હકીકત એ છે કે ઈસ્લામમાં આતંકવાદને કોઈ સ્થાન જ નથી. તે તો શાંતિ અને સલામતિનો ધ્વજવાહક છે અને તેને જ પોતાના મિશનનું માધ્યમ બનાવે છે. પશ્ચિમી દેશો પોતે પણ એકમત નથી કે ઈસ્લામ વાસ્તવમાં વૈશ્વિક ખતરો છે. ઘણાં પશ્ચિમી બુદ્ધિજીવીઓ તેને માત્ર ભ્રમ માને છે. તેમ છતાં સામાન્ય બિનમુસ્લિમોના માનસમાં જે માન્યતા ઘર કરી ગઈ છે અને પ્રસાર-માધ્યમો જેનો સતત પ્રચાર કરે છે, તે એ છે કે ઈસ્લામ એક જબરદસ્ત ખતરો છે તથા ઈસ્લામી દુનિયા અને પશ્ચિમી દુનિયા વચ્ચે નજીકના

ભવિષ્યમાં ભયાનક યુદ્ધ થવાનું છે. આ પ્રકારની માનસિકતા તૈયાર કરવામાં એક વિશેષ જૂથના લોકોએ ખાસ ભાગ ભજવ્યો છે. વધુમાં, આ જૂથને વૈશ્વિક માધ્યમોનો સહકાર પ્રાપ્ત છે. પરિણામે તેઓની કલમથી નીકળેલા શબ્દો વાસ્તવિકતાનું ચિત્રણ હોય કે તેમના મનમાં ઊભા થયેલા તરંગો-સમગ્ર વિશ્વમાં પોતાની અસરો પેદા કરી દે છે. ક્યારેક તાર્કિક દલીલો દ્વારા તો ક્યારેક ખાસ ઘટનાઓને સર્વગ્રાહ્ય કે સાર્વત્રિક બનાવીને, ક્યારેક ફિલસુફીયુક્ત દલીલો દ્વારા તો ક્યારેક માત્ર વાકપટુતા અને પત્રકારત્વના માધ્યમથી એ દૃષ્ટિકોણને પ્રચારિત કરવામાં આવે છે કે ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ હંમેશાથી એક-બીજાના પ્રતિસ્પર્ધી છે.

ઈરાન એક નાનો દેશ છે, જે પોતે જ પોતાની સમસ્યાઓમાં ગળાડૂબ છે. તેના વિશે અમેરિકાના વિદેશપ્રધાને પોતાનો અભિપ્રાય આ રીતે રજૂ કર્યો છે.

''Iran is the formost state sponsor of terrorism in the world.'' (Fawaz A. Gerges : America and Political Islams, Cambridge Univercity Press-1999, P.-45)

"વિશ્વમાં આતંકવાદનો સૌથી મોટો પ્રવર્તક ઈરાન છે."

ગમે તે હોય, આ બાબત તપાસ માંગી લે તેવી છે કે ઈરાન કેવી રીતે આતંકવાદનો આશ્રયદાતા છે. તે જ રીતે વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ધડાકો થયો ત્યારે અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશની ટીકા થઈ; જેના સંદર્ભે કહેવામાં આવ્યું કે જે કંઈ પણ થયું, મધ્ય એશિયામાં વધતું આતંકવાદનું જોર, ખાસ કરીને લેબેનોનમાં હિઝબુલ્લાહ દ્વારા આતંકવાદનો પડઘો છે અને આ બધું એટલા માટે થાય છે કે અમેરિકી પ્રમુખ મધ્ય એશિયામાં આતંકવાદને નાથવામાં નિષ્ફળ રહ્યા છે. (America and Political Isalm, P/ 47)

ઇસ્લામી દુનિયા અણુશક્તિથી વંચિત છે. વૈશ્વિક સ્તરે અણુયુગના વિશિષ્ટ કારણો છે, જેનો ઇસ્લામ સાથે કોઈ સંબંધ નથી. જે દેશો પાસે અણુશક્તિ છે, તે બધાં મહદ્અંશે ઇસ્લામ વિરૂદ્ધ વલણ ધરાવે છે. પરંતુ હેન્ટીન્ગને અમેરિકામાં આંકડાઓના પ્રકાશમાં એ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે પશ્ચિમમાં અણુશક્તિ પ્રાપ્ત કરવાની દોડનું મુખ્ય કારણ ઇસ્લામ છે. તેણે નોંધ્યું છે કે,

"પશ્ચિમમાં પરમાણુ શક્તિમાં વધારાનું, આતંકવાદ અને યુરોપમાં વધતી અનિચ્છનીય હિજરતનું કારણ ઇસ્લામ છે." (Clash of Civilization P. 215)

અફઘાનીસ્તાન પોતાની ખરાબ પરિસ્થિતિના અંતિમ સ્થાને છે. પરંતુ માધ્યમોએ તેના આતંકવાદનો એવો ભ્રમ પેદા કર્યો છે કે સમગ્ર વિશ્વ તેનાથી ભયભીત અને ધ્રુજી ગયેલ છે. આ છબીની પાછળ તેઓના ભલા કામોને પણ છૂપાવી દેવામાં આવ્યા છે. જેમ કે હશીશની

ખેતી, જેનાથી સમસ્ત માનવતાને નુકસાન પહોંચી રહ્યું હતું - તે તાલિબાન સરકારે પ્રતિબંધિત કરી દીધી હતી. અફઘાનીસ્તાનના નાગરિકથી સંબંધિત કોઈ કાલ્પનિક બયાન માધ્યમોને મળી જતું તો સમગ્ર વિશ્વના સમાચારપત્રો અને પ્રસાર માધ્યમો તેને ચોતરફ ફેલાવી દેતાં અને જ્યારે તે તેનો રદીયો આપે કે ઈન્કાર કરે તો તેને મોટાભાગે સમાચારપત્રોમાં સ્થાન આપવામાં ન આવતું અને જો આપવામાં આવે તો એવા સ્થાને જ્યાં મોટાભાગે કોઈની નજર પણ ન પડે.

૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ અમેરિકી વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ધડાકા પછી ઉસામા બિન લાદેન તરફ શંકાની નજર ઉઠાવવામાં આવી. અમેરિકાએ તાલિબાનો વિરૂદ્ધ ચોતરફથી દબાણ શરૂ કર્યું. તાલિબાનોનો દૃષ્ટિકોણ એ છે કે ઉસામા આ બોંબધડાકામાં સંડોવાયેલ નથી. જો અમેરિકા તેને સંડોવાયેલો માને છે તો તે નક્કર અને સ્પષ્ટ પૂરાવાઓ રજૂ કરે અને એ પણ કે જો અમેરિકા ઉસામા ઉપર મુકદ્દમો ચલાવવા માંગે તો કોઈપણ બિનપક્ષપાતી દેશમાં મુકદ્દમો ચલાવે, ન્યાયાલય જે ચૂકાદો આપશે તેનો સ્વીકાર કરવામાં આવશે. પરંતુ અમેરિકાને આ બધું અસ્વીકાર્ય છે. તેને ગમે તે રીતે જીવતો કે મૃત ઉસામા જોઈએ.

અનુષંગી - સમાનાર્થી શબ્દો :

ઈસ્લામી આતંકવાદનો ભ્રમ વિવિધ માધ્યમો દ્વારા મનોમસ્તિષ્કમાં ઠસાવવા માટે પશ્ચિમી બુદ્ધિજીવીઓએ જે પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે, તેમાંથી એક રીત આ શબ્દના અનુષંગી કે સમાનાર્થી શબ્દો છે. આ સમાનાર્થી શબ્દો શાબ્દિક અર્થમાં સમાનાર્થી નથી, પરંતુ પશ્ચિમના ચતુર પત્રકારોની મગજની ઉપજ છે. તેઓ કાલ્પનિક ઈસ્લામી આતંકવાદના પર્યાયની જેમ તેનો ઉપયોગ કરે છે.

આ સમાનાર્થી શબ્દોમાં સૌપથમ રૂઢિવાદ-Fundamentalism છે.

Fundamentalism - રૂઢિવાદ :

રૂઢિવાદ ઐતિહાસિક રીતે પશ્ચિમનું પ્રદાન છે. પશ્ચિમમાં ખ્રિસ્તી રૂઢિવાદ અને સ્વતંત્ર વૈચારિક જૂથ દરમિયાન સંઘર્ષ થયો. ઈસ્લામમાં આ પ્રકારનો સંગ્રામ ક્યારેય થયો નથી. તેથી ઈસ્લામમાં આ પ્રકારનો કોઈ દૃષ્ટિકોણ નથી, જેને રૂઢિવાદ કે સુધારાવાદથી સરખાવવામાં આવે. તેમ છતાં પશ્ચિમવાદીઓએ મુસલમાનો ઉપર રૂઢિવાદનું લેબલ ચોંટાડી દીધું. આ શબ્દનો અર્થ છે, સિદ્ધાંતો ઉપર અમલ કરવો. પરંતુ ૧૯મી સદીના અંતમાં આ શબ્દ તે ધાર્મિક ઝનૂનીઓ માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો, જેઓ બાઈબલના શબ્દેશબ્દને

તેના બાહ્ય અર્થ ઉપર પ્રયોજતા હતા અને તેના સાપેક્ષમાં અવલોકનો પર આધારિત જ્ઞાન અને અનુભવ તેમજ કઠોર પરિશ્રમ દ્વારા સાબિત થયેલ વાસ્તવિકતાઓનો ઈન્કાર કરતા હતા. (Prof. Gordon Convey : Islamophobia : A Challanges for us all, The Runnymade Trust, 1997 P. 7) પરંતુ મુસલમાનોએ આ પ્રકારના ધાર્મિક ઝનૂનનું પ્રદર્શન ક્યારેય કર્યું નથી. એ સાચું છે કે મુસલમાનો કુર્આનને અલ્લાહ તરફથી અવતરિત માને છે; પરંતુ તેના શબ્દેશબ્દને માત્ર તેના બાહ્ય અર્થમાં પ્રયોજતા નથી, બલ્કે કુર્આનના શબ્દોને સમજવાનો પ્રયત્ન કરે છે અને કુર્આનના શબ્દો, માનવીની બુદ્ધિ તથા અનુભવો પર આધારીત જ્ઞાન - એમ બધાથી લાભાન્વિત થઈ કુર્આનની સમજૂતિ અને સમાલોચના કરે છે. તેમ છતાં પશ્ચિમે આ શબ્દને પોતાના મૂળ ચરિતાર્થથી હટાવી ઈસ્લામના અનુયાયીઓ ઉપર લાગુ કરી દીધો છે. તેનાથી એ છાપ ઊભી કરવામાં આવે છે કે મુસલમાનો ચૌદસો વર્ષ પૂર્વેના શબ્દોને વળગી રહ્યા છે. આધુનિક શિક્ષણ અને જ્ઞાન, આધુનિક વિચારો અને દૃષ્ટિકોણ, આઝાદી, સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા અને લોકશાહી વગેરેના શત્રુ છે.

Totalitarian - એકહથ્થુ સત્તા :

એકહથ્થુ શાસકનો અર્થ છે, બિનલોકશાહી અને અમાનવીય મૂલ્યોમાં વિશ્વાસ રાખનાર, અથવા એવી વ્યક્તિ જે એક જ વ્યક્તિત્વમાં તમામં અધિકારોનું કેન્દ્રીકરણ કરવા માંગતી હોય કે તે માટે સંમત હોય. આ શબ્દ પણ આતંકવાદના પર્યાય તરીકે અને મુસલમાનોને બદનામ કરવા માટે પ્રયોજાય છે. જો કે હકીકતોથી તેનો દૂરનો પણ સંબંધ નથી. માધ્યમો આ શબ્દની દરેક નઠારી બાજુને મુસલમાનો સાથે જોડી દે છે. બર્નાર્ડ લેવિસે તેનો ખૂલાસો આ રીતે કર્યો છે; One man, One vote, Once. એટલે કે એક વ્યક્તિ, એક મત અને એક જ વખતે. (America and Political Islam4 P. 21)

બર્નાર્ડ લેવિસ અત્યંત વિદ્વાન વ્યક્તિ છે. ઈસ્લામી જગત અને ખ્રિસ્તી ધર્મના સંબંધો વિશે લખતાં તેઓની દૃષ્ટિ પૈગમ્બરના યુગની ઘટનાઓ અને પ્રસંગોને સૂક્ષ્મતાથી નિહાળે છે, પરંતુ પોતાની મનોવૃત્તિના કારણે ઈસ્લામને વૈચારિક સ્વતંત્રતા, રાજકીય આઝાદી અને રોમન આનુષંગિક શાસંન પદ્ધતિની સાપેક્ષમાં ઈસ્લામની 'શૂરાઈ' (સલાહ-મસલત અને વિચાર-વિનિમયની) વ્યવસ્થા પર આધારિત ખિલાફત શાસન પદ્ધતિ તેને ક્યારેય ન દેખાઈ.

Medievalism - પ્રતિક્રિયાવાદી કે પુનરૂત્થાનવાદી વ્યવસ્થા :

Medievalism નો શાબ્દિક અનુવાદ મુશ્કેલ છે. તેના ભાવાર્થને દૃષ્ટિ સમક્ષ

રાખતાં તેને મધ્યયુગી પ્રતિક્રિયાવાદ કહી શકાય. પશ્ચિમમાં મધ્યયુગને માનવીય અધિકારોની પાયમાલી, મહિલાઓનું અપમાન અને માનહાનિ તથા જુલમ અને અત્યાચારનો યુગ કહેવાય છે.... અને નિઃશંક પશ્ચિમનું દર્શન પણ કંઈક એવું જ છે. પૂર્વની દૃષ્ટિએ આ જ યુગ મુસલમાનોની ઉન્નતિનો યુગ છે. આ શબ્દથી મુસલમાનોને ઠપકાપાત્ર અને દોષિત ગણવામાં આવે છે કે મુસલમાનો મધ્યયુગી પુનરૂત્થાનવાદી છે. તેઓ મધ્યયુગી વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા માંગે છે. પ્રગતિ કરી આગળ વધવા માંગતા નથી, બલ્કે પ્રતિક્રિયા આચરીને પુનઃ મધ્યયુગી અત્યાચારના યુગમાં પાછા જવા માંગે છે. આઝાદીના દુશ્મન અને જાતિભેદના સમર્થક છે.

આતંકવાદના આ સમાનાર્થી શબ્દો ઉપરાંત અન્ય કેટલાક શબ્દો પણ આ જ અર્થમાં પ્રયોજાય છે. કેટલીક ઇસ્લામી પરિભાષાઓનો અર્થ-અનર્થ કરી આ ભાવાર્થમાં લેવામાં આવે છે; જેમ કે જિહાદ, ખલીફા, ઇસ્લામવાદ, ઇસ્લામી ચળવળો, વગેરે. ઇસ્લામિઝ્મનો ભ્રમિત અર્થ એ લેવામાં આવે છે કે મૂળ ઇસ્લામને નજરઅંદાજ કરી આધુનિક રીતે ઇસ્લામના નામે ઊભી થનાર ચળવળ; જેનો આશય માત્ર સત્તાની પ્રાપ્તિ જ હોય, મિડલ-ઈસ્ટ ફોરમ-કેનેડાના ડાયરેક્ટર ડેનીયલ પાઈપ્સે અત્યંત ધૃણાસ્પદ રીતે ઇસ્લામિઝ્મ ઉપર ચર્ચા કરતાં લખ્યું છે :

"ઇસ્લામના અનુયાયીઓ પશ્ચિમી મૂલ્યો અને પરંપરા, ફિલસુફી અને રાજકીય સંસ્થાનોને સંપૂર્ણપણે રદ કરે છે. તદ્ઉપરાંત, બિનમુસ્લિમો વિશેષતઃ યહૂદીઓ અને ખ્રિસ્તીઓ સાથે તેઓની ઊંડી દુશ્મની છે, એમ છતાં તેના ઈચ્છુક છે કે પશ્ચિમથી ઉચ્ચ પ્રકારની ટેક્નોલોજી પ્રાપ્ત કરી લેવામાં આવે. ઇસ્લામના અનુયાયીઓના વિચારો અને દૃષ્ટિકોણ તથા આચરણથી વારંવાર તે પ્રગટ થતું રહે છે. ટૂંકમાં, ઇસ્લામના અનુયાયીઓએ ઇસ્લામને એક વ્યવહારૂ દૃષ્ટિકોણમાં તબદીલ કરી નાંખ્યો છે. ઇસ્લામિઝ્મની પરિભાષા એક ઉપયોગી પરિભાષા છે. એટલા માટે કે વીસમી સદીની અન્ય વ્યવસ્થાઓની જેમ તે એક વ્યવસ્થા કે વાદને છતી કરે છે. માર્કસવાદ કે ફાસીવાદ પછી ઇસ્લામિઝ્મનો ઉલ્લેખ આવે છે, જે આપણા યુગના અન્ય ખ્યાલો અને વિચારોની જેમ ઇસ્લામી વૈચારિક માન્યતા પર આધારિત ખ્યાલ કે વિચારનું પ્રતિનિધિત્વ કરે છે. આ ખ્યાલ, પશ્ચિમના રાજકીય અને આર્થિક વિચારોની જેમ ઇસ્લામમાં એક નવીન રૂહ ફૂંકી દે છે. જ્યારે ઇસ્લામના અનુયાયીઓ સત્તા ઉપર આવી જાય છે....(તો) શસ્ત્રોની વ્યાપકતા, આતંકવાદ તથા જુલમ અને બળજબરીના અન્ય પ્રકારો સામાન્ય બની જાય છે. ટૂંકમાં, આ બધા ગુંડા રાષ્ટ્રો છે; ઈરાન, સુદાન, અફઘાનીસ્તાન. ઇસ્લામ મુસલમાનો અને બિનમુસ્લિમો બંને માટે ખતરો છે." (ડેનીયલ પાઈપ્સ, ઇસ્લામકે લબાદેમેં, ઉર્દુ અનુવાદ : મુહમ્મદ ઐયુબ મુનીર : તરજુમાનુલ કુર્આન, જાન્યુ. ૨૦૦૦)

ઈસ્લામી ચળવળોને એટલું જ મહત્વ આપવામાં આવે છે જેટલું અમેરિકા, ફ્રાન્સ કે રશિયાની ક્રાંતિઓનું છે. (S. P. Huntington, Clash of Civilization, Viking India, N.Delhi, P. 159) જિહાદને તદ્દન ધર્મયુદ્ધોનો પર્યાય સમજવામાં આવે છે. તેનો અનુવાદ પવિત્ર યુદ્ધ કરવામાં આવે છે અને તેને મુસલમાનોની એ કાર્યવાહી સાથે જોડી દેવામાં આવે છે, જેમાં શક્તિના ઉપયોગની સંભાવના હોય. બલ્કે ક્યારેક તો કાલ્પનિક બયાનો ઉપર વૈશ્વિક ચર્ચા શરૂ થઈ જાય છે અને ક્યારેક આ જ કાલ્પનિક બયાનોના આધારે માનવજાતને યુદ્ધની ભયાનક ખાઈ સુધી ધકેલવાની કોશિશ કરવામાં આવે છે. (જેમ કે ૨૩ એપ્રિલ ૧૯૯૮ માં ઉસામા બિન લાદેનનો ધર્માદેશ, તેના અવાસ્તવિક હોવાની દલીલો પ્રારંભમાં પ્રસ્તુત કરી દેવામાં આવી છે. તેમ છતાં માત્ર તે કાલ્પનિક બયાનના આધારે જ વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ધડાકાને ઉસામા બિન લાદેન સાથે જોડી દેવામાં આવ્યો. CNN એ પ્રથમ દિવસથી જ તેનો ખૂલાસો કરી દીધો હતો કે ઉસામા ઉપર શંકાનું કારણ તેનો ધર્માદેશ-જિહાદ છે.)

સાંસ્કૃતિક સંઘર્ષની ભ્રમિત કલ્પના :

માધ્યમોએ ઈસ્લામને પશ્ચિમનો પ્રતિસ્પર્ધી સાબિત કરવા જે પરિભાષાઓ ઘડી છે, તેમાં એક સાંસ્કૃતિક સંઘર્ષ પણ છે. કેટલાક પશ્ચિમી બુદ્ધિજીવીઓ એ ખ્યાલ પ્રસ્તુત કરે છે કે ઈસ્લામ એક પરદેશી અને અજનબી સભ્યતા છે. તે પશ્ચિમ સાથે નથી રહી શકતી.

પરંતુ આ પ્રકારની વિચારસરણીઓ ઉપર નખશિખ અંદાજથી દ્રષ્ટિપાત કરવાની જરૂર છે. સાંસ્કૃતિક સંઘર્ષનો ખ્યાલ દેખીતી રીતે તાર્કિક લાગે છે, પરંતુ હકીકતમાં તેનું પ્રમાણિત હોવું સરળ નથી. Huntingnton એ તેને સાબિત કરવા માટે મહદ્અંશે સર્વેક્ષણો અને આંકડાકીય માહિતિઓ પર ભરોસો કર્યો છે. તેમાંથી કેટલાક સર્વેક્ષણો એવા છે, જેનાથી મનોમસ્તિષ્કને ખુશ કરવા સિવાય કંઈ પ્રાપ્ત થતું નથી અને કેટલાક સર્વેક્ષણો તદ્દન ભ્રમિત કરનારા છે; હકીકતોની દુનિયામાં તેનું કોઈ મહત્વ નથી. કેટલીક બાબતો તો Huntington ના પોતાના દિમાગની ઉપજ છે. જેમ કે ઈસ્લામ અને કન્ફ્યુશીયસનું જોડાણ બિલકુલ કાલ્પનિક છે. વાસ્તવમાં તેની કોઈ સાબિતી નથી. તે જ રીતે ઈસ્લામને પરમાણુ શક્તિમાં વૃદ્ધિનું કારણ સાબિત કરવું પણ માત્ર માનસિક ભ્રમ છે. અમારૂં માનવું છે કે સાંસ્કૃતિક સંઘર્ષનો ખ્યાલ દુરસ્ત નથી. સભ્યતાઓ ટકરાતી નથી; બલ્કે અસભ્યતાઓ અને જંગાલિયતો ટકરાય છે, પરસ્પરના સ્વાર્થો ટકરાય છે, અહમ ટકરાય છે. ટકરાવ અને સંઘર્ષ સામાન્યતઃ હકુમતો

દરમ્યાન થાય છે કે પછી પ્રજાજોગ તે સમયે થાય છે, જ્યારે કોઈ ધૂર્ત અને તરકટી શાસક પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પ્રજાની ભાવનાઓ અને લાગણીઓને અપહૃત કરી લે છે. સભ્યતાઓ મોટાભાગે સમજણ અને કલ્યાણ પર આધારિત વલણ અખત્યાર કરે છે. ઈસ્લામી ઈતિહાસ અને બીજી કોમોના ઈતિહાસથી તેના ઉદાહરણો પ્રસ્તુત કરી શકાય છે. બલ્કે પશ્ચિમી સંસ્કૃતિ જ ઈસ્લામથી લાભાન્વિત થઈ છે અને ઈસ્લામી વિચારસરણીના આધુનિક સ્વરૂપમાં ઘડતરમાં પશ્ચિમી વિચારોથી ફાયદો ઉઠાવવાની બાબત પણ મોજુદ છે.

પશ્ચિમી માધ્યમો વિવિધ પ્રકારે ઈસ્લામ વિરૂદ્ધ વાતાવરણ ઊભું કરે છે. જો ક્યાંક મુસલમાન પશ્ચિમના જરીપૂરાણા હથિયારો ખરીદે છે તો માધ્યમો શોર-બકોર કરી મૂકે છે કે ઈસ્લામી જગતમાં ખતરનાક આતંકવાદ પ્રસરી રહ્યો છે. જ્યારે કે ઈકબાલના કથન મુજબ પશ્ચિમ 'દોશ તા કમર ગર્ક આહીન હૈં' (પોતે માથાથી પગ સુધી શસ્ત્રસજ્જ છે.) તેના ઉપર કોઈ અવાજ સુદ્ધાં નહીં. આજે વિશ્વમાં તમામ ધર્મો - ખ્રિસ્તી ધર્મ, યહૂદી ધર્મ, બૌદ્ધ મત, હિંદુ મત - દરેકની પાસે અણુશક્તિ છે; પરંતુ તેને ધાર્મિક બોંબ કહેવામાં આવતો નથી. જ્યારે કે ૫૪ મુસ્લિમ રાષ્ટ્રોમાંથી માત્ર પાકિસ્તાન જ અણુશક્તિ ધરાવે છે તો તેને ઈસ્લામી બોંબ કહેવાય છે.

પશ્ચિમના કેટલાંક બુદ્ધિજીવીઓ ઈસ્લામી ચળવળો અને સંગઠનોને પશ્ચિમની સાંમે યુદ્ધ સમાન સમજે છે અને આવી ચળવળોના પ્રસારને યુદ્ધના પ્રારંભમાં ખપાવે છે. દા.ત. Huntington એ નોંધ્યું છે;

"આ કોઈ આશ્ચર્યજનક બાબત નથી કે ઈરાનની ક્રાંતિ પછી પશ્ચિમ અને ઈસ્લામના દરમ્યાન સાંસ્કૃતિક સંઘર્ષનો આરંભ થઈ ચૂક્યો છે."

(Clash of Civilization, P. 216)

આ પ્રકારના નિવેદનો કે વિશ્લેષણો એ જ ખ્યાલોને મજબૂત કરવાના પ્રયાસ હોય છે કે ઈસ્લામ શાંતિનો દુશ્મન અને ત્રાસવાદનો ધર્મ છે. જો કે હકીકતમાં તેનું કોઈ મહત્વ નથી.

એ સાચું છે કે Huntington પશ્ચિમના એક માત્ર પ્રતિનિધિ નથી. પશ્ચિમી જગતમાં તેમનાથી વિરૂદ્ધ મતવાળા અને ન્યાયી ખ્યાલો ધરાવનારાઓ પણ મોજુદ છે, જેઓ ઈસ્લામ અને ઈસાઈયતમાં તંદુરસ્ત સંબંધોના અભિલાષી છે અને તે માટે વ્યવહારૂ રીતે કાર્યરત પણ છે; જેમ કે John I. Espositio પશ્ચિમના એક વિશ્વસનીય બુદ્ધિજીવી છે તથા મુસ્લિમ-

ખ્રિસ્તી સંબંધોના સમર્થક અને જ્યોર્જ વૉશિંગ્ટન યુનિવર્સિટીના મુસ્લિમ-ખ્રિસ્તી સંબંધો વિભાગના ડાયરેક્ટર છે. તેઓ આ જ ખ્યાલના વાહક છે. ઈ.સ. ૧૯૬૫-૬૬ માં મળેલ પોતાની દ્વિતીય પરિષદમાં વેટીકને ઇસ્લામને દીને-ઈબ્રાહિમીમાં સામેલ કરી લીધો, જે એ વાતનું પ્રમાણ છે કે ખ્રિસ્તી ધર્મ ધાર્મિક આધારો પર ઇસ્લામની સાથે સમરસતા ઇચ્છે છે.

યુરોપના પ્રોટેસ્ટન્ટ અને કેથોલિક ચર્ચના સંસ્થાનો (CCE & KEN) એ "Islam in Europe Committee" ની સ્થાપના કરી, જેણે ઑક્ટોબર ૧૯૯૪ માં જીનીવામાં આ વિષય ઉપર પરિસંવાદ પણ યોજ્યો. તેમાં પણ એ યુક્તિઓની સમીક્ષા કરવામાં આવી, જેના ઉપર અમલ કરીને ઇસ્લામ અને ખ્રસ્તી ધર્મ વચ્ચે તંદુરસ્ત સમરસતા પેદા થઈ શકે છે. (The Declaration on the Relation of the Church to Non Cristian Religion, See Encounters Vol. 5, No. 2, Sep. 1999) આ સૌહાર્દ અને પરસ્પર સહકારના અનેક બીજા પણ ઉદાહરણો છે. પરંતુ માધ્યમો મોટાભાગે તેની અવગણના કરે છે. તેને જેવી મળવી જોઈએ તેવી પ્રસિદ્ધિ મળતી નથી. બલ્કે માધ્યમોનું સામાન્ય વલણ તેનાથી વિપરિત હોય છે. તે સંઘર્ષ, ટકરાવ અને મતભેદોને જ ઉત્તેજન આપે છે.

આતંકવાદ અને ઈસ્લામ

પાછળના પાનાંઓમાં અત્યંત વિસ્તારપૂર્વક એ બાબત ચર્ચામાં આવી ચૂકી છે કે માધ્યમો અને વિશેષતઃ પશ્ચિમી માધ્યમો કેવી રીતે મુસલમાનોની છબીને વિકૃત કરી રહ્યા છે અને કેવી રીતે લગાતાર ખોટી અને પાયાવિહિન વાતો તથા અસંબંધિત બાબતો ઈસ્લામ સાથે જોડીને ઈસ્લામ અને મુસલમાનોને બદનામ કરી રહ્યા છે. માધ્યમોની આ પ્રવૃત્તિઓની આડમાં જે પરિબળો કાર્યરત છે તેમાં કેટલાક માત્ર ભૌતિક પ્રકારના છે, કેટલાક પશ્ચિમના પોતાના સાંસ્કૃતિક અને વારસાગત સ્વાર્થો અને પરંપરાઓના મૂળથી છે. તેમાંથી કોઈનો પણ સંબંધ ઈસ્લામ અને મુસલમાનોથી નથી અને ન તો ઉચ્ચત્તમ માનવીય મૂલ્યો કે માનવતા કે માનવપ્રેમથી છે.

આતંકવાદ સંબંધે ઈસ્લામનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે. ઈસ્લામ કોઈપણ પ્રકારના આતંકવાદ કે જુલ્મ અને અત્યાચારની પરવાનગી આપતો નથી. ઈસ્લામ અનુસાર જુલ્મ અને અત્યાચારનો બદલો તો લઈ શકાય છે, પરંતુ જેટલો જુલ્મ અને અત્યાચાર થયો હોય તેટલો જ. તેની સીમાઓનું ઉલ્લંઘન કરવામાં આવશે તો મઝલુમ પણ જાલિમની હરોળમાં આવી જશે.

"…..અને તમે અલ્લાહના માર્ગમાં એ લોકો સાથે લડો જેઓ તમારી સાથે લડે છે, પરંતુ અતિરેક ન કરો કારણ કે અલ્લાહ અતિરેક કરનારાઓને પસંદ કરતો નથી."

(કુર્આન : અલ-બકરહ, આ. ૧૯૦)

એક અન્ય જગ્યાએ હુકમ છે;

"….એટલા માટે જે તમારી ઉપર આક્રમણ કરે તમે પણ એવી જ રીતે તેમની ઉપર આક્રમણ કરો. અલબત્ત અલ્લાહથી ડરતા રહો અને એ ધ્યાનમાં રાખો કે અલ્લાહ એ જ લોકોની સાથે છે, જેઓ તેની મર્યાદાઓ તોડવાથી બચે છે." (કુર્આન : અલ-બકરહ, આ. ૧૯૪)

વિચારવાની બાબત એ છે કે જ્યાં અત્યાચારને માફ કરવું વધુ અગત્યનું હોય ત્યાં કોઈપણ પ્રકારના જુલ્મ અને અત્યાચારની પરવાનગી કેવી રીતે હોઈ શકે? તેથી જ ઈસ્લામનો દૃષ્ટિકોણ તદ્દન સ્પષ્ટ છે. આતંકવાદ કોઈ એક વ્યક્તિનો સમૂદાય વિરૂદ્ધ હોય કે સમૂદાયનો કોઈ એક વ્યક્તિ વિરૂદ્ધ, શાસનનો પ્રજા વિરૂદ્ધ હોય કે પ્રજાનો શાસન વિરૂદ્ધ, બહુમતિનો લઘુમતિ વિરૂદ્ધ હોય કે લઘુમતિનો બહુમતિ વિરૂદ્ધ, કે પછી કોઈપણ પ્રકારનો સામૂહિક કે

વ્યક્તિગત આતંકવાદ હોય, ઈસ્લામ તેને અવૈદ્ય અને અયોગ્ય ઠેરવે છે.

ઈસ્લામ વ્યક્તિના અધિકારોના રક્ષણની જવાબદારી શાસનને સોંપે છે. તેની ફરજ છે કે પોતાની પ્રજાનું ધર્મ અને સમૂદાયના ભેદભાવ વગર રક્ષણ કરે, ત્યાં સુધી કે યુદ્ધમાં પક્ષકાર કોમની વ્યક્તિ પણ રિયાસતમાં આવી આશ્રય માંગે તો તેનું રક્ષણ પણ જરૂરી છે. 'એહલે જિમ્મા' (જેમની જવાબદારી છે) અને 'મસ્તામન' (શાંતિ ચાહવાવાળો-શરણ માંગવાવાળો) બંનેના હક્કોની જમાનત 'નુસુસ' (કુર્આન અને હદીષ) થી સાબિત છે અને ઈસ્લામી બંધારણનો ભાગ છે.

વર્તમાન યુગમાં જે કતલ અને ખૂનરેજી થઈ રહ્યા છે, જેને ક્યાંક આતંકવાદ, ક્યાંક સાંસ્કૃતિક સંઘર્ષ અને ક્યાંક ધાર્મિક ઝનૂનનું નામ આપવામાં આવી રહ્યું છે તેનું વિશ્લેષણ કરવામાં આવે તો તેના મુખ્યતઃ ત્રણ પ્રકારો દૃષ્ટિગોચર થાય છે :

(૧) નિર્દોષોને કતલ કરવા,

(૨) એક જગ્યાએ કરવામાં આવેલ અત્યાચારનો બીજી જગ્યાએ બદલો લેવો,

(૩) પ્રજામતને પોતાની તરફેણમાં કરવા માટે અસંબંધિત લોકો ઉપર જુલ્મ કરવો.

ઈસ્લામે આ ત્રણેયને અવૈધ ઠેરવ્યા છે. ઈસ્લામની દૃષ્ટિએ આ ત્રણેય પ્રકારો અને તેના જેવી અન્ય પ્રવૃત્તિઓ જુલ્મ અને અત્યાચાર જ છે.

નિર્દોષોની કતલ :

ઈસ્લામ અન્યાયી અને નાહક કતલનો વિરોધી છે. તેની દૃષ્ટિએ કોઈ એક વ્યક્તિને કતલ કરવું સમગ્ર માનવજાતને કતલ કરવા સમાન છે. કુર્આને હકીમમાં ઉલ્લેખ છે :

"જેણે કોઈ વ્યક્તિના ખૂનના બદલે કે ધરતી ઉપર બગાડ ફેલાવવા સિવાય કોઈ અન્ય કારણસર હત્યા કરી તેણે જાણે કે સમગ્ર માનવજાતની હત્યા કરી અને જેણે કોઈને જીવન બક્ષ્યું તેણે જાણે કે સમગ્ર માનવજાતને જીવન બક્ષી દીધું." (કુર્આનઃઅલ-માઈદહ, આ. ૩૨)

ઈસ્લામમાં કોઈ એક વ્યક્તિનું લોહી વહેવડાવવું સમગ્ર માનવજાતને કતલ કરવા બરાબર છે. તે જ રીતે કોઈ એક વ્યક્તિની જાન બચાવવી સમગ્ર માનવજાતના રક્ષણ કરવા સમાન છે.

ધરતી ઉપર બગાડ અને આતંકવાદથી માનવીની જાનની આબરૂ પાયમાલ થાય છે. તેથી ઈસ્લામ તેને કતલથી પણ વધુ મોટો ગુનો ઠેરવે છે. ઈસ્લામની નજરમાં સૌથી મોટા ત્રણ ગુનાઓમાં નિર્દોષનું કતલ પણ સામેલ છે.

હદીષમાં ઉલ્લેખ છે :

''અલ્લાહતઆલાની નજીક સૌથી મોટો ગુનો અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ઠેરવવું, કોઈનું કતલ કરવું અને માતા-પિતાની અવજ્ઞા છે.'' (બુખારી, પા. ૨૯૯/૪)

એક હદીષમાં છે કે કોઈ મુસલમાનને કતલ કરવું અલ્લાહત્આલાની નજરમાં માનવજાતના પતનથી વધુ છે. હદીષના શબ્દો આ પ્રમાણે છે :

"દુનિયાનું પતન અલ્લાહત્આલાની નજીક કોઈ મુસલમાનના લોહી વહેવડાવવાથી વધુ આસાન છે." (તિરમિઝી, પા. ૮૩/૫)

એક અન્ય હદીષમાં છે કે જો આકાશ અને ધરતી બંને સાથે મળીને કોઈ મુસલમાનને કતલ કરી દે તો અલ્લાહત્આલા સૌને નર્કમાં ફેંકી દેશે.

"હઝરત અબુ હુરૈરહ (રદિ.) થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ફરમાવ્યું, જો આકાશ અને ધરતી સાથે મળીને પણ કોઈ મોમિનના કતલમાં સંડોવાયેલા હોય તો અલ્લાહત્આલા તે સૌને જહન્નમની આગમાં ઝોંકી દેશે." (તિરમિઝી, પા. ૮૫/૫)

કુર્આને હકીમમાં એવી ઘણી આયતો, હદીષો અને રિવાયતો છે; જેનાથી એ સાબિત થાય છે કે કોઈ માનવીની હત્યા કરવી ઈસ્લામની દૃષ્ટિએ અવૈધ છે. કોઈપણ વ્યક્તિ કે ધાર્મિક કે રાજકીય હોદ્દા પર આધીન વ્યક્તિને એ અધિકાર નથી કે કોઈ વ્યક્તિની હત્યા કરી નાંખે અને ન તો કોઈ ધર્માધિકારીના ધર્માદેશ કે રાજકીય નેતાની ઈચ્છાને હત્યા માટે કારણભૂત ઠેરવી શકાય છે. ઈસ્લામે માત્ર ન્યાયોચિત કોઈ માનવના કતલને વૈધ ઠેરવેલ છે. કુર્આનમાં ઉલ્લેખ છે :

"....અને કોઈ જીવને, જેને અલ્લાહે હરામ ઠેરવ્યું છે, મારો નહીં પરંતુ હક્કના સાથે." (કુર્આન : અલ અન્આમ, આ. ૧૫૧)

આ અધિકાર માત્ર રાજ્ય શાસનને જ પ્રાપ્ત છે, કોઈ વ્યક્તિ કે સમૂહને નહીં. હકૂમત પણ અદાલતના ચૂકાદાને આધીન જ કતલ કરી શકે છે. ઈસ્લામમાં 'હક્કની સાથે કતલ' ના ત્રણ સ્વરૂપો છે. હદીષમાં ઉલ્લેખ છે કે;

"કોઈ મુસલમાન - જે સાક્ષી આપતો હોય કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને હું (રસૂલુલ્લાહ સ.અ.વ.) અલ્લાહનો રસૂલ છું - નું લોહી વૈધ નથી, સિવાય ત્રણ બાબતે; પરણિત વ્યભિચારીનું લોહી, કે કતલના બદલામાં કતલ, કે પછી તે વ્યક્તિનું લોહી જે પોતાનો ધર્મ ત્યજીને 'જમાઅત'થી દૂર થઈ ગયો હોય." (બુખારી, મુસ્લિમ)

ઉપરોક્ત ત્રણ બાબતો સિવાય ચોથી કોઈ બાબત એવી નથી, જેમાં માનવીનું લોહી વહેવડાવવું વૈધ હોય અને આ ત્રણેય બાબતોમાં શરીઅતના આદેશના અમલીકરણનો અધિકાર માત્ર હકુમતને પ્રાપ્ત છે, કોઈ વ્યક્તિ કે સમૂદાયને નહીં. તદ્‌ઉપરાંત, હકુમત પણ કોઈ એવા વ્યક્તિને કતલ કરી નાંખવાનો ફેંસલો પોતે નહીં કરી શકે, બલ્કે અદાલતમાં કાયદેસર જોગવાઈ અનુસાર તહોમતદાર ઉપર કાર્યવાહી કરવામાં આવશે અને અદાલતના ચૂકાદાને પાબંદ હશે. જો અદાલત કતલનો આદેશ આપશે તો હકુમત આ સજાને લાગુ કરશે અને જો તે કતલનો આદેશ ન આપે તો હકુમતને પણ કતલ કરવાનો અધિકાર નથી.

મુકદ્દમામાં શક ઊભો થાય કે કસાસ (સમાન બદલો) અંગે વારસદારો દૈત (Blood Money) માટે તૈયાર થઈ જાય કે ખૂન માફ કરી દે તો આવા સંજોગોમાં વ્યક્તિની જાન લેવામાં નહીં આવે. (અબુ દાઉદ, કિતાબુલ હુદુદ)

કોઈ ખૂની (કાતીલ) ને કતલ કરી દેવો એ દેખીતી રીતે તો વ્યક્તિની જાન લેવા બરાબર છે, એમ છતાં તેની (કિસાસની) ફલશ્રુતિના સંદર્ભે તે વ્યક્તિની જાન બચાવવા બરાબર છે. જો કે સમાજમાં એક ખૂની કે કાતીલનું અસ્તિત્વ સમગ્ર સમાજની શાંતિ અને પવિત્રતાને પાયમાલ અને અસુરક્ષિત બનાવી દે છે. તેથી કુર્આનમાં કિસાસ (સમાન બદલો) ને જીવન કહેવામાં આવેલ છે.

"....તમારા માટે કિસાસમાં જીવન છે. આશા છે કે તમે આ કાયદાના ભંગથી બચતા રહેશો." (કુર્આન : અલ-બકરહ, આ. ૧૭૯)

ખૂની દ્વારા 'ખૂંબહા' (Blood Money) આપવું એ પરિણામની દ્રષ્ટિએ સમાજને સુરક્ષા પ્રદાન કરે છે. જે સમાજમાં દરેક પ્રકારના ગુનેગારોને માત્ર માનવીય અધિકારોની દુહાઈ દઈને ગુન્હો આચરવાની ખૂલ્લી છૂટ આપી દેવામાં આવે છે, તેમાં સૌથી વધુ ફળદ્રુપ ખેતી ગુન્હાઓની ખેતી છે. ત્યાં ગુન્હાના પ્રમાણમાં બેફામ વધારો થઈ રહ્યો છે અને માનવીના પ્રાણની પ્રતિષ્ઠા પાયમાલ થઈ રહી છે.

અત્યાચારનો બદલો અત્યાચારથી :

આતંકવાદ અને ઉગ્રવાદમાં એ પણ સામેલ છે કે એક સ્થળે થનાર અત્યાચારનો બદલો બીજા સ્થળના લોકોથી લેવામાં આવે. તેના વિવિધ સ્વરૂપો છે. ઉદાહરણ તરીકે, એક જૂથ ધાર્મિક, ભાષાકીય કે પ્રાદેશિક ઓળખના આધારે કોઈ જૂથ ઉપર જુલ્મ આચરે છે. બીજું જૂથ નિર્બળ છે, પરંતુ મઝલુમ સમૂદાયથી સંબંધિત લોકો બીજી જગ્યાએ બળવાન અને મજબૂત

છે તથા ત્યાં જાલિમ સમૂદાયથી સંબંધિત લોકો નિર્બળ છે. આ પરિસ્થિતિમાં પ્રથમ જૂથ બીજા જૂથને પોતાના ઉપર થયેલા અત્યાચારના બદલામાં જુલ્મનું નિશાન બનાવે છે. જેમ કે દિલ્હી અને તેની આજુબાજુના વિસ્તારમાં હિન્દુઓ શીખોનો કત્લેઆમ કરે અને પંજાબના શીખો હિન્દુઓની, કે અફઘાનિસ્તાનમાં મૂર્તિઓનું ખંડન થાય અને બદલો ભારતના મુસલમાનોથી લેવામાં આવે. આ ખૂનરેજ હુમલાખોરી છે. આ પ્રકારની હુમલાખોરીના વિવિધ સ્વરૂપો હોઈ શકે છે. તે એક જ પ્રદેશના દરમ્યાન હોઈ શકે છે; જેમ કે તામિલ બહુમતિ ધરાવતા વિસ્તારમાં સિંહાલીઓની સમસ્યા, કશ્મીરમાં હિન્દુઓનો પ્રશ્ન. આ હુમલાખોરી આંતરરાષ્ટ્રીય પણ હોઈ શકે છે; જેમ કે તાજેતરમાં અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં થયેલા ધડાકા, જેના શકમંદ લોકોમાં ઉસામા બિન લાદેનનું નામ આવે છે. આ સંદર્ભમાં વિવિધ ખ્રિસ્તી દેશોમાં મુસલમાનોના જાન અને માલ, મિલ્કતો અને ઈબાદતગાહો પર હુમલા થયા. માત્ર અમેરિકામાં જ ૨૫૦ હુમલાઓ થયા. કેનેડા, બ્રિટન, ઑસ્ટ્રેલીયા, વગેરેમાં પણ આ જ પ્રકારના હુમલાઓ થયા. ઈસ્લામ આ તમામ સ્વરૂપોનો સખત વિરોધ કરે છે. કુર્આનમાં ઉલ્લેખ છે :

"....કોઈ બોજો ઉપાડનાર બીજા કોઈનો બોજો નહીં ઉપાડે."

(કુર્આન : અલનજમ, આ. ૩૮)

ઈસ્લામ અનુસાર માત્ર તે જ લોકોથી બરાબરનો બદલો લેવાનો હક્ક છે, જેઓએ જુલમ કર્યો છે અને આ હક્ક પણ ફેરબદલ કરી શકાતો નથી. જાલિમ સિવાય તેનાથી ધાર્મિક, ભાષાકીય અને વંશીય સંબંધ રાખવાવાળા કોઈ અન્ય જૂથથી તેનો બદલો લેવામાં નહીં આવે. શરીઅત (ઈસ્લામી ધર્મકાનૂન) કોઈપણ માનવજૂથને આ અધિકાર નથી આપતી કે તે પોતાના માનવાવાળાઓ ઉપર કોઈ કારણ વગર હિંસા આચરે, બલ્કે જુલ્મ અને હિંસા તો કોઈપણ સ્વરૂપે વૈધ નથી. માત્ર બદલો લઈ શકે છે અને તે પણ તેનાથી જ લેવામાં આવે, જેણે અત્યાચાર કર્યો હોય.

જુલ્મ અને અત્યાચારનું આ સ્વરૂપ કોઈને કોઈ પ્રકારે હંમેશાથી મોજુદ રહ્યું છે અને આજના યુગમાં તો તેનો વ્યાપ બેહદ વધી ગયો છે. ક્યાંક મઝહબના નામે, ક્યાંક વંશ અને વર્ણના નામે અને ક્યાંક ભાષા અને પ્રાદેશિક ઓળખના નામે ! આરબોમાં ઈસ્લામના આગમન પૂર્વે તેનું એક સ્વરૂપ 'ષાર'નું હતું. તેનો અર્થ એ હતો કે જો એક શખ્સનું ખૂન થઈ જાય તો ખૂની પરિવારના કોઈપણ વ્યક્તિથી જેનું ખૂન થયું છે તેના પરિવારમાંથી કોઈપણ વ્યક્તિ બદલો લઈ શકતો હતો. આમાં મોટાભાગે નિર્દોષો માર્યા જતા હતા. અલ્લાહના પયગમ્બર સ.અ.વ. એ તેની મનાઈ ફરમાવી દીધી :

"અજ્ઞાનતાકાળના બધા ખૂનના બદલા હવે રદબાતલ છે. સૌપ્રથમ જેને હું રદબાતલ ઠેરવું છું તે મારા પોતાના ખાનદાનનું છે. રબીઆ બિન હારીસના દૂધ પીતા બાળકને બની હઝીયલે મારી નાંખ્યું હતું, હું તેને માફ કરૂં છું." (સિરત ઈબ્ને હિશ્શામ : પા. ૬૦૩/૨)

'ષાર'ના પ્રતિબંધનો અર્થ એ છે કે પારિવારિક સંબંધોના આધાર ઉપર કોઈને કતલ કરી શકાશે નહીં. તે જ રીતે વતન, વંશ, ભાષા, પ્રદેશ કે મઝહબી સંબંધના આધારે પણ કોઈને કતલ કરવું ગેરકાયદેસર છે. કુર્આનની બે આયતો દ્વારા પણ આ પ્રશ્ન ઉપર પ્રકાશ પડે છે. એક આયતમાં છે કે જો કોઈ મુશ્રિક કોમથી તમારી સંધિ હોય અને તે મુશ્રિક કોમ પોતાના દરમિયાન રહેવાવાળા મુસલમાનો ઉપર જુલ્મ અને અત્યાચારનું વલણ અપનાવે અને મુસલમાનો મદદના ઈચ્છુક હોય તો પણ સંધિમાં બંધાયેલ મુસલમાનો માટે યોગ્ય નથી કે તેઓ પોતાની સંધિ તોડીને તેઓની મદદ કરે. અલ્લાહત્આલાનું ફરમાન છે :

"....બાકી રહ્યા એ લોકો જેઓ ઈમાન તો લઈ આવ્યા પરંતુ હિજરત કરીને (દારૂલ ઈસ્લામ)માં આવી ગયા નથી તો તેમની સાથે તમારો વાલી તરીકેનો કોઈ સંબંધ નથી જ્યાં સુધી તેઓ હિજરત કરીને આવી ન જાય. હા, જો તેઓ દીનના મામલામાં તમારી પાસે મદદ માંગે તો તેમની મદદ કરવી તમારી ફરજ છે, પરંતુ કોઈ એવી કોમ વિરૂદ્ધ નહિં જેની સાથે તમારો કરાર હાયં." (કુર્આન : અલઅન્ફાલ, આ. ૭૨)

કુર્આનનો આશય સ્પષ્ટ રીતે એ સમજાય છે કે નિઃશંક ધર્મ એ સામૂહિકતાનો પાયો છે અને તેના તકાદા મુજબ તમામ મુસલમાનો એક શરીરની જેમ છે. પરંતુ જગતની વ્યવસ્થાને કાયમ રાખવા જે સંધિઓ-કરારો અને નિયમનની જરૂર હોય છે, તેને કોઈપણ સંજોગોમાં આ સામૂહિકતા માટે તોડી નાંખવામાં નહીં આવે. જો મુસલમાન ક્યાંક મઝલુમ હોય તો તેઓની મદદ જરૂર કરવી જોઈએ. પરંતુ અત્યાચારી-જાલિમો અને મુસલમાનોની સંધિ હોય તો આ સંધિના કાયમ હોવા સુધી તેઓની મદદ કરવામાં નહીં આવે. સ્પષ્ટ છે કે આ મદદ લશ્કરી અને શસ્ત્રોની મદદ છે. નહિં તો પોતાના જ ધર્મના માનનારાઓ માટે દુઆ-પ્રાર્થનાઓ કરવી, જાલિમોથી ચર્ચા-વિચારણા કરી જુલ્મ બંધ કરાવવો કે શક્ય હોય તો મુસલમાનોને પોતાના વિસ્તારમાં લઈ આવવા કે આવા જ પ્રકારની અન્ય નૈતિક અને ભૌતિક મદદ પણ કરી શકાય છે, બલ્કે જરૂર કરવી જોઈએ. હદીષમાં ઈર્શાદ છે :

"જેણે કોઈ સંધિ કે કરાર તોડી નાંખ્યો તે જન્નત (સ્વર્ગ)ની સુગંધ પણ સૂંઘી શકશે નહીં. જ્યારે કે તેની સુવાસ આટ-આટલી દૂરથી (ખૂબ દૂરથી) પણ સૂંઘી શકાય છે."

(બુખારી, કિતાબુલ દયાત)

તે જ રીતે જિમ્મીઓ (એ બિનમુસ્લિમો જેઓ ઈસ્લામી રાષ્ટ્રમાં વસે છે અને સરકારને કર ચૂકવે છે)ના પ્રાણની પ્રતિષ્ઠા પણ અબાધિત છે.

"જે આપણો જિમ્મી છે તેનું લોહી આપણા લોહી જેવું જ છે અને તેની દિયત (Blood Money, ખૂંબહા) આપણી દિયત જેવી જ છે."

આ હદીષોથી એ બાબત સ્પષ્ટ થાય છે કે જ્યારે આ વ્યક્તિઓ સામે કોઈ ગુનો સાબિત ન થઈ જાય ત્યારે તેઓને તેમના ધર્મના માનનારાઓના કે તેમના દેશના અપરાધોના કારણે કોઈ નુકસાન પહોંચાડી ન શકાય. ઈસ્લામી ઈતિહાસ તેનું જ્વલંત ઉદાહરણ છે કે મુસલમાનોએ તેમના વિરૂદ્ધ યુદ્ધ કરતા લોકોના ધર્મના માનનારાઓ, જેઓ તેમના આધીન પ્રદેશોમાં વસતા હતા, તેઓને ક્યારેય કોઈ નુકસાન પહોંચાડ્યું નથી. તેના ઘણા ઉદાહરણો મોજુદ છે. દા.ત. જ્યારે ઈસ્લામી લશ્કર ઈજીપ્ત અને સીરીયાના ખ્રિસ્તીઓથી યુદ્ધ કરી રહ્યું હતું. તે સમયે મોટી સંખ્યામાં ખ્રિસ્તીઓ મુસલમાનોની પ્રજા હતા. પરંતુ તેમનાથી કોઈ પ્રતિરોધ કરવામાં ન આવ્યો, અથવા ધર્મયુદ્ધો દરમિયાન ખ્રિસ્તીઓ પેલેસ્ટાઈન, સીરીયા અને વિવિધ પ્રદેશોમાં મુસલમાનો સાથે શાંતિ અને સલામતિથી રહ્યા. ક્યાંય તેઓને માત્ર એ આશયે રોષના ભોગ બનાવવામાં ન આવ્યા કે તેઓ તે ધર્મના માનનારા છે જેઓ તેમની સાથે યુદ્ધ કરી રહ્યા છે.

પ્રજામતને આકર્ષિત કરવા માટે અત્યાચાર :

આતંકવાદનો આ પ્રકાર માત્ર આધુનિક યુગની પેદાશ છે. જ્યારે આંતરરાષ્ટ્રિય કાનૂન એ સ્તરે પહોંચ્યા કે જુદા-જુદા દેશોની પ્રજા સામૂહિક સંધિઓ અને કરારોના આધારે પરસ્પર સહકારને ઉત્તેજન આપે, તેની સાથે એ સમસ્યા પણ ઊભી થઈ કે જુદી-જુદી જબરદસ્ત કોમો તેમના તાબેદાર કે આધીન લોકોને આ સંધિ-કરાર દ્વારા મજબૂર કરવા લાગી તો પોતાના મતને મનાવવા કે પ્રજાનું ધ્યાન પોતાના મામલાઓ તરફ આકર્ષિત કરાવવા તાબેદાર કે આધીન લોકોએ આ રીત અપનાવી. આમાં નિર્દોષોનાં કતલ, વિમાનોનું અપહરણ, એલચીઓની કતલ અને બાનમાં રાખવું વગેરે સામેલ છે. ઈસ્લામ આ તમામ બાબતોને જુલ્મ અને અત્યાચાર ઠરવે છે.

એલચીઓને કતલ કરી નાંખવાની મનાઈ તો એક હદીષથી સાબિત છે. પયગમ્બર સ.અ.વ.એ (કોઈ બાબતના સંદર્ભમાં) એક એલચીને કહ્યું કે જો એલચીને કતલ કરવું ઉચિત

હોત તો હું તને કતલ કરાવી નાંખતો. ઈસ્લામી ફિક્હ (ધર્મશાસ્ત્ર)નો કાયદો છે કે એલચી યુદ્ધ વખતે પણ આવ્યો હોય, તો પણ તેને સલામતિ અને સુરક્ષા આપવામાં આવે. (ઝાદુલ મિઆદ, પા. ૧૩૯/૩)

વિમાનોનું અપહરણ, બાનમાં રાખવું બંને ધીમે-ધીમે કતલ કરવા બરાબર છે અને આ રીતે કતલ કરવાને ઈસ્લામે મનાઈ ફરમાવી છે. હદીષશરીફમાં ઉલ્લેખ છે :

"અલ્લાહના પયગમ્બર સ.અ.વ.એ રિબાવી-રિબાવીને કતલ કરવાની મનાઈ ફરમાવી છે." (અબુ દાઉદ, કિતાબુલ જિહાદ, પા. ૯૦/૩)

'કતલુલ સબ્ર' નો અર્થ છે રિબાવીને-તડપાવીને મારવું. ઈસ્લામથી પહેલાં અરબસ્તાનમાં તેનો રિવાજ હતો અને કેટલીક કોમોમાં ઘણી મુદ્દત સુધી તેનું ચલણ રહ્યું. પરંતુ ઈસ્લામે ચૌદસો વર્ષ પહેલા તેની મનાઈ કરી હતી, એટલે સુધી કે પશુઓના મામલામાં પણ ઈરાદાપૂર્વક ત્રાસ કે ઈજા પહોંચાડવાથી મનાઈ કરી છે.

બાનમાં રાખવું અને વંશહત્યા જેવા કૃત્યો પણ આ જ વર્ગમાં આવે છે. અહીં એ બાબતની સ્પષ્ટતા જરૂરી છે કે યુદ્ધ કે આક્રમણ નીતિ-નિયમ વગર નથી હોતા, બલ્કે ઈસ્લામમાં તેના વિશેષ કાયદા-કાનૂન છે. યુદ્ધ જ્યાં પણ અને જ્યારે પણ ગમે-તે કોઈના વિરૂદ્ધ શરૂ કરી દેવામાં આવતું નથી. તેના માટે ખાસ સિદ્ધાંતો અને નિયમનો છે, જેને ધ્યાનમાં રાખવાં અનિવાર્ય છે.

કોઈની જાન લેવાના સંદર્ભે સૈદ્ધાંતિક બાબત તો ઉપર ચર્ચામાં આવી ગયેલ છે કે તે અવૈધ છે. માત્ર શકના આધારે લોહી વહેવડાવવું વૈધ હોઈ શકે છે અને તે હક્ક યા તો કિસાસ (સમાન બદલો) છે કે પછી યુદ્ધ સંગ્રામ. કિસાસનો અર્થ છે કાતીલને કતલ કરવો; તો જે કાતીલ છે તેણે બીજાના લોહીની આબરૂને પાયમાલ કરીને પોતે જ પોતાના લોહીને હલાલ કર્યું છે. જ્યાં સુધી યુદ્ધ કે અથડામણનો પ્રશ્ન છે તો તે કેટલીક શરતો સાથે વૈધ છે, બિનશરતી કે અબાધિત વૈધ નથી. તેમાં સૌથી મહત્વની શરત ઈમામત (ઈસ્લામી નેતૃત્વ) ની સ્થાપના છે, ઈસ્લામી નેતૃત્વ વગર યુદ્ધ વૈધ નથી. હદીષશરીફમાં ઉલ્લેખ છે :

"ઈમામ ઢાલ છે, તેના પાછળ યુદ્ધ લડાય છે."

(મુસ્લિમ, કિતાબુલ અમાર, બાબુલ ઈમામ, પા. ૧૪૭૧/૩)

ફકીહો (ઈસ્લામી ધર્માશાસ્ત્રીઓ)એ તેની સ્પષ્ટતા કરેલ છે :

"જિહાદ (ધર્મયુદ્ધ)નો મામલો ઈમામ અને તેના ઈજતીહાદ (કુર્આન અને હદીષનો

આદેશ સ્પષ્ટ ન હોય તેવા સંજોગોમાં ઈસ્લામી કાયદા-કાનૂનનું અર્થઘટન કે પુનઃઅર્થઘટન કરવું) ઉપર નિર્ભર છે." (ઈબ્ને કદામહ, અલમુગ્ની, પા. ૩૫૨/૮)

ઈમામની ગેરહાજરી કે ગેરમોજુદગીમાં મનસ્વી રીતે પોતે જ સૃષ્ટિના ઠેકેદાર બની જવું કે કોઈ વ્યક્તિની જાન લેવા કે આઝાદી છિનવી લેવા માટે તત્પર બની જવું સત્ય અને ન્યાયનું માર્ગદર્શન નથી, બલ્કે તે સાર્વત્રિક બગાડ અને ઉપદ્રવ પેદા કરવા સમાન છે.

ઈમામને યુદ્ધ કે કોઈ વ્યક્તિના વિરૂદ્ધ ગુનો સાબિત થઈ ગયા પછી તેના કતલનો અધિકાર છે. જો સુલેહ કે સંધિ થઈ ગયા પછી કે કોઈ ઉચિત કારણના આધારે તેનો પણ કોઈના વિરૂદ્ધ કતલનો ફેંસલો આપવાનો અધિકાર રહેતો નથી. કુર્આનમાં ઉલ્લેખ છે :

"પછી જ્યારે આ કાફિરો સાથે તમારો મુકાબલો થાય તો પહેલું કામ તેમની ગરદનો ઉડાવી દેવાનું છે, ત્યાં સુધી કે જ્યારે તમે તેમને બરાબર કચડી નાંખો ત્યારે કેદીઓને મજબૂત બાંધો, તે પછી (તમને અધિકાર છે કે) ઉપકાર કરો, અથવા ફિદયો લઈ લો, ત્યાં સુધી કે લડાઈ પોતાના હથિયાર નાખી દે." (કુર્આન : સૂરઃ મુહમ્મદ, આ. ૪)

આ આયતથી સ્પષ્ટ થાય છે કે જો યુદ્ધ સમાપ્ત થઈ જાય તો પછી કોઈની જાનને વર્જ્ય સમજવી વૈધ નથી. ઈબ્ને ઉમર રદિ.એ આ આયતના આધારે હિજ્જાજ બિન યુસુફના આદેશને રદબાતલ કરી દીધો હતો. (અલ જિહાદ ફિલ ઈસ્લામ, પા. ૨૩૧) જેમાં તેણે એક શખ્સને કતલનો હુકમ આપ્યો હતો.

એક બીજી આયતમાં ઉલ્લેખ છે :

"લડાઈ કરો ગ્રંથવાળાઓ પૈકી એ લોકો સાથે જેઓ અલ્લાહ અને અંતિમ દિવસ ઉપર ઈમાન નથી લાવતા અને જે કંઈ અલ્લાહ અને તેના રસૂલે હરામ ઠેરવ્યું છે તેને હરામ નથી માનતા અને સત્ય દીનને પોતાનો દીન નથી બનાવતા. (તેમની સાથે લડો) અહીં સુધી કે તેઓ પોતાના હાથે જિઝયો આપે અને નાના બની રહે." (કુર્આન : સૂરઃ તૌબા, આ. ૨૯) (નોંધ : જિઝયો એ સલામતિ અને રક્ષણનો બદલો છે, જે જિમ્મીઓને ઈસ્લામી શાસન દ્વારા પૂરાં પાડવામાં આવે છે.)

આ આયતમાં યુદ્ધની સમાપ્તિનું એલાન આ રીતે કરવામાં આવ્યું છે કે શત્રુ પરાજીત થઈને જિઝયો આપવા તૈયાર થઈ જાય. એટલા માટે જિઝયો ચૂકવ્યા પછી તેઓને કતલ કરવા પ્રતિબંધિત છે. હઝરત અલી રદિ.એ આ દલીલ કરતાં ફરમાવ્યું છે :

'તેઓએ જિઝયો એટલા માટે આપેલ છે કે તેઓના માલ-મિલ્કત આપણા માલ-મિલ્કત સમાન થઈ જાય અને તેઓનું લોહી આપણા લોહી સમાન.'

અલ્લામા કાશાનીએ સૂરઃ તૌબાની ઉપરોક્ત આયતનો ઉલ્લેખ કરીને નોંધ્યું છે :

''અલ્લાહત્આલાએ યુદ્ધનું ઔચિત્ય જિઝયા સુધી જ રાખ્યું છે. જ્યારે ઔચિત્ય સમાપ્ત થઈ જાય તો નિશ્ચિતરૂપે આદર અને સન્માન સાબિત થઈ જાય છે.''

એક હદીષમાં પણ તેનો ખુલાસો મોજૂદ છે.

''કોઈએ જુલ્મની સાથે કરાર કર્યો અથવા કોઈએ કોઈને એવું કામ કરવા માટે મજબૂર કર્યો જે તેની શક્તિથી પર હતું કે પછી કોઈની વસ્તુ તેની મરજી વિરૂદ્ધ છિનવી લીધી તો કયામતના દિવસે તેના વિરૂદ્ધ ફેંસલો કરવામાં આવશે.'' (ઈમામ રાઝી, તફસીર કબીર, પા. ૨૮૮/૩)

એક અન્ય આયતમાં છે :

'....અને જો તે કોઈ એવી બિનમુસ્લિમ કોમની વ્યક્તિ હતી, જેની સાથે તમારે સંધિ હોય તો તેના વારસોને દિયત (ખૂંબહા-Blood Monny) આપવામાં આવશે અને એક મોમિન ગુલામને મુક્ત કરવો પડશે.' (કુર્આન : સૂરઃ નિસા, આ. ૯૨)

આ આયતમાં સ્પષ્ટ છે કે જેની સાથે સંધિ છે તેવા વ્યક્તિને કતલ કરવાથી 'દિયત' અનિવાર્ય થશે અને ગુલામને આઝાદ કરવો પડશે. તેનું કારણ એ છે કે તેણે એ વ્યક્તિની જાન લીધી છે, જેની જાન લેવી અલ્લાહના હક્કમાં કાયદેસર ન હતી, ભલે ને પછી તે કાફિરની જ જાન કેમ ન હોય, જે યુદ્ધમાં સામેલ હતો; પરંતુ હવે સંધિ પછી તેના લોહીની આબરૂ મુસલમાનના લોહી સમાન હોવું સાબિત થઈ ચૂક્યું છે. તેની જાન લેવાનું કૃત્ય એ આબરૂ અને પ્રતિષ્ઠા પાયમાલ કરવું જ છે, જે આ સંધિ અંતર્ગત સ્થાપિત કરવામાં આવેલ હતી. તેથી તેને તેના આ કૃત્યની સજા થશે. ઈમામ રાઝીએ એ મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે તેણે એક શખ્સની જાન લીધી હોવાને કારણે જાનના બદલામાં તેના ઉપર દિયત અનિવાર્ય છે અને જેની સાથે સંધિ થઈ છે તેને કતલ કર્યો છે અને અલ્લાહત્આલાએ જે લોહીને હરામ ઠેરવ્યું છે તે વહાવ્યું છે. તેથી તેણે મોમિન ગુલામને આઝાદ કરવો પડશે.

સુલેહનો કરાર લાગુ થઈ ગયા પછી ઈન્સાની જાનની પ્રતિષ્ઠા અને સન્માન નવેસરથી પરત આવે છે અને યુદ્ધના કારણે જે લોહી વૈધ થઈ ગયું હતું તે પુનઃ અવૈધ થઈ જાય છે. ત્યાં સુધી કે સત્તાધીશ અને હાકેમની ઈચ્છા પણ તેને વૈધ કરી શકતી નથી.

આ યુદ્ધની પરિસ્થિતિ છે. ઈસ્લામે વ્યક્તિને પોતાની પ્રતિરક્ષા અને બચાવ માટે વ્યક્તિગત હક્ક પણ આપ્યો છે. આ પણ અથડામણ અને ટક્કરનો એક પ્રકાર છે. કોઈ વ્યક્તિ વિરૂદ્ધ કોઈ વ્યક્તિ કે ટોળું અત્યાચારનું વલણ અખત્યાર કરે તો આવા સંજોગોમાં તે વ્યક્તિને પોતાની જાન બચાવવાનો, માલ-મિલ્કત અને આબરૂનું રક્ષણ કરવાનો અધિકાર હોય છે. આ અધિકાર સંજોગોવસાત ત્યજી દેવામાં પણ આવે છે. તેનું વિગતવાર વર્ણન આગળ આવી ગયું

છે. તેમ છતાં આ અધિકાર તે વખતે પ્રાપ્ત થાય છે, જ્યારે તે વ્યક્તિ અત્યાચારનો ભોગ બની હોય અને આ અધિકાર માત્ર તે હદ સુધી જ મળે છે જે હદ સુધી જાનની સુરક્ષા માટે જરૂરી હોય. જો આ પરિસ્થિતિમાં જાલિમ કે અત્યાચારી વ્યક્તિ કતલ પણ થઈ જાય તો તેનું લોહી વહાવવું વૈધ છે. જાલિમ જે વખતે અત્યાચાર કરે, તેના વિરૂદ્ધ સ્વરક્ષા અને બચાવનો હક્ક મળતો હોય છે. પરંતુ જો તે અત્યાચારનું વર્તન છોડી દે કે કોઈ ત્રીજો પક્ષકાર તેને અત્યાચારથી રોકી દે તો સ્વરક્ષા કે બચાવનો આ અધિકાર રદબાતલ થઈ જાય છે.

ઉપરોક્ત સમજૂતિથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે કતલનો સંબંધ માત્ર યુદ્ધમાં સામેલ કોમ સાથે છે અથવા સ્વરક્ષા અને બચાવ માટે ઉચિત છે.

જો કતલ થનારનો સંબંધ યુદ્ધમાં સામેલ થનાર (Bellegerant) સાથે હોય તેવી પરિસ્થિતિમાં જ આ હુકમ છે, નહિં તો તેને કતલ કરવું વૈધ નહીં હોય.

રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું;

''રસૂલુલ્લાહ સ. અ. વ. એ સ્ત્રીઓ અને મહિલાઓને કતલ કરવાની મનાઈ કરી છે.'' (બુખારી, કિતાબુલ જિહાદ, બાબ કત્લુન્નીસા ફિલ હર્બ)

''બાળકો અને મહિલાઓને કતલ ન કરો.'' (અસ્હાબુલ સુનન્, તિરમિઝી)

ત્રીજી હદીષ છે :

''કમઝોર વૃદ્ધ, બાળકો, ભૂલકાંઓ અને સ્ત્રીઓને કતલ ન કરો.''

(અબુ દાઉદ, પા. પર/૩)

આવી જ બીજી અનેક હદીષો છે, જેનાથી સાબિત થાય છે કે જે લોકો યુદ્ધ-પ્રવૃત્ત નથી તેઓથી યુદ્ધના સંજોગોમાં પણ પ્રતિશોધ લેવામાં નહીં આવે.

કુર્આને હકીમમાં છે :

''...આવી જ રીતે એ દંભીઓ પણ અપવાદરૂપ છે, જેઓ તમારી પાસે આવે છે અને લડાઈથી ઉદાસીન છે, ન તો તમારી સાથે લડવા માગે છે ન તો પોતાની કોમ સાથે. જો અલ્લાહની ઈચ્છા હોત તો તેમને તમારી ઉપર પ્રભૂત્વ આપી દેત અને તેઓ પણ તમારી સાથે યુદ્ધમાં હોત. એટલે જો તેઓ તમારાથી અળગા રહે અને લડવાથી દૂર રહે અને તમારી તરફ સુલેહ અને શાંતિનો હાથ લંબાવે તો અલ્લાહે તમારા માટે તેમની ઉપર આક્રમણ કરવાનો કોઈ માર્ગ રાખ્યો નથી.'' (કુર્આન : સૂરઃ નિસા, આ. ૯૦)

કુર્આન અને હદીષના આ ખૂલાસાઓ અને ચોક્કસ અર્થઘટનથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ઈસ્લામમાં અસંબંધિત કે બિનપક્ષપાતી લોકો ઉપર કોઈપણ પ્રકારનું આક્રમણ કરવું કાયદેસર નથી.

આતંકવાદના આ પ્રકારો ઉપરાંત કેટલાક અન્ય પ્રકારો પણ આજના યુગમાં જોવા મળે છે, જેમાંથી અમુકનાં જ દૃષ્ટાંતો પુરાણા યુગમાં મળે છે. જેમ કે આગઝની, લૂંટમાર, કત્લેઆમ, બોંબધડાકા, તબાહી ફેલાવવી, કેદની હાલતમાં મોત, કતલ થનારની લાશ ચૂંથી નાખવી, પરાજીત લોકો સાથે પાશવી વર્તન, વંશીય શુદ્ધિ અને ધાર્મિક નેતાઓ પર રોષ, વગેરે. ઈસ્લામ આ બધી બાબતોની મનાઈ કરે છે.

આગઝની-અગ્નિકાંડ-બાળી નાખવું કે સળગાવી દેવું (Arson) :

ઈસ્લામ ઈરાદાપૂર્વક આગ લગાડવાના ગુનાહિત કૃત્યની પરવાનગી આપતો નથી. યુદ્ધના સંજોગોમાં પણ તેની પરવાનગી નથી. સમાજમાં આગ લગાડવાની ઘટનાઓ ઈસ્લામી શરીઅતથી વિરૂદ્ધ છે. તે ઉપદ્રવના મૂળનું કૃત્ય છે. આગથી કોઈની હત્યા કરવી નિષિદ્ધ છે. હદીષશરીફમાં છે કે અલ્લાહ સિવાય કોઈને એ અધિકાર નથી કે આગનો અઝાબ આપે. (અબુ દાઉદ) આ હદીષ યુદ્ધની પરિસ્થિતિની છે. જ્યારે યુદ્ધના સંજોગોમાં આગઝની પ્રતિબંધિત છે તો સ્પષ્ટ છે કે સામાન્ય સંજોગોમાં આ કૃત્ય અત્યંત ધૃણાસ્પદ અને તિરસ્કારને પાત્ર છે.

લૂટમાર :

લૂટમાર કરવી પણ ઈસ્લામી શરીઅતમાં પ્રતિબંધિત છે. આ એવા કૃત્યોમાંથી છે જે યુદ્ધની પરિસ્થિતિમાં પણ પ્રતિબંધિત છે. સામાન્ય સંજોગોમાં તેની બૂરાઈ વધુ સંગીન થઈ જાય છે. એક વખતે કેટલાક મુસલમાનોએ યહૂદીઓથી ખાવા-પીવાની ચીજ-વસ્તુઓ બળજબરીથી લઈ લીધી. અલ્લાહના રસૂલ સ.અ.વ.ને તેની ખબર પડી તો સખ્ત નારાજ થઈ ગયા અને આ પ્રકારના કાર્યોની મનાઈ ફરમાવી દીધી. (હવાલો : અલ જિહાદ ફિલ ઈસ્લામ, પા. ૨૨૬) બુખારી શરીફની એક હદીષ છે કે યુદ્ધ માટે જતાં માર્ગમાં મુસલમાનોએ કેટલીક બકરીઓ તેના માલિકોની પરવાનગી વગર ઝુબ્હ કરી નાખી હતી. પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ.ને તેની માહિતિ મળી તો નારાજ થયા અને બધો જ ગોશ્ત (માંસ) જમીન ઉપર ઊંધો કરી દીધો. (હવાલો : અલ જિહાદ ફિલ ઈસ્લામ, પા. ૨૨૭) આ પ્રકારની બીજી પણ હદીષો છે, (અબુ દાઉદ) જેનાથી માલુમ પડે છે કે લૂંટફાટ ઈસ્લામી શરીઅતના વિરૂદ્ધ છે. ઈસ્લામી ધર્મશાસ્ત્ર (ફિક્હ) માં પણ એવા આદેશો છે, જેમાં લૂંટફાટની કડક રીતે મનાઈ કરી છે.

કેદની હાલતમાં મોત :

કેદની હાલતમાં મોત (Custodial Death)ને પણ ઈસ્લામ પ્રતિબંધિત કરે છે.

કુર્આનેપાકમાં કેદીઓને ખાવાનું ખવડાવવું અલ્લાહતઆલાની પ્રસન્નતાનું માધ્યમ દર્શાવવામાં આવેલ છે. મોમિનોના ગુણોનો ઉલ્લેખ કરતાં કુર્આન કહે છે :

"....અને અલ્લાહના પ્રેમમાં ગરીબો, અનાથો અને કેદીઓને ભોજન કરાવે છે."

(કુર્આન : સૂરઃ દહ્ર, આ. ૮)

કેદીની હાલતમાં કતલની મનાઈ એનાથી પણ સાબિત છે કે ઉમવી શાસનકાળના મશહૂર અમીર અને ઈરાકના ગવર્નર હિજ્જાજ બિન યુસુફે એક વખતે લોકપ્રિય સહાબી અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.ને એક કેદીના કતલનો આદેશ આપ્યો તો ઈબ્ને ઉમર રદિ.એ ફરમાવ્યું :

"અમોને તેનો હુકમ આપવામાં નથી આવ્યો. અલ્લાહનું ફરમાન છે કે જ્યારે લડાઈ પોતાના હથિયાર હેઠા મૂકી દે તો કેદીઓને બાંધી લો, ત્યારબાદ ઉપકાર કરો કે ફિદયો લઈને મુક્ત કરી દો."

કેદીઓની સાથે સદ્‌વર્તાવનો હુકમ એક હદીષમાં આપવામાં આવ્યો છે.

"કેદીઓ સાથે સારૂં વર્તન કરો."

ઈસ્લામના આ આદેશો મોટાભાગે યુદ્ધના કેદીઓ અંગે છે. યુદ્ધ સિવાય બીજા પ્રસંગોના કેદીઓ સાથે સદ્‌વર્તન તો તેનાથી પણ વધુ જરૂરી છે. સામાન્ય ગુન્હેગાર તો વાસ્તવમાં કાનૂનની અમાનત હોય છે. કાનૂનને તેને સજા આપવાનો કે મુક્ત કરી દેવાનો અધિકાર છે. પોલીસ કે શાસનના હવાલામાં અમાનત તરીકે તેને સોંપવામાં આવે છે. તેનું રક્ષણ કરવું શાસનની જવાબદારી છે.

પાશવી વર્તાવ :

આતંકવાદના પ્રકારોમાં પાશવી વર્તાવ પણ સામેલ છે, ચાહે તે યુદ્ધપ્રવૃત્ત કોમના લોકોની વિરૂદ્ધ હોય કે શાંતિથી જીવન જીવતાં નાગરિકોના વિરૂદ્ધ. પાશવી વર્તાવનો મતલબ છે ઉપદ્રવ પેદા કરીને શાંતિની હાલતને છિન્નભિન્ન કરી નાંખવી, ખેતીને ઉજાડી નાખવી, વંશીય હત્યાઓ કરવી, નિર્દોષોના લોહીને હલાલ કરી લેવું, ફળ આપતા વૃક્ષોને કાપી નાંખવા, ઈબાદતગાહો-ઉપાસનાગૃહોને તોડી નાંખવા અને અગ્નિકાંડો-આગઝની કરવી, વગેરે. કુર્આનેપાકમાં પાશવી કૃત્યો-જંગાલિયતભર્યા વર્તાવનાં દરેક સ્વરૂપને ગેરકાયદેસર કહેવામાં આવ્યું છે. એક આયતમાં છે :

"જ્યારે તેને સત્તા મળી જાય છે તો ધરતી ઉપર તેની સમગ્ર દોડધામ એટલા માટે હોય છે કે બગાડ ફેલાવે, ખેતરોનો અને માનવવંશનો નાશ કરે - જો કે અલ્લાહ બગાડને-

ઉપદ્રવને ક્યારેય પસંદ કરતો નથી." (કુર્આન : સૂરઃ બકરહ, આ. ૨૦૫)

મુસલમાનોને ઊભા પાકનો નાશ કરવાની, ઉપાસનાગૃહોને તોડી નાંખવાની, પશુઓને મારી નાંખવાની અને ફળ આપતાં વૃક્ષોને કાપી નાંખવાની મનાઈ કરવામાં આવી છે. આ આદેશ યુદ્ધના સંજોગોનો છે. શાંતિના માહોલમાં ઉપદ્રવ પેદા કરવાનું કૃત્ય ગુન્હાઓની યાદીમાં સૌથી સંગીન ધૃણાસ્પદ કૃત્ય છે. કુર્આનેપાકમાં ઉલ્લેખ છે :

"....કારણ કે કતલ જો કે બૂરૂં છે, પરંતુ ફિત્નો (ઉપદ્રવ) તેના કરતાં વધુ બૂરો છે." (કુર્આન : સૂરઃ બકરહ, આ. ૧૯૧)

કતલ થનારાઓની લાશોને બગાડવી-ચૂંથી નાખવી :

ઈસ્લામમાં વ્યક્તિની જાન લેવાની મનાઈ છે. તેમ છતાં યુદ્ધના સંજોગોમાં કતલ એક અનિવાર્ય મજબૂરી છે તેથી ઈજાજત છે. પરંતુ ઇસ્લામે કતલ થનારના આદર-સન્માનને પણ ધ્યાનમાં રાખેલ છે. વિજયના નશામાં ચકચૂર વિજેતા મોટા ભાગે માનવતાની હદો ઓળંગી જાય છે અને તેનો શિકાર યુદ્ધના મેદાનમાં કતલ થનારાઓ પણ બને છે. ઈસ્લામમાં આદેશ આપવામાં આવ્યો છે કે કતલ થનારાઓની લાશોને ફજેત કરવામાં ન આવે, બેહુરમતી કરવામાં ન આવે, તેનેં ચૂંથીને બગાડી નાખવામાં ન આવે, એક હદીસમાં છે :

" (લાશોને) ચૂંથીને બગાડો નહીં અને બાળકોને કતલ ન કરો."

(તિરમિઝી, પા. ૪૦૧/૨)

એક અન્ય હદીસમાં પણ આ પ્રકારના જ શબ્દોનો ઉલ્લેખ છે. (અબુદાઉદ, પા. ૫૩(૩), કિતાબુલ જિહાદ) તેથી ઈસ્લામી ધર્મશાસ્ત્રી (ફુકહા)ઓએ ખૂલાસો કરેલ છે કે યુદ્ધમાં કતલ થનારાઓની લાશોને ચૂંથીને બગાડી નાંખવું વૈધ નથી.

(વહબા ઝુહીલી : અતારૂલ હર્બ ફિલ ઈસ્લામ, પા. ૧૪૩)

અપહરણ :

કોઈ સંબંધિત કે અસંબંધિત વ્યક્તિને ધોકાથી કે બળજબરી પોતાના હવાલામાં લઈ લેવી તેને અપહરણ કહે છે. ઈસ્લામની નજરમાં આ કૃત્ય તદ્દન ખોટું છે. કોઈને એ અધિકાર નથી કે કોઈની આઝાદી છીનવી લે. પોતાના મૂળ સ્વરૂપે તો આ ધાડ-ડાકાનો જ એક પ્રકાર છે. લૂંટમાં કે ડાકામાં ડાકુ બીજાની સંપત્તિ લૂંટે છે અને અપહરણમાં બીજાની આઝાદી છીનવે છે.

જેમ કે આજના યુગમાં ઘણા ઉચિત હેતુઓનું નામ લઈને અપહરણોની ઘટનાઓ

બનતી રહે છે. તેથી અલ્લામા યુસુફ અલ કરઝાવીએ આ સમસ્યા ઉપર વિગતવાર પ્રકાશ નાંખતાં લખ્યું છે કે ગમે તેટલા નેક અને સારા હેતુ માટે અપહરણ કરવામાં આવે તો પણ તે અવૈધ છે.

આત્મઘાતી ટૂકડીઓ :

આજના યુગમાં એક સંગીન અને ગુંચવણભર્યો પ્રશ્ન આત્મઘાતી હુમલાઓ છે. જૂના જમાનામાં સંગ્રામના આ પ્રકારની યુક્તિઓ ન હતી, જેનાથી એવો વિનાશ ફેલાતો જેની સંભાવના આજે છે. આજે એક વ્યક્તિ પોતાના પ્રાણ આપીને બીજા અનેક લોકોને મોતના મુખમાં ધકેલી શકે છે. પૂરાણા યુગમાં આની શક્યતા ન હતી, તેથી આત્મઘાતી ટૂકડીઓ કે આત્મઘાતી લોકોનો ઉલ્લેખ (આ સમસ્યાના) ઉપાયો દર્શાવતા પૂરાણા ગ્રંથોમાં કે અભિપ્રાયો કે ચૂકાદાઓમાં મળતો નથી. જ્યાં સુધી આત્મહત્યા કે આપઘાતનો પ્રશ્ન છે તો તે નિષિદ્ધ છે. હદીષશરીફમાં આપઘાત કરવા અંગે સખ્ત ચેતવણી આપવામાં આવી છે અને આપઘાત કરનારને જહન્નમવાસી (નર્કવાસી) કહેવામાં આવેલ છે.

જે લોકો સંજોગો અને પરિસ્થિતિથી નિરાશ થઈ આપઘાત કરે છે તેઓમાંથી એક જૂથ માત્ર વૈચારિક નિઃસહાયતા અને વિવશતાના કારણે આ કૃત્ય આચરે છે અને ક્યારેક એવી રીતે આપઘાત કરે છે કે બીજા અનેક લોકોને મોતના મુખમાં પહોંચાડી દે છે. આવું જૂથ કેટલાંક વિકાસશીલ રાષ્ટ્રોમાં જોવા મળે છે. તેઓના હુમલાઓનો ઉલ્લેખ પણ ધીમેધીમે વર્તમાનપત્રોમાં થતો રહે છે. તેમનું આ કૃત્ય અત્યંત ધૃણાસ્પદ અને ખરાબ છે. કોઈ ધર્મ કે કાનૂન તેની પરવાનગી આપતો નથી.

આત્મઘાતી ટૂકડીઓ કે લોકોનો બીજો પ્રકાર એ છે કે કોઈ ઉચ્ચ હેતુઓ માટે કે મોટી યોજનાઓ પાર પાડવા માટે આવા લોકો કે ટૂકડીઓ આત્મઘાતી રીતો કે યુક્તિઓ અપનાવે છે, ચાહે આ યોજનાઓ સારી હોય કે ખરાબ. આ યુક્તિઓ અપનાવવાવાળા ત્રણ જૂથો હોઈ શકે છે. આતંકવાદી સંગઠનો, હકૂમતો અને સ્વાધીનતાની ચળવળો.

આતંકવાદી સંગઠનો પાસે શક્તિના ઉપયોગ માટે કોઈ નૈતિક અને કાનૂની ઔચિત્ય હોતું નથી. તેથી તેને ન તો કાનૂની રીતે દુરસ્ત ઠેરવી શકાય છે અને ન તો કોઈપણ પ્રકારની લશ્કરી કાર્યવાહીને; જેમ કે તામિલ વિદ્રોહીઓ શ્રીલંકાના સ્થાપિત શાસન વિરૂદ્ધ લશ્કરી કાર્યવાહી પણ કરે છે અને આત્મઘાતી હુમલાઓ પણ કરે છે. બલ્કે આજે વિશ્વમાં સૌથી વધુ આત્મઘાતી હુમલાઓ તામિલ બંડખોરો કરે છે.

આ પ્રકારનાં હુમલાઓને કોઈપણ રીતે ઉચિત ઠેરવી શકાય તેમ નથી.

હકુમતનો જ્યાં સુધી સંબંધ છે તો યુદ્ધ વખતે કોઈ ખતરનાક હુમલાને ખાળવા આત્મઘાતી લોકોનો ઉપયોગ કરી શકાય છે, તેની દલીલો આગળ આવી રહી છે.

ત્રીજો સૌથી સંગીન પ્રશ્ન, સ્વાધીનતાની ચળવળોનો છે. સ્વતંત્રતાની ચળવળનો અર્થ એ છે કે બળજબરીથી કોઈ શક્તિએ કોઈના પ્રદેશ ઉપર અનુચિત કબજો કરી લીધો હોય અને મૂળ નિવાસી લોકો આ અનુચિત કબજેદાર શક્તિથી મુક્તિ મેળવવા માંગતા હોય. આ પ્રકારની ચળવળો નજીકનાં ભૂતકાળમાં અનેક દેશોમાં ઉભી થઈ, પરંતુ હવે મોટાભાગના દેશો સ્વતંત્ર છે અને તેમાં મહદ્‌અંશે મૂળ નિવાસીઓનું શાસન સ્થાપિત છે.

પેલેસ્ટાઈનની સમસ્યાનું ઉદાહરણ લો, જ્યાં સ્વતંત્રતા ચળવળ ચાલી રહી છે. મધ્ય એશિયાનો આ સૌથી મહત્વનો પ્રશ્ન છે. ઈઝરાયલ દ્વારા જુલ્મ અને અત્યાચાર, આક્રમણ અને આતંકવાદની દરેક રીત ત્યાં અજમાવવામાં આવી રહી છે અને તેના વિરૂદ્ધ પશ્ચિમી જગતની ગુનાહિત ખામોશીએ તેના મલિન ઈરાદાઓને મજબૂતાઈ બક્ષી છે અને તે દરરોજ કોઈને કોઈ આતંકવાદી કાર્યવાહી પેલેસ્ટાઈનના મૂળ નિવાસીઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓની સામે કરતું રહે છે. પેલેસ્ટાઈની નવયુવાનોએ તેના વિરૂદ્ધ આત્મઘાતી ટુકડીઓ અને લોકોની નીતિ અપનાવી છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ પ્રકારની કાર્યવાહી કોઈ પણ રીતે ઉચિત છે? કુર્આન અને હદીષના પ્રત્યક્ષ સ્પષ્ટીકરણ, સમજૂતિ અને અર્થઘટનના અભ્યાસથી અંદાજ કરી શકાય છે કે યુદ્ધમાં સામેલ કોમ વિરૂદ્ધ આ નીતિ અપનાવી શકાય છે. આ અમલને 'નુસુસ' (પવિત્ર કુર્આનની આયતો કે જે સ્પષ્ટ અને નિઃશંક છે) ને દ્રષ્ટિ સમક્ષ રાખતાં આપઘાત નહિ કહી શકાય. બલ્કે જાંબાઝ હુમલા કહી શકાય. જેવી રીતે પુરાણા સમયમાં જાંબાઝ હુમલાઓ થતાં હતા. એમાં એવું ચોક્કસ માની શકાતું હતું કે હુમલો કરનાર પોતાની જાન ખોઈ નાખશે અને મહદ્‌અંશે એવું જ થતું હતું તેમ છતાં તેની ઈજાજત હતી. તેથી આજની આત્મઘાતી ટૂકડીઓને પણ તે સમાન ગણીને વૈધ ઠેરવવામાં આવશે. જાંબાઝ હુમલાઓનાં કેટલાક સ્પષ્ટ પૂરાવાઓ આ મુજબ છે.

સહીહ મુસ્લિમ (સંકલિત હદીષોનો ગ્રંથ) માં છે કે જ્યારે પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. ને ઉહદના યુદ્ધમાં કાફિરોએ પોતાના ઘેરામાં લઈ લીધા ત્યારે આપની સાથે સાત અન્સારીઓ (મદીનાવાસીઓ) હતા અને બે કુરૈશીઓ (મક્કાવાસીઓ) હતા. આપ સ.અ.વ. એ ફરમાવ્યું કે જે આ કાફિરોને મારાથી દૂર ભગાડશે તે જન્નતમાં મારી સાથે હશે. એક અન્સારી આગળ વધ્યા અને લડતાં-લડતાં શહીદ થઈ ગયા; આ રીતે બધા સાતે-સાત શહીદ થઈ ગયા. (સહીહ મુસ્લિમ, કિતાબુલ જિહાદ, બાબ ગઝવએ ઉહદ, હદીષ નં. ૧૭૮૯, પા. ૧૪૧૫/૩)

આ અર્થઘટન સાથેની બીજી કેટલીક હદીષો છે અને ઈતિહાસમાં એવી ઘણી ઘટનાઓ

છે જ્યાં મુસલમાનોએ આવા જાંબાઝ હુમલાઓ કર્યા, જેમાં તેમની જાન જવી નિશ્ચિત હતું જેમ કે યમામાના યુદ્ધમાં હઝરત બરા બિન આઝબનો હુમલો, જેમણે એકલે હાથે યમામાના લોકોમાં ઘૂસીને પોતાની જાન આપી દીધી. તે જ રીતે ઈરાની લશ્કરમાં હાથીઓ ઉપર હુમલો. કુસ્તુનતુનીયા (કોન્સ્ટનટીનોપોલ) ઉપર હુમલો કરતાં પણ આજ પ્રકારની ઘટના ઘટી હતી. જ્યારે એક મુસલમાને આગળ વધી હુમલો કર્યો તો કેટલાક સહાબીઓએ તેને રોક્યો અને આ આયત પઢી 'પોતાના હાથે પોતાનો વિનાશ ન વહોરો' (કુર્આન : સૂરઃ બકરહ, આ. ૧૯૫) હઝરત અબુ ઐયુબ અન્સારી રદિ. એ ફરમાવ્યું કે આ આયતનો આ મતલબ નથી. (તફસીર ઈબ્ને કસીર, પા. ૨૨૮/૧)

કુર્આન અને હદીષના આ સ્પષ્ટ અર્થઘટનને સામે રાખીને ઇસ્લામી ધર્મશાસ્ત્રીઓએ (ફુકહાઓએ) આવા હુમલાઓની પરવાનગી આપી છે, જેમાં ચોક્કસપણે જાન જવાની શક્યતા હોય. જેમ કે ઈમામ મુહમ્મદ રહ. એ પોતાના પુસ્તક 'અલયસીર અલકબીર' માં લખ્યું છે કે જો એક માણસ એકલો જ એક હજારના ટોળા ઉપર હુમલો કરી દે તો તેમાં કોઈ વાંધો નથી. અલબત્ત તેને એ ખ્યાલ હોવો જોઈએ કે તે આ હુમલાથી બચીને નીકળી આવશે કે દુશ્મનને અમુક નુકસાન કરીને મરશે. જો તેને એ ગુમાન હોય કે તે દુશ્મનને કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે તો મારો પોતાનો અભિપ્રાય એ છે કે તે હુમલો ન કરે. (અલયસીર અલકબીર, અલ્લામા ઈમામ મુહમ્મદ રહ.)

આ જ પ્રકારની વાત ઈબ્ને તીમીયાએ પણ લખી છે. "તેથી જ અરબીના ઈમામોએ પરવાનગી આપી છે કે મુસલમાનો કાફિરોની હરોળમાં ઘૂસી જાય, ચાહે પોતાના કતલ થઈ જવાનો વિશ્વાસ હોય." (અબુદાઉદ, કિતાબુલ જિહાદ, પા. ૬૧૩)

તમામ (કુર્આનના) વિવરણકર્તાઓએ આયત 'વલા...' (ઉપરોક્ત આયત) ના સંદર્ભે આ જાંબાઝ હુમલાઓને વૈધ ઠેરવ્યા છે. (ઈબ્ને કસીર, પા. ૨૨૮/૨૨૯, એહકામુલકુર્આન ૨૬૨-૨૬૩/૧, કર્તબી પા. ૩૬૩/૨)

વર્તમાન યુગના સુપ્રસિદ્ધ ઈસ્લામી ફકીહ (ધર્મશાસ્ત્રી) અલ્લામા યુસુફ અલ કરઝાવીનો મત પણ આજ છે કે આત્મઘાતી હુમલઓ 'જાંબાઝ' (એવા નીડર હુમલાઓ જેમાં જાન જવી લગભગ નિશ્ચિત હોય) હુમલાઓ સમાન છે તેથી વૈધ છે. (યુસુફ અલ કરઝાવીનો લેખ : ફલસ્તિનુલ મુસ્લિમા, ૧૬ રબીઉસ્સાની, ૧૪૧૭, સપ્ટેમ્બર ૧૯૯૬માં પ્રસિદ્ધ થયો અને તેનો ઉર્દુ અનુવાદ પ્રો. સઉદુર્રહમાન નદવીએ કર્યો, જે 'ઝિંદગી-એ-નૌ'માં માર્ચ-

૧૯૯૭માં પ્રસિદ્ધ થયો.)

તેમ છતાં એ બાબત હંમેશા નજર સમક્ષ રહે કે આ હુમલાઓ સ્થાપિત હકુમતના સૈનિકો યુદ્ધના મેદાનમાં કરશે, અથવા કોઈ દેશ પર અનુચિત-ગેરકાયદેસર કબજા વિરૂદ્ધ સ્વાધીનતાના સૈનિકો કરશે. કોઈપણ અલગતાવાદી શક્તિઓને તેની પરવાનગી નહીં હોય કે આ પ્રકારની કાર્યવાહીઓ કરે. આત્મઘાતી હુમલાઓ પણ યુદ્ધમાં પ્રવૃત્ત ન હોય તેવા લોકો સામે નિષિદ્ધ છે અને યુદ્ધ સિવાય યુદ્ધ પ્રવૃત્ત અત્યાચારી શક્તિ વિરૂદ્ધ તે વખતે ઉપયોગમાં લઈ શકાશે, જ્યારે બીજા તમામ માર્ગો-ઉપાયોનો અવકાશ ન રહે અને દુશ્મન જીવવાની દરેક રીત ઉપર પ્રતિબંધ મૂકી દે. ઇસ્લામ અને મિલ્લતે ઇસ્લામિયા તેમજ સામૂહિક ભલાઈ અને હિતનો તકાદો એ છે કે પેલેસ્ટાઈનમાં પણ તેને અનિવાર્ય મજબૂરી સમજવવામાં આવે અને તેનો ભયાનક રીતે ઉપયોગ કરવામાં ન આવે, કરવાના બીજા ઘણાં કામ હોઈ શકે છે. યહૂદી કોમ અત્યાચારી અને કેર વર્તાવનાર હોવા છતાં તે પોતે 'ઉમ્મે-દાવત' (જેમને ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવે) છે. તેમના સિલસિલામાં 'દાવત'નું ઉત્તરદાયિત્વ નિભાવવામાં આવે. તેની અસરો પણ મિલ્લતે ઇસ્લામિયાના બહેતર હિતો માટે સહાયક સાબિત થશે.

એક વાત સમજવા માટે એ છે હુમલો કે કોઈપણ કાર્યવાહી જે કોઈ પ્રાદેશિક તરફદારી કે વંશીય અને સામૂદાયિક પક્ષપાતના આધારે કરવામાં આવે તે ઇસ્લામી નથી. તેથી એવા લોકો જેઓ અંતિમવાદી પગલાંઓ ભરે છે તેઓ આજે પગલાંઓ ભરતાં પહેલાં પોતાના કૃત્યો અને પોતાની નિયતો-ઈરાદાઓની સમીક્ષા કરે અને તેમાં કોઈ ત્રુટિ કે ઢીલાશ દેખાય તો તેની સુધારણા કરે. શકય છે કે પછી તેઓને પોતાના તે કૃત્યો ઉપર પુનઃદૃષ્ટિપાત કરવાની જરૂરત ઊભી થાય. આ સંદર્ભમાં એક પ્રસંગ ટાંકવાનું ઉચિત સમજું છું.

એક પેલેસ્ટાઈની આવાહક જે ઇસ્લામના પ્રચારમાં લાંબો સમય ગાળીને પુનઃ પેલેસ્ટાઈન ગયા તો કસ્ટમ વિભાગ ઉપર યહૂદી અમલદારે અત્યંત તિરસ્કારથી કહ્યું કે તમે અમોને પેલેસ્ટાઈનથી કાઢવા માંગો છો ? તેણે પ્રત્યુત્તરમાં કહ્યું કે અમે તો એ ઈચ્છીએ છીએ કે આ દેશ તમોને સલામત રહે. બસ, તમે અમારી એક વાત સ્વીકારી લો કે અલ્લાહના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને મુહમ્મદ (સલ્લ.) અલ્લાહના પયગમ્બર છે. આ સાંભળીને યહૂદીનું વર્તન એકાએક બદલાઈ ગયું અને નફરતની જગ્યા સન્માને લઈ લીધી.

સશસ્ત્ર સંઘર્ષ અને ઈસ્લામ

આજકાલ આતંકવાદની સાથે જિહાદનો ઉલ્લેખ જરૂરથી થાય છે. પ્રસારણ માધ્યમો ક્યાંક તો પોતે જ આ બંને શબ્દોને પરસ્પર ભેળસેળ કરે છે, ક્યાંક આતંકવાદનો આરોપ એક પક્ષકાર ઉપર મૂકે છે અને તેના મોઢેથી આ કહેવડાવે છે કે તેઓ મુજાહિદ છે, જિહાદ કરે છે. પ્રસારણ માધ્યમોને આ પ્રચારમાં તેનો ફાયદો પણ થાય છે કે બાબત સ્પષ્ટ રીતે Codified (વ્યવસ્થિત રૂપે મૂકેલ) નથી કે ઈસ્લામમાં કેવા સંજોગોમાં શક્તિનો ઉપયોગ કેવી રીતે કરી શકાય છે અને કેવી રીતે નથી કરી શકાતો. તેથી દરેક જૂથ જે પણ જિહાદનો દાવો કરે તેને દુરસ્ત માની લેવામાં આવે છે અને પ્રત્યેક તે કોશિશ-જેમાં મુસલમાનો સામેલ હોય-તેને માધ્યમો પોતાના તરફથી આતંકવાદી કહે છે અને આવી કોશિશ કરવાવાળાનો અભિપ્રાય એવી રીતે બયાન કરે છે કે જાણે તે જિહાદ હોય.

પાછળના પાનાઓમાં એ ચર્ચા થઈ ચૂકી છે કે આતંકવાદના જે પ્રકારો આજે પ્રચલિત છે તેના વિશે ઈસ્લામનો મત શું છે ? હવેના લેખમાં એ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવશે કે ઈસ્લામમાં શક્તિનો પ્રયોગ ક્યાં સુધી દુરસ્ત-યોગ્ય છે અને તેના કયા સિદ્ધાંતો અને શિષ્ટાચાર છે અને કયા સંજોગોમાં શક્તિનો પ્રયોગ દુરસ્ત તો છે પરંતુ ન કરવો બહેતર છે.

શક્તિનો ઉપયોગ ઘણી રીતે થઈ શકે છે. એક વ્યક્તિનાં બીજા વ્યક્તિ વિરૂદ્ધ કે એક વ્યક્તિનો કોઈ જૂથના વિરૂદ્ધ. તેને વ્યક્તિગત સ્તર કહી શકાય છે.

બીજું સ્વરૂપ એ છે કે એક જૂથ પોતાના જ સમાન વિચારવાળા કોઈ બીજા જૂથના વિરૂદ્ધ શક્તિપ્રયોગ કરે, જેમ કે એક શહેરના બે જૂથો અથવા એક દેશના બે સમૂદાયો અથવા એક ધર્મના બે સંપ્રદાયો અથવા એક પ્રદેશના બે કબીલાઓ પરસ્પર મુકાબલો કરે. જો આ ઘર્ષણમાં હકુમત સામેલ ન હોય તો તે શક્તિના ઉપયોગનું સામૂહિક દૃષ્ટાંત હશે.

ત્રીજું સ્વરૂપ એ છે જેમાં હકુમત સામેલ હોય, એટલે કે કોઈ હકુમત બીજી હકુમત વિરૂદ્ધ શક્તિનો ઉપયોગ કરે.

ટૂંકમાં, શક્તિના ઉપયોગના ત્રણ સ્તરો હોઈ શકે છે. વ્યક્તિગત, સામૂહિક અને રાજ્યશાસન દ્વારા.

વ્યક્તિગત સંઘર્ષ :

ઈસ્લામ દરેક વ્યક્તિને શસ્ત્ર ઉઠાવવાની પરવાનગી નથી આપતો. અલબત્ત જો કોઈ વ્યક્તિ આક્રમણનો શિકાર થઈ રહ્યો હોય તો તેને એ અધિકાર પ્રાપ્ત થઈ જાય છે કે તે આક્રમણખોરના વિરૂદ્ધ - ચાહે તે વ્યક્તિ હોય કે જૂથ - પોતાના સ્વરક્ષણ માટે શક્તિનો ઉપયોગ કરે. આ વ્યક્તિનો સ્વરક્ષણનો અધિકાર છે. શરીઅત (ઈસ્લામી કાનૂનશાસ્ત્ર) તેનો સ્વીકાર કરે છે. પરંતુ આ હક્ક આક્રમણ સામે સ્વરક્ષણનો હક્ક છે. તેને આક્રમણની સામે આક્રમણનો હક્ક સમજવો ન જોઈએ. મઝલુમને પણ તેની પરવાનગી નહીં હોય કે તે આક્રમણનો માર્ગ અપનાવે, કે પોતે જ અમલદાર બનીને પોતાની ઉપર થયેલ અત્યાચારનો બદલો લે. બદલો લેવા માટે તેણે અદાલતમાં ફરિયાદ કરવી પડશે અને અદાલત તેને તેના ઉપર જેટલો જુલ્મ થયો હશે તેટલો બદલો અપાવશે. આ વલણ માત્ર મુસ્લિમ રાષ્ટ્રો માટે જ નથી, બલ્કે બિનમુસ્લિમ રાષ્ટ્રો-જેમાં કાયદાનું શાસન છે-તે રાષ્ટ્રોમાં પણ આ વલણ અપનાવવામાં આવશે.

શક્ય છે કે ક્યાંક પેચીદી કાનૂની પ્રક્રિયાના કારણે ન્યાય મળવામાં વિલંબ થાય. તે જ રીતે એ સંભાવનાને પણ અવગણવી ન જોઈએ કે ક્યાંક કાનૂની પ્રક્રિયા રાજકીય પક્ષપાતનો શિકાર થઈ જાય, પરંતુ અંતિમ બાબત તદ્દન અપવાદરૂપ હશે, સાર્વજનિક નહીં. તેથી કોઈ વ્યક્તિ માટે સાવચેતીભર્યું વલણ એ જ છે કે તે કાનૂનની સર્વોચ્ચતાનો સ્વીકાર કરે અને બદલો કે ન્યાય માટે કાનૂનને જ પસંદગીપાત્ર સમજે. જો કોઈ વ્યક્તિ આ રીતે પણ રાજી ન થાય તો કોઈ ખાત્રી નથી કે તેને આ જુલ્મથી વધારે જુલ્મનો સામનો ન કરવો પડે. આ પરિસ્થિતિ એ વખતે છે જ્યારે આક્રમણ કરનાર કે હુમલાખોરનું આક્રમણ સમાપ્ત થઈ જાય અને કાનૂની કાર્યવાહીનો પ્રશ્ન સામે હોય. અલબત્ત જ્યારે કોઈ વ્યક્તિ ખરેખર આક્રમણનો સામનો કરી રહ્યો હોય ત્યારે તેને પોતાને પણ એ અધિકાર હશે કે તે આક્રમણખોર દુશ્મન વિરૂદ્ધ પોતાનો બચાવ કરે, ત્યાં સુધી કે આક્રમણખોર આ બચાવમાં કતલ પણ થઈ જાય તો તેનું લોહી માફ હશે પરંતુ આ અધિકાર ત્યાં સુધી બાકી રહેશે જ્યાં સુધી તે આક્રમણનો સામનો કરી રહ્યો હોય. જો તે પોતે શક્તિથી કે કોઈ ત્રીજો વ્યક્તિ આક્રમણખોરને આક્રમણથી રોકી દે તો સ્વબચાવનો આ અધિકાર ત્યાર પછી રહેતો નથી.

આક્રમણખોર વિરૂદ્ધ એટલો સંઘર્ષ કરવો કે તેના કતલ થઈ જવાનો અંદેશો હોય તે દુરસ્ત નથી. જેમ કે જો કોઈએ અકારણ કોઈને તમાચો મારી દીધો તો તેને એ હક્ક નથી કે બદલામાં તેના ઉપર બંદૂક ચલાવી દે.

એવો સ્વબચાવ જેમાં કોઈની જાન લેવાનો અંદેશો હોય ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓ

(ફુકહા) એ તેની મર્યાદાઓ અને નિયંત્રણો નક્કી કર્યા છે. ટૂંકમાં જ્યારે આક્રમણખોર કે જાલિમ એ અધિકારોને ઉચિત સમજવા લાગે જે કાનૂન અને ઇસ્લામી કાયદાશાસ્ત્ર (શરીઅત) મુજબ હરામ છે - એટલે કે જાન, માલ-મિલ્કત, ઈજ્જત-આબરૂ અને ઈમાન-તો તેની પ્રતિરક્ષામાં આક્રમણખોરની જાન લઈ શકાય છે. જો હુમલાખોર કોઈની જાન લેવા માંગતો હોય કે માલ-મિલ્કત લૂંટવા માંગતો હોય કે સન્માનનીય અને પવિત્ર અને ધાર્મિક ઓળખની માનહાનિ કે મર્યાદા ઉલ્લંઘન કરવા માંગતો હોય તો આવા વ્યક્તિ પોતાની પ્રતિરક્ષા માટે જાલિમની જાન પણ લઈ લે તો તેના ઉપર કોઈ પૂછપરછ નહીં થાય.

મઝલુમ કે હુમલાના શિકાર લોકોનું આચરણ જુદું જુદું હોઈ શકે છે. હિત અને ભલાઈના તકાદા મુજબ કોઈ એક રસ્તો અપનાવી શકાય છે. સંજોગોવસાત પણ તેમાં ફેરફાર થઈ શકે છે. દા.ત. જો કોઈ માલ લૂંટવા માંગતો હોય કે જાન લેવા માંગતો હોય તો આ બંન્ને સંજોગોમાં બે જુદાં જુદાં વિકલ્પો અપનાવી શકાય છે. દુશ્મનની જાન પણ લઈ શકાય છે અને માલ-મિલ્કત ઉપર હુમલો કરે તો તેની જાન લેવાની જરૂર ન પણ હોય.

વ્યક્તિને મળતા સ્વરક્ષણના આ અધિકારની દલીલો જાણીતી છે. વ્યક્તિનો આ હક્ક બધા જ કાનૂનોમાં સ્વીકારવામાં આવ્યો છે અને આ બુનિયાદી પ્રકારના અધિકાર માટે ઈસ્લામી કાનૂનમાં પણ કુર્આન અને હદીષથી પ્રમાણિત દલીલો મોજુદ છે.

રસૂલુલ્લાહ સલ્લ. એ ફરમાવ્યું :

"જે વ્યક્તિ પોતાના માલની સુરક્ષા માટે માર્યો જાય તે શહીદ (અલ્લાહની પ્રસન્નતા કાજે મોતને ભેટનાર), જે પોતાની જાનની રક્ષા માટે માર્યો જાય તે શહીદ અને જે પોતાના દીનની રક્ષા માટે માર્યો જાય તે શહીદ છે અને જે પોતાના ખાનદાનની સુરક્ષા માટે માર્યો જાય તે શહીદ છે." (અબુદાઉદ, પા.૨૪૭/૪, હદીષ નં. ૪૭૭૨)

આ હદીષથી એ બાબત જાણવા મળે છે કે જે વ્યક્તિ પોતાના માલ કે જાન કે દીન કે સન્માનનીય જીવંત સંબંધોની સુરક્ષા માટે માર્યો જાય તે શહીદ છે અને કુર્આને પાકની એક આયત મુજબ -

"....અને જે વ્યક્તિ લાચારીની હાલતમાં કતલ કરવામાં આવે તેના વાલી-વારસોને અમે કસાસ (સમાન બદલો)નો અધિકાર આપ્યો છે." (કુર્આન : સૂરઃ બની ઈસરાઈલ, ૩૨)

એક હદીષમાં ઉલ્લેખ છે; "જે વ્યક્તિ તમારા ઘરમાં છાનું ડોકિયું (Peep) કરે તેની આંખ ફોડી નાંખો, (તે) તમારા માટે ક્ષતિપૂર્તિ નથી."

સુપ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી અબ્દુલકાદિર ઓ'દાએ તેના ઉપર જે વિગતવાર પ્રકાશ પાડયો છે તેનું વર્ણન પાછળના પાનાઓમાં આવી ગયું છે. વર્તમાન યુગના એક સુવિખ્યાત અને વિશ્વાસુ લેખક વહબિલા ઝહીલી આ વિશે લખે છે;

"શરીઅત (ઈસ્લામી કાનૂનશનસ્ત્ર)માં આત્મરક્ષા અંગેના જેટલા પણ કાયદાઓ અને બંધનો છે તે બધાને અનુલક્ષીને આત્મરક્ષા માટે કતલનો અધિકાર છે."

વ્યક્તિગત રીતે કોઈના વિરૂદ્ધ પ્રાણઘાતક સંઘર્ષનું માત્ર આ જ એક સ્વરૂપ છે. તેના સિવાય કોઈપણ સંજોગોમાં હથિયાર ઉઠાવવાની પરવાનગી નથી. આ અધિકારનો ઉપયોગ સામાન્ય રીતે પ્રતિબંધિત નથી, બલ્કે ઈમામ અબુ હનીફા રહ. ના મતે આ અધિકારનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. કેટલાક અન્ય ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓનો પણ આ જ મત છે. અલબત્ત, તેના ઉપયોગ અંગે સંજોગો અને સમયની બાંધછોડ કરી શકાય છે. દા.ત. જો સમાજમાં અશાંતિ અને ફિત્ના તથા ઉપદ્રવનો માહોલ હોય તેમજ આવા સંજોગોમાં કોઈની જાન લેવી ઉપદ્રવને ભડકાવવાનું કારણ બને તો વ્યક્તિ પોતાની રીતે એ નિર્ણય કરી શકે છે કે તેણે હુમલાખોરથી પ્રતિરક્ષા કેવી રીતે કરવી જોઈએ. પરંતુ જો સંજોગો ખતરનાક રીતે ઉપદ્રવી ન હોય તેમજ ફિત્ના અને બગાડનો ભય ન હોય તો પોતાના અધિકારનો ઉપયોગ કરવો વધુ જરૂરી છે. એટલા માટે કે તે પણ ઉપદ્રવ અને બગાડ વિરૂદ્ધ એક કાર્યવાહી જ બનશે.

સામાજિક અશાંતિના સંજોગોની જે હદીષો છે, તેની સમજૂતિથી માલુમ પડે છે કે મૂળ હેતુ ઉપદ્રવનું નિવારણ છે. સામાજિક અશાંતિના સંજોગોમાં જાન લેવાથી ઉપદ્રવમાં વધારો થવાની પૂરી સંભાવના હોય છે. તેથી આવા સંજોગોમાં જાનનું બલિદાન આપવું બંહેતર છે. શાંતિની હાલતમાં ઉપદ્રવીઓ-ગુન્હેગારો સાથે નરમ વ્યવહાર કરવો કે છૂટછાટ આપવી તે ઉપદ્રવને ઉત્તેજન આપવાનું કારણ બને છે. તેથી સામાન્ય સંજોગોમાં પોતાના ઉપર થતાં હુમલાઓની પ્રતિરક્ષા કરવી જોઈએ. વિશેષ સંજોગો વિશે જે હદીષોનો ઉલ્લેખ છે તેનું અર્થઘટન અને સમજૂતિ સાચી અને યોગ્ય પશ્ચાદભૂમિમાં થવા જોઈએ. આ પ્રકારની ઘણી હદીષો આગળ આવશે, અહીં બે હદીષોનો ઉલ્લેખ કરેલ છે.

"રસૂલુલ્લાહ સલ્લ.એ ફરમાવ્યું; નજીકના ભવિષ્યમાં જ ફિત્નાઓ ઉભા થશે. જેમાં બેસી રહેનાર ઊભા રહેનાર કરતાં બહેતર હશે અને ઊભો રહેનાર ચાલનાર કરતાં બહેતર હશે અને ચાલવાવાળો દોડવાવાળા કરતાં બહેતર હશે. જે તેમાં ડોકિયું કરશે તે તેમાં જઈ પડશે. જે તેનાથી બચી શકતો હોય તો બચી જાય કે આશ્રય પ્રાપ્ત કરવા માંગતો હોય તો તે આશ્રય પ્રાપ્ત કરી લે." (સહીહ બુખારી, કિતાબુન્ નફસ, પા. ૨૧૬-૨૧૭/૪)

આ પ્રકારના અર્થઘટનવાળી એક રિવાયત (નોંધ) અબુદાઉદ (હદીષસંગ્રહ) માં પણ છે. તે નોંધમાં આ પ્રમાણે વધારો છે.

"રસૂલુલ્લાહ સલ્લ.એ ફરમાવ્યું; .....જેની પાસે ઊંટ હોય તે પોતાની જમીનમાં ચાલ્યો જાય. પૂછવામાં આવ્યું, જેની પાસે પોતાની કોઈ ચીજ-વસ્તુ ન હોય તો ! ફરમાવ્યું, તો પછી પોતાની તલવાર કાઢે અને તેની ધાર ચટ્ટાન ઉપર ઘસીને તેજ કરી લે, પછી જે રીતે શક્ય હોય પોતાને બચાવવાનો પ્રયત્ન કરે."

ઉપરોક્ત બંને હદીષોનો સંબંધ મુસ્લિમ સમાજ સાથે છે. જો કોઈ મુસ્લિમ સમાજમાં ઉપદ્રવીઓ વર્ચસ્વ પ્રાપ્ત કરી લે તો સામાન્ય વ્યક્તિ શક્ય હોય તે રીતે પોતાને બચાવે અને ઉપદ્રવીઓથી મુકાબલો કરવાથી દૂર રહેવું જોઈએ. સશસ્ત્ર પ્રતિકાર સિવાય પોતાના બચાવ માટે હર સંભવ કોશિશ કરવી જોઈએ. બીજી હદીષમાં સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે તલવાર ઉઠાવ્યા વગર પોતાની જાન બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, એટલા માટે કે ફિત્ના (ઉપદ્રવ) ના મુકાબલામાં તલવાર ઉઠાવવાથી તેનો વ્યાપ વધી જાય છે અને તેને સ્થાયિત્વ અને નિત્યતા તેમજ મજબૂતાઈ પ્રાપ્ત થાય છે.

કોઈ મિશ્ર સમાજમાં પણ આવી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. ઉદાહરણ તરીકે મિશ્ર સમાજમાં સાંપ્રદાયિકતાના કારણે અશાંતિનો માહોલ છે. આ સંજોગોમાં કોઈના હુમલાના જવાબમાં અશાંતિ ફેલાવાનો વધુ ભય રહે છે અને જો હુમલાનો જવાબ આપવામાં ન આવે તો મજબૂત ભરોસો છે કે હુમલાખોર સામાન્ય રીતે નૈતિક અને ભૌતિક હિમાયતથી વંચિત થઈ જશે. તેમાં કોઈ નુકસાન નથી કે વ્યક્તિ પોતાનું બલિદાન આપીને આ અશાંતિને સ્થાયિત્વ પ્રાપ્ત કરવાથી રોકી લે.

બાબત માત્ર જાન લેવાની કે આપવાની નથી ! જાનનો સોદો તદ્દ્ન આખરી અને અંતિમ સંજોગોમાં થાય છે. તેનાથી પહેલા પણ વિવિધ તબક્કાઓ હોય છે. જેમ કે એક પક્ષકાર ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરી રહ્યો છે, તેના મુકાબલામાં એક કાર્યપદ્ધતિ એ છે કે તેના ઉપર ધ્યાન જ આપવામાં ન આવે તેમજ દીન અને મિલ્લતના બહેતર હિત અને ભલાઈને ખાતર આવા ઉત્તેજીત કરતા સૂત્રોચ્ચારને અવગણવામાં આવે. એક બીજું વર્તન એ પંણ હોઈ શકે કે તેનો જવાબ સૂત્રોચ્ચાર કે કોઈ બીજી રીતે આપવામાં આવે. જો એવી શક્યતા હોય કે આપણે આ નારાઓના જવાબમાં પથ્થર પણ ફેંકી દીધો તો જવાબ ગોળીઓની રમઝટથી મળશે તો આવી પરિસ્થિતિમાં હ્દયભગ્નતા ઉપર ધીરજ રાખવી બહેતર છે અને આ દુષ્ટાચાર વિરૂદ્ધ કાનૂની કાર્યવાહી કરવી ઉચિત છે.

સામૂહિક સંઘર્ષ :

સામૂહિક સ્તરે શક્તિના ઉપયોગથી આશય એ છે કે મુસ્લિમ સમાજમાં મુસલમાનોનું એક જૂથ બીજા જૂથ સાથે અથડામણમાં ઉતરી આવે અથવા મિશ્ર સમાજમાં બિનમુસ્લિમો અને મુસલમાનો દરમ્યાન લડાઈ થઈ જાય. ઈસ્લામી શિક્ષા મુજબ બંને સ્થિતિમાં કેટલાક પ્રસંગોએ પ્રાધાન્ય એ બાબતને હશે કે મોમિન (ઈમાન ધરાવનારા) હથિયાર ન ઉઠાવે, બલ્કે કેટલીક વખતે હથિયાર ન ઉઠાવવા આવશ્યક હશે. વિશેષતઃ મિશ્ર સમાજમાં મુસ્લિમો તરફથી કોઈપણ પ્રકારની અથડામણની પરવાનગી નહીં હોય.

મુસ્લિમ સમાજમાં જૂથ અથડામણનું કોઈ દૃષ્ટાંત રિસાલતકાળમાં જોવા મળતું નથી. અલબત્ત 'અબ્વાબુલ ફતન્' (ફિત્ના-ઉપદ્રવ વિશે નોંધ) ના વિષયે મોહદ્દેષીને (હદીષના વિદ્વાનોએ) એવી ઘણી રિવાયતો (વર્ણનો-કથન) નોંધેલ છે, જે આ સંદર્ભમાં માર્ગદર્શન કરે છે અને ઘણાં ઉચ્ચતમ સહાબા રદિ. (પયગમ્બરના સાથીઓ) નો આદર્શ આપણી સમક્ષ છે.

ઉસ્માની ખિલાફતકાળમાં મદીનામાં એવી સ્થિતિ ઊભી થઈ ગઈ કે કેટલાક ઉપદ્રવીઓએ મદીના પર કબજો કરી લીધો, મુસલમાનોના ખલીફાને નજરકેદ કરી લેવામાં આવ્યા. આ વખતે મોટાભાગના સહાબા-એ-કિરામ રદિ. અલગ રહ્યા. એટલા માટે કે આવી પરિસ્થિતિમાં હથિયાર ઉઠાવવા આ અવ્યવસ્થા-અશાંતિને મજબૂતાઈ અને સ્થાયિત્વ બક્ષવા સમાન હતું. આ સંદર્ભમાં સહાબા-એ-કિરામ રદિ. (પયગમ્બરના આદરણીય સાથીઓ) એ નિમ્ન હદીષથી દલીલ કરેલ છે.

"હઝરત અબુઝર ગિફ્ફારી રદિ. નું કથન છે કે રસૂલુલ્લાહ સલ્લ. એ મને ફરમાવ્યું; હે અબુઝર ! મેં પ્રત્યુત્તરમાં કહ્યું, હાજર છું, હે રસૂલુલ્લાહ. ત્યાર પછી આ હદીષ બયાન કરી. જેમાં છે કે, આપ સલ્લ. એ ફરમાવ્યું; અબુઝર ! તે વખતે તમારો શું હાલ હશે જ્યારે લોકોને એવી મોતનો સામનો કરવો પડશે જેમાં સેવાના બદલામાં કબ્ર હશે. મેં કહ્યું, અલ્લાહ અને તેના રસૂલ વધુ જાણે છે અથવા એમ કહ્યું, અલ્લાહ અને તેના રસૂલ મારા માટે જે પસંદ કરે.આપ સલ્લ. એ ફરમાવ્યું; તમારા ઉપર સબ્ર (ધીરજ, ધૈર્ય) અનિવાર્ય છે, અથવા એમ ફરમાવ્યું, તો સબ્ર કરો. ત્યાર પછી આપ સલ્લ. એ ફરમાવ્યું; હે અબુઝર ! મેં અરજ કરી, હાજર છું હે અલ્લાહના રસુલ ! આપ સલ્લ. એ ફરમાવ્યું; તમારૂં એ વખતે શું થશે જ્યારે તમે જોશો કે 'એહજારૂલ ઝૈત'(ઝયતુનનો પર્વત) લોહીમાં ડૂબી ગયો હશે. હઝરત અબુઝર રદી. એ અરજ કરી, અલ્લાહ અને તેના રસૂલ વધુ જાણે છે અથવા જે અલ્લાહ અને તેના રસૂલ મારા માટે પસંદ કરે. તો આપ સલ્લ. એ ફરમાવ્યું; તમે એ લોકોની સાથે રહેજો જેમની સાથે હતા.

(એટલે કે જેના હાથ ઉપર બૈત કરી તેની સાથે રહેજો). હઝરત અબુઝર રદિ. ફરમાવે છે કે મેં અરજ કરી, હે અલ્લાહના રસૂલ, આવી સ્થિતિમાં શું હું તલવાર ઉઠાવીને ખભા ઉપર ન મૂકું. તો આપ સલ્લ. એ ફરમાવ્યું, પછી તો તમે પણ એ લોકોમાંથી થઈ જશો. મેં અરજ કરી, તો પછી આપનો મારા માટે શું હુકમ છે? આપ સલ્લ. એ ફરમાવ્યું; પોતાના ઘરમાં બેસી રહો. મેં અરજ કરી, જો તેઓ મારા ઘરમાં પણ દાખલ થઈ જાય તો? આપ સલ્લ. એ જવાબ આપ્યો, જો તમને એ ભય હોય કે તલવારની ચમક તમને ડરાવી દેશે તો પોતાના ચહેરા ઉપર કપડું ઢાંકી લો, કાતિલ તેનો અને તમારો ગુનો પોતાના શીરે લઈ લેશે."

(સનદ : અબુદાઉદ, કિતાબુલફતન્ વલ મલાહિમ)

આ લાંબી હદીષથી એ બાબતનું ચોક્કસ સ્પષ્ટીકરણ થાય છે કે સામૂહિક અવ્યવસ્થા અને અશાંતિની સ્થિતિમાં ઇસ્લામની તાલીમ એ છે કે વ્યક્તિ પોતાના પ્રાણ આપી દે પરંતુ મુકાબલો ન કરે. મુકાબલાથી આ અવ્યવસ્થા અને અશાંતિને સ્થાયિત્વ અને મજબૂતાઈ મળે છે. જો મુકાબલો કરવામાં ન આવે તો નિશાન ચૂકી ગયેલ તીરની જેમ ત્વરિત તેનો જોશ સમાપ્ત થઈ જતો હોય છે અને તે પોતે પોતાની મોતે મરે છે.

હદીષશરીફના અંતિમ શબ્દો 'જો તને એ ડર હોય કે તલવારની ચમક તને ભયભીત કરી દેશે તો પોતાના ચહેરા પર કપડું ઢાંકી લે' એટલી સ્પષ્ટ છે કે આવા સંજોગોમાં કોઈપણ સ્વરૂપે વ્યક્તિ આ અરાજકતાનો ભાગીદાર ન બને. પ્રાણ જાય તો જવા દે, પરંતુ હથિયાર ન ઉઠાવે. જો એક વખતે હથિયાર ઉઠાવી લીધા તો આ અરાજકતા મજબૂત થઈ જાય છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર રદિ.ના ખિલાફતના દાવા પછી હિજાજ (અરબસ્તાનનો એ પ્રદેશ જ્યાં મક્કા અને મદીના શહેર આવેલા છે) ના પ્રદેશમાં આવી જ સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ હતી કે મુસલમાનો પરસ્પર એક બીજાના વિરૂદ્ધ મુકાબલામાં આવી ગયા હતા. તેને પણ સહાબા કિરામ રદિ. એ સામૂહિક ઉપદ્રવ સમાન ઠેરવી પોતાને આ સમગ્ર ઘટનાક્રમથી અલગ રાખ્યા. હઝરત ઈબ્ને ઉમર રદિ. થી એક હદીષ છે :

"ઈબ્ને ઝુબેર રદિ. ના પ્રસંગ દરમિયાન ઈબ્ને ઉમર રદિ. ની પાસે બે માણસો આવ્યા અને કહ્યું; ઈબ્ને ઉમર ! લોકો નકામા અને નિરૂપયોગી થઈ ગયા અને તમે સહાબી-એ-રસૂલ (રસૂલના સાથી) છો ! તમને કઈ બાબત રોકે છે આ પરિસ્થિતિમાં બહાર નીકળતાં ? ઈબ્ને ઉમર રદિ. એ જવાબ આપ્યો; 'મારા ઉપર મારા ભાઈનું લોહી હરામ (અવૈદ્ય) છે, તેથી નીકળતો નથી.' તેમણે કહ્યું કે અલ્લાહતઆલાનું ફરમાન છે 'કાતલુહુમ હત્તા લાતકુલુ ફિત્નહ'. (લડો, જ્યાં સુધી ફિત્નો સમાપ્ત ન થઈ જાય). ઈબ્ને ઉમર રદિ. એ

જવાબ આપ્યો, 'અમે યુદ્ધ કર્યું ત્યાં સુધી કે ફિત્નો (ઉપદ્રવ) ખતમ થઈ ગયો અને દીન અલ્લાહ માટે વિશિષ્ટ થઈ ગયો અને તમે યુદ્ધ કરો છો કે ઉપદ્રવ થાય અને દીન ગૈરૂલ્લાહ (અલ્લાહ સિવાય અન્ય)નો થઈ જાય." (બુખારી)

ઈબ્ને ઉમર રદિ. અને ઈબ્ને ઝુબેર રદિ.ના યુગમાં થયેલ જંગને ફિત્નો (ઉપદ્રવ) મુરાદ લીધેલ છે અને આવી સ્થિતિમાં બિનપક્ષકાર રહેવાને શરીઅત અનુસાર સમજેલ છે.

ફિત્ના (ઉપદ્રવ) ની સ્થિતિની એક અન્ય હદીષ જે ઉપરોક્ત હદીષની સનદમાં વધારો કરે છે તે નીચે મુજબ છે.

"હુસૈન અબ્દુર્રહમાન અલ શજઈનું કથન છે, તેમણે હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિ. થી અને તેમણે રસૂલુલ્લાહ સલ્લ. થી નોંધ્યું છે કે, 'મેં પૂછ્યું કે હે અલ્લાહના રસૂલ ! જો તેઓ મારા ઘરમાં દાખલ થઈ જાય અને મને કતલ કરવા રંજાડવાનું શરૂ કરે તો ? આપ સલ્લ.એ જવાબ આપ્યો; 'તો એ અમલ કરો જે આદમ (અલૈ.) ના બે પૂત્રોમાંથી એક પૂત્રએ કર્યો, ત્યારબાદ આ આયત તિલાવત કરી."

આ હદીષમાં આદમ (અલૈ.)ના બે પૂત્રો દરમિયાન બનેલ પ્રસંગ તરફ નિર્દેશ છે. તે પ્રસંગ વિગતવાર કુર્આનેપાકમાં વર્ણવેલ છે. પ્રસંગ આ પ્રમાણે છેઃ

"અને તેમને જરા આદમના બે પૂત્રોનો કિસ્સો પણ સાચોસાચ સંભળાવી દો. તે બંનેએ કુરબાની કરી તો તેમના પૈકી એકની કુરબાની કબૂલ કરવામાં આવી અને બીજાની ન કરવામાં આવી. તેણે કહ્યું, 'હું તને મારી નાંખીશ.' તેણે જવાબ આપ્યો, 'અલ્લાહ તો પરહેજગાર (સંયમી) લોકોનાં જ અર્પણ સ્વીકારે છે. જો તું મને મારી નાંખવા માટે હાથ ઉગામશે તો હું તને મારી નાંખવા માટે હાથ નહીં ઉગામું, હું અલ્લાહ, સૃષ્ટિના માલિકથી ડરું છું. હું ચાહું છું કે મારો અને તારો ગુનો તું જ તારા માથે લઈ લે અને દોઝખી બનીને રહે. જુલ્મીઓના જૂલ્મનો આ જ યોગ્ય બદલો છે." (કુર્આન : સૂરઃ માઈદહ, આ. ૨૭-૨૯)

મુસ્લિમ સમાજમાં એક સ્થિતિ એ ઊભી થઈ શકે છે કે સત્તા એવા લોકોના હાથોમાં જતી રહે જેઓ શરીઅત (ઇસ્લામી કાયદા) ના આવશ્યક ધોરણ મુજબ ન હોય. હદીષશરીફથી માલુમ પડે છે કે તેમનું પણ અનુસરણ કરવામાં આવે, બલ્કે જો તેઓ જુલ્મ પણ કરવા લાગે, કે વ્યક્તિગત રીતે શરઈ હુકમો (ઇસ્લામી કાનૂન) માં ગફલત કરવા લાગે તો પણ તેમના વિરૂદ્ધ વિદ્રોહ કે તેમને સત્તાથી હટાવી દેવાની કોશિશ કરવામાં નહીં આવે ત્યાં સુધી કે શાસક એવા નિયંત્રણો મૂકવા લાગે કે દીન ઉપર અમલ કરવો મુશ્કેલ થઈ જાય. હદીષશરીફમાં ઉલ્લેખ છેઃ

"મારા પછી એવા શાસકો આવશે જેઓ મારા લાવેલ માર્ગદર્શનનું અનુકરણ નહીં કરે, અને ન તો મારી સુન્નત (જે કાર્ય પયગમ્બરે કર્યું હોય તે)નું અનુકરણ કરશે. તેમાં એવા લોકો પણ ઊભા થશે જેઓના હૃદય એવા હશે જાણે માણસના શરીરમાં શયતાનનું હૃદય. (રિવાયત કરનાર કહે છે) મેં પૂછ્યું; જો મને તે (જમાનો) મળે તો હું શું કરૂં? આપ સલ્લ. એ ફરમાવ્યું; શાસકનું અનુસરણ કરો, ચાહે તે તમારી પીઠ (ઉપર કોડા) મારે કે તમારો માલ છિનવી લે. (એક રિવાયતમાં છે) પૂછવામાં આવ્યું; હે અલ્લાહના રસૂલ! શા માટે અમે તલવારથી તેઓનો મુકાબલો ન કરીએ? આપ સલ્લ. એ ફરમાવ્યું; નહિં, જ્યાં સુધી તેઓ તમારા દરમિયાન નમાઝની સ્થાપના કરતા રહે."

(સહીહ મુસ્લિમ, કિતાબુલ ઈમારહ, તા. ૧૪૭૬/૩)

એક અન્ય હદીષમાં છે :

"મારા પછી તમે સ્વાર્થીપણું અને એવા કામો જોશો જે તમને પસંદ નહીં હોય. લોકોએ પૂછ્યું; તો પછી આપ અમોને કઈ બાબતનો હુકમ આપો છો, હે અલ્લાહના રસૂલ! ફરમાવ્યું; તેના (શાસકોના) હક્કો અદા કરો અને પોતાના અધિકારો મારાથી માંગો."

(બુખારી, કિતાબુલ ફતન, પા. ૩૧૩/૪)

આ અર્થઘટનવાળી અન્ય હદીષો પણ છે, જેનાથી અંદાજ આવે છે કે મિલ્લતે ઈસ્લામિયાનું ઉચ્ચતમ હિત અને ફાયદો એમાં છે કે શાસક વિરૂદ્ધ વિદ્રોહ ન કરવામાં આવે, ચાહે શાસક જાલિમ જ કેમ ન હોય. જ્યાં સુધી શાસક દીનના માર્ગમાં અવરોધરૂપ ન હોય ત્યાં સુધી તેના વિરૂદ્ધ વિદ્રોહ નિષિદ્ધ છે. હદીષવેત્તાઓ અને ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓ (ફુકહા) નો આ જ મત છે. જો કે ઈમામ અબુ હનીફાનો એ અભિપ્રાય નોંધવામાં આવ્યો છે કે તેઓ જાલિમ શાસક વિરૂદ્ધ બગાવતને સ્વીકારતા હતા. અલબત્ત તેમના સિવાય તમામ ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓ તેનાથી વિરૂદ્ધ સ્વીકૃત અભિપ્રાય ઉપર એકમત છે.

ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓએ ઉપરોક્ત સમજૂતિવાળી હદીષો ઉપરાંત મિલ્લતે ઈસ્લામિયાના સામૂહિક ફાયદા અને ભલાઈને જોતાં આ નિર્ણય કર્યો છે. કેમ કે મોટાભાગે તો ક્રાંતિઓ (બળવો) સફળ થતી નથી અને જે સફળ પણ થાય છે તેમાં પણ અત્યાર સુધીનો અનુભવ એ છે કે સામાન્યતઃ પહેલાંથી વધારે ખરાબ શાસકો મળ્યા. તદ્ઉપરાંત ઈન્કિલાબમાં જે ખૂનરેજી અને મિલ્લતના લોકોનાં જીવન હોમાય છે તથા જે રીતે એકબીજાના હાથે મિલ્લતના લોકો ખૂનરેજીનો શિકાર થાય છે તે બૂરાઈ પણ ઓછી નથી.

તેનાથી વિપરિત એકતરફી નિઃશસ્ત્ર કોશિશ પ્રથમ દૃષ્ટિએ બિનફાયદાકારક લાગે

છે પરંતુ પરિણામનો વિચાર કરીએ તો તે ફાયદાકારક છે. દયાવાન પયગમ્બર સલ્લ. નું આહવાન પણ ખરેખર તો એક નિઃશસ્ત્ર કોશિશ જ હતી. આપ સલ્લ. જ્યાં સુધી મક્કામાં રહ્યા, માત્ર દીનનું આમંત્રણ આપતાં રહ્યાં અને આપના આ જ તનતોડ પરિશ્રમના પરિણામે ત્યારપછી મદીનામાં ઇસ્લામી શાસનની સ્થાપના થઈ.

ઇસ્લામી ઈતિહાસમાં પણ આવા ઘણાં ઉદાહરણો મોજુદ છે. જેમ કે શેખ અહમદ સરહિન્દી રહ. નું ક્રાંતિનું આહવાન નિઃશસ્ત્ર હતું, જેમણે મોગલ શાસક અકબરના 'દીને-ઈલાહી' ને ચોટ લગાવી અથવા વર્તમાન સમયના આંદોલનોમાં ઈરાનનું આંદોલન પૂર્ણપણે નિઃશસ્ત્ર હતું અને સંપૂર્ણ સફળતાને વર્યું.

જાલિમ શાસકો સામે બગાવત ન કરવા ઉપરાંત કેટલીક હદીષો પોતાની દલીલોના સંદર્ભે સ્પષ્ટ છે. જેમાં એ શિક્ષા આપવામાં આવી છે કે મુસલમાન મુસલમાન વિરૂદ્ધ હથિયાર ન ઉઠાવે. એક હદીષમાં છે :

"હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ. રસૂલુલ્લાહ સલ્લ. નું કથન નોંધે છે કે મારા પછી કાફિર ન બની જશો કે એકબીજાના ગળા કાપવા લાગો."

(સહીહ બુખારી, કિતાબુલ ફતન્, પા. ૩૧૬/૪)

સહીહ બુખારીમાં એક અન્ય હદીષ છે.

"જેણે અમારી સામે શસ્ત્રો ઉઠાવ્યા, તે અમારામાંથી નથી."

(સહીહ બુખારી, કિતાબુલ ફતન, પા. ૩૧૫/૪)

એક અન્ય હદીષ છે :

"જ્યારે મુસલમાન પોતાના ભાઈ તરફ હથિયારથી ઈશારો કરે તો તે બંને દોજખ (નર્ક) ના કિનારા ઉપર હોય છે, જ્યારે તે તેને કતલ કરી નાંખે છે તો બંને દોજખમાં જઈ પડે છે." (જામેઅ સગીર, પા. ૧૨૨/૧)

ચર્ચાનો ખૂલાસો એ છે કે મુસ્લિમ સમાજમાં પરસ્પર એકબીજાના વિરૂદ્ધ ન તો હથિયાર ઉઠાવવાની પરવાનગી છે અને ન સ્થાપિત શાસન વિરૂદ્ધ સશસ્ત્ર સંઘર્ષની. બંને સંજોગોમાં હથિયાર ઉઠાવવું એ ઉપદ્રવનું દ્વાર ખોલવા સમાન ગણાય છે.

એક ત્રીજું સ્વરૂપ એ હોઈ શકે છે કે મુસ્લિમ અને બિનમુસ્લિમ એક સાથે રહેતા હોય. સમાજ બહુધર્મી અને મિશ્ર હોય. સશસ્ત્ર સંઘર્ષના સંદર્ભે આવો સમાજ પણ મુસ્લિમ સમાજથી ભિન્ન નથી. આવા સમાજમાં પણ એકબીજાના વિરૂદ્ધ હથિયાર ઉઠાવવા કે સશસ્ત્ર

લડાઈની શરૂઆત કરવાની પરવાનગી નથી. તે અંગેની દલીલોમાંથી કેટલીક દલીલોનું નીચે વર્ણન છે.

રિસાલતકાળમાં મક્કાનો સમાજ આ જ પ્રકારનો બહુધર્મી મિશ્ર સમાજનો એક નમૂનો હતો. આ સમાજમાં મુશ્રિકો (અનેકેશ્વરવાદી) ઉપરાંત મુસલમાનો રહેતા હતા અને કેટલાક ઈસાઈ આરબો હતા. આ સમાજમાં નબી સલ્લ. નો અમલ એ રહ્યો કે આપ સલ્લ. એ શાંતિપૂર્વક દીનનું આમંત્રણ આપ્યું અને કોઈને પણ શસ્ત્ર ઉઠાવવાની પરવાનગી આપી નહીં. જો કે ત્યાં મુસલમાનો ઉપર અનહદ જુલ્મ અને અત્યાચાર થઈ રહ્યો હતો અને મુસલમાનોને માત્ર સત્યરાહ કાજે સતાવવામાં આવી રહ્યા હતા. પરંતુ આપ સલ્લ. એ ધૈર્ય અને સહનશીલતાની શીખ આપી અને કોઈપણ પ્રકારની બદલાની ભાવનાથી દૂર રહ્યા. કેટલાક પ્રભાવશાળી સહાબાકિરામ રદિ. જેવા કે હઝરત ઉમર રદિ., હઝરત હમઝહ રદિ. વગેરે ઈચ્છતા હતા કે મુશ્રિકોના આ અત્યાચારનો જડબાતોડ જવાબ આપવામાં આવે પરંતુ નબી સલ્લ. હંમેશા તેનાથી દૂર રહ્યા અને શક્તિના ઉપયોગની મનાઈ ફરમાવતા રહ્યા.

નબી સલ્લ. નું આચરણ એ હતું કે જુલ્મ અને અત્યાચારના મુકાબલામાં પણ સામાન્ય રીતે ક્ષમા અને દરગુજરથી કામ લેતા હતા. સહાબા કિરામનું પ્રશિક્ષણ પણ એ રીતે કરતા હતા કે ભલાઈના બદલામાં ભલાઈ કરે, જુલ્મના મુકાબલામાં ક્ષમા અને દરગુજરથી કામ લે અને જો બદલો લેવો હોય તો અતિરેક ન કરે. એક હદીષમાં છે :

"પોતાના મનને એની આદત પાડો કે જો લોકો તમારા સાથે સારૂં વર્તન કરે તો તમે પણ (સારૂં વર્તન) કરો અને જો ખરાબ વર્તન કરે તો પણ જુલ્મ ન કરો" (સનન્ તિરમિઝી)

આવી સમજૂતિવાળી એક અન્ય હદીષ છે.

"જે તારાથી સંબંધ વિચ્છેદ કરે તો તેની સાથે સુમેળ કર અને જે તારા ઉપર જુલ્મ કરે તેને માફ કરી દે અને જે તારી સાથે ખરાબ વર્તન કરે તો તું તેની સાથે સારૂં વર્તન કર."

(જામેઅ સગીર, પા. ૭૦૪/૨)

મક્કાના સમગ્ર જીવનમાં આપ સલ્લ.ની કાર્યશૈલી ક્ષમા અને દરગુજર તથા ધીરજ અને સહનશીલતાની હતી. જાલિમોએ હેરાન-પરેશાન કરવામાં કોઈ કસર બાકી રાખી ન હતી પરંતુ આપ ધૈર્ય અને સહનશીલતાની ચટ્ટાન બનીને રહ્યા. જાલિમનું વર્તન આ જુલ્મ અને અત્યાચાર ઉપર ન બદલાયું બલ્કે હઝરત સુમૈયા રદિ. ને શહીદ કરી દીધા. તેમ છતાં માનવતાના પયગમ્બર સલ્લ. એ કોઈ પ્રતિક્રિયાનું પ્રદર્શન ન કર્યું બલ્કે યાસિરના

પરિવારજનોને ધીરજની શીખામણ આપી.

"હે યાસિરના કુટુંબીજનો, ધૈર્ય રાખો, તમારૂં ઠેકાણું જન્નત છે."

(ઝાદુલ ઈમાદ, પા. ૨૨/૩)

મક્કામાં આપ સલ્લ. ના શ્રેષ્ઠતમ આદર્શથી એ સાબિત થાય છે કે મિશ્ર સમાજમાં યુદ્ધની પરવાનગી આપી શકાય નહીં. કેમ કે આવી સ્થિતિમાં યુદ્ધ કરવું સામાન્ય રીતે પરિણામલક્ષી હોતું નથી બલ્કે દીનના આમંત્રણના કાર્યમાં પણ અવરોધ ઊભા થાય છે.

વર્તમાન યુગના મિશ્ર સમાજોની પણ લગભગ આ જ સ્થિતિ છે. નબી કરીમ સલ્લ. ના મક્કાકાળનો શ્રેષ્ઠતમ આદર્શ અનુકરણીય નમૂનો છે. મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમરીએ આ પ્રકારની પરિસ્થિતિના સંદર્ભમાં વિભિન્ન દૃષ્ટિકોણની સમીક્ષા કરતાં લખ્યું છે :

"એ બાબત સાચી છે કે ઈસ્લામ પ્રભૂત્વ અને ખ્યાતિપ્રાપ્ત ઉચ્ચ ગૌરવવંતુ પદ ચાહે છે પરંતુ જે બિનમુસ્લિમ રાષ્ટ્રમાં (દીનના) આમંત્રણના પ્રચારની તકો પ્રાપ્ત હોય અને ત્યાં દીનના આમંત્રણનું કાર્ય ચાલુ હોય અને તેના માર્ગમાં સહન ન થઈ શકે તેવાં અવરોધો-રૂકાવટો પણ ન હોય તો ત્યાંથી ન હિજરત થશે અને ન તો તે દેશમાં જિહાદ થશે. રસૂલુલ્લાહ સલ્લ. દ્વારા જે મહાન ઈન્કલાબ ઉદ્ભવ્યો તેનો પ્રારંભ મક્કામાં વ્યક્તિગત અને સામૂહિક આહ્‌વાન અને આમંત્રણથી થયો. આપ સલ્લ. એ વ્યક્તિગત રીતે પણ અલ્લાહનો પૈગામ પહોંચાડ્યો અને મક્કાની શેરીઓ અને મહોલ્લાઓમાં પણ આપ સલ્લ. દ્વારા સત્યનો પોકાર બુલંદ થતો રહ્યો. જ્યાં સુધી મક્કાવાસીઓએ સત્યદીનના આહ્‌વાનનો માર્ગ બંધ ન કરી દીધો અને મક્કામાંથી આપને દેશવટો આપવાનો અને કતલ કરી નાંખવાનો નિર્ણય ન કરી લીધો ત્યાં સુધી આપ સલ્લ. એ ન તો મદીના હિજરત કરી અને ન મક્કામાં રહેતાં તેઓ સાથે લડાઈ કરી." (મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમરી, તેહકીકાતે ઈસ્લામી, જાન્યુ-માર્ચ, ૨૦૦૧, પા. ૧૯-૨૦)

અહીં એ ટીકા કરવી યોગ્ય નહીં હોય કે મક્કામાં 'જિહાદ' ફરજીયાત જ ન હતી. જો કે પોતાની જાન બચાવવી અને અત્યાચારનો જવાબ આપવાનો જ્યાં સુધી સંબંધ છે તો આ અર્થમાં જિહાદ કે શક્તિના ઉપયોગની મનાઈ કયારેય પણ કરવામાં આવી નથી. પરંતુ મક્કામાં સલાહભર્યું અને ઈચ્છનીય એ હતું કે આ અધિકારનો ઉપયોગ કરવામાં ન આવે તેથી આ અધિકારનો ઉપયોગ કરવામાં ન આવ્યો. મદીનામાં જ્યારે ઈસ્લામી રાજ્યની સ્થાપના થઈ ગઈ અને તેઓની પાસે સ્વબચાવ અને પ્રતિરોધ માટે જરૂરી ચીજ-વસ્તુઓ પ્રાપ્ય બની ગઈ ત્યારે યુદ્ધની પરવાનગી આપવામાં આવી. તેથી જિહાદની આયત 'ઈઝ્‌ન' (To allow,

Permit, પરવાનગી) શબ્દથી શરૂ થાય છે.

રાજયશાસન દ્વારા સંઘર્ષ :

શાસનના સ્તરે આ અધિકાર માત્ર ઈસ્લામી શાસનને જ પ્રાપ્ત છે કે તે આવશ્યક શરતો સાથે જિહાદનું એલાન કરે. તેમાં કેટલીક શરતો આ પ્રમાણે છે.

(૧) યુદ્ધ એક એવા નેતૃત્વ હેઠળ કરવામાં આવે જેને પોતાના સમૂદાય ઉપર શાસનનો અધિકાર પ્રાપ્ત હોય.

(૨) બીજી શરત એ છે કે જિહાદ-ફિ-સબીલિલ્લાહ (અલ્લાહની પ્રસન્નતા કાજે જિહાદ) કરવામાં આવે. માત્ર કોમી, પ્રાદેશિક ભેદભાવ, કે ધનસંપત્તિ અને સત્તાની પ્રાપ્તિ તેનું લક્ષ્ય ન હોય.

હદીષમાં ઉલ્લેખ છે :

"જે વ્યક્તિ અલ્લાહતઆલાનો કલમો બુલંદ થાય તે માટે જિહાદ કરે તે (જિહાદ) ફિ સબીલિલ્લાહ છે." (બુખારી, બાબ મનકાતલ લતકુન કલિમતુલ્લાહિયલ ઉલિયા)

એક અન્ય હદીષમાં છે :

"જે વ્યક્તિ સ્વમતાગ્રહ અને પૂર્વગ્રહ માટે લડે તે અમારામાંથી નથી અને જે સ્વમતાગ્રહ ઉપર મૃત્યુ પામે તે અમારામાંથી નથી." (અબુ દાઉદ, કિતાબુલ જિહાદ)

(૩) ત્રીજી શરત એ છે કે જિહાદનો ચોક્કસ હેતુ કે ધ્યેય હોય. હેતુસર કે ધ્યેય માટે હોવાનો અર્થ એ છે કે શરીઅતે (ઈસ્લામી કાનૂનશાસ્ત્રએ) જે ઉદ્દેશ્યો માટે જિહાદની પરવાનગી આપી છે માત્ર તેના અનુસંધાનમાં જ કરવામાં આવે અને જે સમય સુધી તેની પરવાનગી આપવામાં આવી હોય ત્યાં સુધી જ કરવામાં આવે.

(૪) ચોથી શરત એ છે કે તેમાં કોઈ અવૈધ રીત કે પદ્ધતિ અપનાવવામાં ન આવે.

આ શરતો સાથે મુસલમાનો જુલ્મ અને અત્યાચારના જવાબમાં મઝલુમ મુસલમાનોની સહાયતા માટે અને સત્ય સ્વીકારના માર્ગમાં અવરોધક પરિબળો વિરૂદ્ધ જિહાદ કરી શકે છે.

અલ્લાહતઆલાનું ફરમાન છે:

"પરવાનગી આપી દેવામાં આવી એ લોકોને જેમની વિરૂદ્ધ લડાઈ કરવામાં આવી રહી છે, કેમ કે તેઓ જુલ્મનો ભોગ બન્યા છે અને અલ્લાહ બેશક તેમની મદદ કરવા માટે સમર્થ છે. આ એ લોકો છે જેમને પોતાના ઘરોમાંથી નાહક કાઢી મૂકવામાં આવ્યા, માત્ર આ

કસૂર માટે કે તેઓ કહેતા હતા, 'અમારો રબ અલ્લાહ છે."

(કુર્આન : સૂરઃહજ્જ, આ. ૩૯-૪૦)

કોઈ જાલિમ કે આક્રમણખોર શક્તિ મુસલમાનો ઉપર હુમલો કરે તો તે પણ પોતાની સુરક્ષાનું સ્વરૂપ છે. કુર્આનમજીદમાં ઉલ્લેખ છે :

"અને તમે અલ્લાહના માર્ગમાં એ લોકો સાથે લડો જેઓ તમારી સાથે લડે છે, પરંતુ અતિરેક ન કરો...." (કુર્આન : સૂરઃબકરહ, આ. ૧૯૦)

કુર્આનેપાકની દૃષ્ટિએ આવશ્યકતાનુસાર આ બંને પ્રકારે જિહાદ કરવું વૈધ છે. પરંતુ તેમાં સમાન બદલો લઈ શકાય છે. કોઈ જુલ્મ અને અત્યાચારની પરવાનગી નથી. કેમ કે ઉપર ઉલ્લેખિત આયતમાં 'વલા તઅ્તદુ' (અને અતિરેક ન કર)થી હદ બાંધી દેવામાં આવી છે. આ પ્રકારની અન્ય આયતોમાં પણ આ હદબંદી મોજુદ છે તેથી અતિરેક કે અત્યાચાર બિનશરતી સંપૂર્ણપણે અવૈદ્ય છે, માત્ર બદલો જ વૈદ્ય છે.

આ બંને સ્વરૂપો પ્રતિરક્ષા માટેના યુદ્ધના છે. અતિરેક અને અત્યાચાર ચાહે વ્યક્તિની સ્વતંત્રતાના વિરૂદ્ધ હોય કે તેની આસ્થા અને ધર્મના વિરૂદ્ધ, બંને સંજોગોમાં ગુનો છે અને તેનો પ્રતિરોધ કરવો માનવીનો પ્રાકૃતિક હક્ક઼ છે.

આમ તો આ બંને સંજોગોમાં જિહાદની પરવાનગી છે પરંતુ જરૂરી નથી કે ગમે તે સ્થિતિમાં જિહાદ કરવામાં જ આવે. જો યુદ્ધ કે લડાઈ વગર પણ ધ્યેય સિદ્ધ થઈ શકે તેમ હોય અને મઝલુમને તેનો હક્ક આપી શકાય તેમ હોય તો, બહેતર એ છે કે યુદ્ધથી દૂર રહેવામાં આવે.

જિહાદના આ બંને પ્રકારો પ્રતિરક્ષાના છે. તે ઉપરાંત એક પરિસ્થિતિ એ પણ હોઈ શકે છે કે કોઈ જગ્યાએ મુસલમાનો નિર્બળ અને નિઃસહાય હોય, પોતાની આસ્થા અને ધર્મના કારણે જુલ્મ અને અત્યાચારનો ભોગ બની રહ્યા હોય અને કોઈ જાલિમ કોમે તેમના માટે જીવન દુષ્કર બનાવી દીધું હોય તો આવા સંજોગોમાં ઈસ્લામી હકુમત ઉપર આવશ્યક હશે કે તેઓની મદદ કરે.

કુર્આનેમજીદમાં ઉલ્લેખ છે :

"છેવટે શું કારણ છે કે તમે અલ્લાહના માર્ગમાં એ વિવશ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો માટે ન લડો જેમની ઉપર તેમની નિર્બળતાના કારણે જુલ્મ ગુજારવામાં આવ્યો છે અને જેઓ ફરિયાદ કરી રહ્યા છે કે, હે ખુદા અમને આ વસ્તીમાંથી બહાર કાઢ જેના રહીશો જુલ્મી

છે અને પોતાના તરફથી અમારો કોઈ હિમાયતી અને મદદગાર પેદા કરી દે."

(કુર્આન : સૂરઃ નિસા, આ.૭૫)

જો કે આ મઝલુમ મુસલમાનોની મદદ પણ માત્ર એ જ કોમ વિરૂદ્ધ કરવામાં આવશે જે કોમથી કોઈ કરાર ન થયો હોય. જો કરાર કે સંધિ હશે તો તેઓની મદદ કરવામાં નહીં આવે. બલ્કે કરારની મર્યાદા જાળવવામાં આવશે, જ્યાં સુધી કરાર બાકી રહેશે. કુર્આનેપાકમાં આ શરતની સ્પષ્ટતા આ શબ્દોમાં કરવામાં આવી છે :

"હા, જો તેઓ દીનના મામલામાં તમારી પાસે મદદ માગે તો તેમની મદદ કરવી તમારી ફરજ છે, પરંતુ કોઈ એવી કોમ વિરૂદ્ધ નહીં જેની સાથે તમારો કરાર થયેલો હોય. જે કંઈ તમે કરો છો અલ્લાહ તેને જુએ છે." (કુર્આન : સૂરઃઅન્ફાલ, ૭૨)

તે ઉપરાંત, એક સ્થિતિ એવી હોઈ શકે છે કે જાલિમ શક્તિઓ પોતાના તાબા હેઠળ રહેતા લોકો ઉપર એ પાબંદી લગાવે કે તેઓ સત્યમાર્ગને સ્વીકારી શકે નહીં. તે આ પાબંદીને દૂર કરવા અને સત્યમાર્ગને સ્વીકારવાના માનવીય હક્કને બહાલ કરવા ઈસ્લામ યુદ્ધની પરવાનગી આપે છે.

જિહાદ (યુદ્ધ) માત્ર તે સમય સુધી વૈદ્ય છે જ્યાં સુધી અસત્ય શક્તિઓનો ઉપદ્રવ મોજુદ હોય. ઉપદ્રવની આગ બુઝાઈ ગયા પછી યુંદ્ધ સમાપ્ત થઈ જાય છે. કુર્આનમાં ઉલ્લેખ છે :

"તમે તેમની સાથે લડતા રહો, અહીં સુધી કે ફિત્નો નાબૂદ થઈ જાય અને દીન અલ્લાહ માટે થઈ જાય. પછી જો તેઓ અટકી જાય, તો સમજી લો કે અતયાચારીઓ સિવાય અન્ય કોઈની વિરૂદ્ધ દુશ્મનાવટ રાખવી યોગ્ય નથી." (કુર્આન : સૂરઃ બકરહ, ૧૯૩)

ફિત્નાની નાબૂદી અને અત્યાચારીઓ સુલેહ-શાંતિ માટે તૈયાર થઈ જાય તો પછી યુદ્ધ સમાપ્ત થઈ જાય છે. આ સંદર્ભમાં કેટલીક આયતો પ્રસ્તુત છે :

"....ત્યાં સુધી કે લડાઈ પોતાના હથિયાર નાખી દે." (કુર્આન : સૂરઃ મુહમ્મદ, ૪)

"....જો દુશ્મનો સુલેહ-શાંતિ ચાહતા હોય તો તમે પણ તેના માટે તૈયારી દાખવો અને અલ્લાહ ઉપર ભરોસો રાખો...." (કુર્આન : સૂરઃ અન્ફાલ, ૬૧)

"....એટલે જો તેઓ તમારાથી અળગા રહે અને લડવાથી દૂર રહે અને તમારી તરફ સુલેહ અને શાંતિનો હાથ લંબાવે તો અલ્લાહે તમારા માટે તેમની ઉપર આક્રમણ કરવાનો કોઈ માર્ગ રાખ્યો નથી." (કુર્આન : સૂરઃ નિસા, ૯૦)

ઈસ્લામ માત્ર અનિવાર્ય સંજોગોમાં યુદ્ધ કે જિહાદની પરવાનગી આપે છે. તે સંજોગો કે સ્થિતિ ખતમ થઈ ગયા પછી આ પરવાનગી ખતમ થઈ જાય છે. નબી સલ્લ. અને સહાબા કિરામ રદિ. એ હંમેશા યુદ્ધ ઉપર 'ના-યુદ્ધ' ને પસંદગીપાત્ર અને બહેતર સમજ્યું છે. તેઓ સૌ હંમેશા યુદ્ધને ટાળવાની કોશિશ કરતા હતા. એક હદીષમાં આજ્ઞા છે:

"દુશ્મનથી મુકાબલાથી બચો." (બુખારી, કિતાબુલ જિહાદ)

હુદેબિયાની સંધિનું દૃષ્ટાંત આપણી સમક્ષ છે. હુદેબિયાની સુલેહ એ એવી સુલેહ છે જે માત્ર યુદ્ધને ટાળવા અને શાંતિની સ્થાપના કાજે દુશ્મનોની દરેક ઈચ્છાઓને સ્વીકારી અમલમાં આવી હતી. દુશ્મનોએ યેનકેન પ્રકારે શાંતિની સ્થિતિને બગાડવાનો પ્રયત્ન કર્યો. અત્યંત અપમાનજનક અને મુશ્કેલ શરતોને આધિન આ સંધિ અમલમાં આવી. એક મુસલમાન જેમનું નામ અબુજિન્દાલ હતું, જેઓ મુશ્રિકોના જુલ્મ અને સતામણીના ભોગ બન્યા હતા, તેઓ તે જ સમયે આવ્યા અને તેમણે મક્કાથી બહાર કાઢવાની દરખાસ્ત કરી, પરંતુ મક્કાવાસીઓએ સંધિની શરત મુજબ તેનો વિરોધ કર્યો. મુસલમાનો માટે આ અત્યંત ભાવનાત્મક અને લાગણીશીલ પ્રશ્ન હતો, જેના કારણે તેઓને પુનઃ ધીરજની કસોટી કરે તેવા તબક્કામાંથી પસાર થવું પડ્યું. પરંતુ શાંતિની સ્થાપના કાજે મુસલમાનોએ આ ભારે કિંમત પણ અદા કરી અને ત્યાર પછી પરિસ્થિતિએ એવો પલટો લીધો કે આ કિંમતનો બદલો, બલ્કે તેનાથી વધુ બહેતર બદલો મળ્યો.

આ તમામ વિગતવાર વર્ણનોથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ઈસ્લામમાં જિહાદનું શું સ્થાન છે ? અને કઈ પરિસ્થિતિમાં તથા કઈ શરતો સાથે જિહાદ થઈ શકે છે ? કેટલાક લોકો તરફથી એ વાત આવે છે કે ઈસ્લામના નામે અને નિખાલસતાની નિયત સાથે જે યુદ્ધ થઈ રહ્યું છે તેને જિહાદ કેમ ન કહેવાય ! તેઓને ખબર હોવી જોઈએ કે જિહાદમાં કેટલાક સિદ્ધાંતો અને કાયદાઓ તેમજ નિયંત્રણો અને શિષ્ટાચાર હોય છે. તેને ધ્યાનમાં રાખ્યા વગર કોઈ યુદ્ધને જિહાદ ન કહી શકાય. આ તો એવું જ છે કે જાણે કોઈ વેપારની તમામ ચીજ-વસ્તુઓ દરિયામાં ડૂબાડીને નફાની આશા રાખે અને તેને વેપાર કહે !

આંતકવાદ અને ઈસ્લામી ચળવળો

વિશ્વમાં જ્યારે પણ આતંકવાદ ચર્ચાની એરણે ચડે છે ત્યારે પશ્ચિમી બુદ્ધિજીવીઓ સામાન્ય રીતે ઇસ્લામી ચળવળોને દોષિત ઠેરવે છે. જ્યારે હજુ સુધી આ સંદર્ભમાં કોઈ પુરાવાઓ મેળવી શકાયા નથી. આતંકવાદના કેટલાક કારણો અને પરિબળો છે અને હકીકત એ છે કે આ કારણો અને પરિબળો તેમજ તે લોકો અને સંગઠનોમાંથી મોટાભાગનો સંબંધ માત્ર પશ્ચિમથી છે. પૂર્વ અને મધ્ય એશિયામાં પણ આ જ પશ્ચિમી પરિબળોના કારણે આતંકવાદી પ્રવૃત્તિઓ થઈ છે. તેના પાછળનું કારણ ઇસ્લામનું પુરરૂત્થાન નથી. તદ્ઉપરાંત કોઈ મુસલમાનની કોઈપણ પ્રવૃત્તિનું કારણ ઇસ્લામને જ ઠેરવવું અને તેનું મૂળ કોઈ ઇસ્લામી ચળવળમાં શોધવું ઉચિત નથી. જ્યારે કે પશ્ચિમમાં ઘણા આતંકવાદી સંગઠનો કાર્યરત છે જે ખરેખર ખ્રિસ્તી અને યહૂદી છે. પરંતુ તેના સંદર્ભમાં ક્યારેય પણ ખ્રિસ્તીધર્મ કે યહૂદીધર્મનું નામ નથી આવતું.

ઇસ્લામી ચળવળો કે ઇસ્લામી ચેતનાના વિરોધીઓનું આ વલણ ન્યાય અને ઈન્સાફથી તદ્દન વિપરિત છે. યોગ્ય અને બહેતર રીત તો એ છે કે કોઈ પક્ષકાર ઉપર કાયદો લાગુ કરતાં પહેલાં તેના વૈચારિક ખ્યાલ અને માન્યતા તથા તેના સરકારી બંધારણને બુનિયાદ બનાવવામાં આવે. ઇસ્લામી ચળવળોના ઈતિહાસ ઉપર દ્રષ્ટિપાત કરવાથી ખ્યાલ આવે છે કે મોટાભાગના ઇસ્લામી રાષ્ટ્રોમાં તેનો પ્રારંભ સંસ્થાનવાદી શક્તિઓથી પોતાના વતનીઓને આઝાદ કરાવવા માટે થયો છે. તેથી અન્ય વતનપરસ્ત ચળવળોની જેમ તેમાં પણ શક્તિના ઉપયોગની મનાઈ ન હતી અને આ કોઈ ગુનો પણ નથી. અનધિકૃત કબજો કરીને બેસેલ શાસકો વિરૂદ્ધ પોતાની આઝાદી માટે જંગ કરવી માનવીનો જન્મસિદ્ધ અધિકાર છે.

ઈસ્લામી ચળવળોના નેતાઓના વિચારો :

આમ તો આઝાદી પૂર્વે ઇસ્લામી ચળવળોએ કેટલીક હદ સુધી શક્તિ અને સામર્થ્યનો ઉપયોગ કર્યો પરંતુ આઝાદી મળી ગયા પછી સામાન્ય રીતે તમામ ઇસ્લામી ચળવળોએ શક્તિ અને સામર્થ્યના ઉપયોગને પોતાની નીતિ અને કાર્યપદ્ધતિમાંથી બાકાત કરી લીધા. મૌલાના મૌદુદીએ અને હસનુલ બન્ના શહીદે શક્તિ દ્વારા શાસનવ્યવસ્થામાં પરિવર્તનનો સખત વિરોધ કર્યો. મોરોક્કોના રશીદ-અલ-ગનોશી, અલ્જિરીયાના અબ્બાસ મદની, બોસ્નીયાના

અલીજાહજિન બેગોરા અને તુર્કસ્તાનના નજમુદ્દીન અલબરકાન પણ એ બાબતે સંમત છે કે લશ્કરી ઈન્કલાબ કે શક્તિથી વ્યવસ્થામાં પરિવર્તન લાવવું એ ઇસ્લામી ચળવળનાં ઉદ્દેશ્ય અને હેતુના વિરૂદ્ધ છે.

મૌલાના સૈયદ અબુલઆલા મૌદૂદી રહ. એ ઘણી જગ્યાએ બળજબરીથી કે હિંસાચાર દ્વારા વ્યવસ્થામાં પરિવર્તનને ખોટું ઠેરવ્યું છે. મૌલાનાનું જીવન પણ લોકશાહી રીતે ઈન્કલાબનો નમૂનો હતું. એક વખતે તેમને પૂછવામાં આવ્યું કે જમાઅતે ઇસ્લામી ઉપર 'અતિરેક કે હિંસાચાર દ્વારા ઈન્કલાબ'નો આરોપ કેટલો સાચો છે ? મૌલાનાએ જવાબ આપ્યો :

"જમાઅતે ઇસ્લામીએ આજ પર્યંત લોકોને અતિરેક અને હિંસાચાર ઉપર નથી પ્રેર્યા. તે હંમેશા કાયદા-કાનૂનની સીમાઓમાં રહીને જ કામ કરશે."

(ઈસ્તફસારાત, પા. ૨૪૩)

મક્કામાં આરબ નવયુવાનોને સંબોધિત કરતાં તેમણે કહ્યું :

"મારી અંતિમ શિખામણ એ છે કે તમોએ ભૂગર્ભ ચળવળો ચલાવવાની અને શસ્ત્રો દ્વારા ઈન્કલાબ લાવવાની કોશિશ ન કરવી જોઈએ. આ પણ વાસ્તવમાં અધીરાઈ અને ઉતાવળાપણાનું એક સ્વરૂપ છે અને પરિણામની દ્રષ્ટિએ બીજી રીતોથી વધુ ખરાબ છે."

(તફહીમાત, પા. ૩૨૬, ભા. ૩)

એક વખતે પાકિસ્તાનમાં 'ઈન્કલાબ'ના વિષયે ચર્ચા કરતાં કહ્યું :

"જો ગુપ્ત રીતે ગેરબંધારણીય તરીકાઓ અખત્યાર કરવામાં આવે તો પરિણામ આનાથી પણ વધુ ખતરનાક હશે. ભૂગર્ભ સંગઠનોમાં અમુક વ્યક્તિઓ બધા અધિકારો ભોગવે છે અને પછી આખું સંગઠન કે ચળવળ તેમની જ મરજી અને ઈચ્છા મુજબ ચાલે છે. તેમનાથી મતભેદ રાખવવાળાઓને તરત જ ખતમ કરી દેવામાં આવે છે. તેમની નીતિઓથી અસંતોષનું પ્રદર્શન સખ્ત નાપસંદ અને અસહ્ય ગણવામાં આવે છે. હવે તમે પોતે વિચારો કે જ્યારે આ જ કેટલાક લોકો સત્તાના આસને બિરાજે તો કેવા ખરાબ સરમુખત્યાર સાબિત થશે ! જો તમે એક સરમુખત્યારને દૂર કરીને બીજા સરમુખત્યારને લઈ આવશો તો અલ્લાહના બંદાઓ માટે તેમાં શું ભલાઈ છે ?" (તશરીહાત, પા. ૨૫૮)

એક અન્ય પ્રસંગે પોતાના કાળનું વર્ણન કરતાં કહ્યું :

"દરેક પ્રકારના ખતરાઓ અને નુકસાન સહન કરીને પણ શાંતિથી અલ્લાહના કલમાને સરબુલંદ કરવાનો રસ્તો અપનાવવો જોઈએ, ચાહે તેના પરિણામે તેઓને કેદનો સામનો કરવો પડે કે ફાંસીના માંચડા ઉપર ચઢવાનો વખત આવે." (તશરીહાત, પા.૫૭)

રાશિદ-અલ ગનોશી કહે છે :

"મુસલમાનોના લાંબા ઈતિહાસનું અધ્યયન કર્યા પછી આપણે એમ કહી શકીએ છીએ કે બહુમતી મુસ્લિમ આલિમો (ઇસ્લામી વિદ્વાનો) ની આ કાર્યપદ્ધતિ આદર્શ ન હતી, તેમ છતાં આ વલણ ઉમ્મત માટે ઓછું નુકસાનકારક જરૂર સાબિત થયું છે. તેનાથી વિપરિત વિદ્રોહી શાસકો વિરૂદ્ધ જીવસટોસટની લડાઈથી, મુકાબલાથી અને તેઓને કતલ કરી નાંખવાને લાયક ઠેરવી દેવાથી કંઈ પ્રાપ્ત થતું નથી જ્યાં સુધી કેટલાયે નિર્દોષો મોતને ઘાટ ઉતરી ન જાય, પ્રજાનું હિત તબાહ ન થઈ જાય અને ઉમ્મતના દુશ્મનોની દખલગીરી માટે ઉમ્મતની કમઝોરીના કેટલાયે રસ્તા ન ખૂલી જાય. તેનાથી પણ મોટી મુસીબત એ છે કે અનધિકૃત કબજો ધરાવનાર અને બળજબરીથી પ્રભુત્વશાળી શાસકોને નેસ્તનાબૂદ કરી દેવા અને જાન-માલના આટલા મહાન બલિદાનો આપ્યા પછી પણ અનુભવથી સાબિત થાય છે કે ઈચ્છિત ધ્યેય તે પછી પણ ક્યારેક જ સિદ્ધ થાય છે. આવા શાસકો વિરૂદ્ધ પ્રજાના હથિયાર ઉઠાવી લીધા પછી, જો ક્યાંક શાસકો સત્તાની ખુરશી ઉપરથી હટી પણ ગયા છે તો પહેલાથી ખરાબ સરમુખત્યાર સામે આવે છે." (ઇસ્લામી તેહરીકેં - જદ્દોજહદ કિસ તરહ ? પા. ૫૩)

અલ્લામા ડૉ. યુસુફ અલ કરઝાવીએ આતંકવાદની નિંદા કરતાં લખ્યું છે :

"આ ગુનાની બૂરાઈ તે વખતે ઘણી વધી જાય છે જ્યારે તેને કરવાવાળા ઇસ્લામથી પોતાને સંબંધિત બતાવે છે અને દાવો કરે છે કે તેઓ ઇસ્લામ કાજે સંઘર્ષરત છે. જો કે અલ્લાહના ગ્રંથ (કુર્આન) અને રસૂલુલ્લાહ સલ્લ.ની સુન્નત તથા સહાબા અને મુજતહિદો (ઇસ્લામ ધર્મના માર્ગદર્શકો) નો અમલ તેમજ સર્વમાન્ય વલણ સર્વસંમત રીતે આ અત્યાચારપૂર્ણ અને પાશવી કૃત્યના વિરૂદ્ધ છે." (ફતાવા મઆસરહ, પા. ૧-૨)

ઈખ્વાનુલ મુસ્લેમીનના મુર્શિદે આમ (ઉચ્ચનેતા) મુસ્તુફા મશહૂરે એક મુલાકાતમાં ઈખ્વાનુલ મુસ્લેમીનનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરતાં કહ્યું છે :

"ઈખ્વાને ન તો પહેલાં ક્યારેય આતંકવાદનો રસ્તો અપનાવ્યો અને ન આજે તેનાથી તેનો કોઈ સંબંધ છે." (દ'અવત, ૧૬ માર્ચ-૨૦૦૦)

વર્તમાન યુગની ચળવળના એક આગેવાન ડૉ. મુસ્તુફા મુહમ્મદ અલતહાને અતિરેક અને હિંસાચાર ઉપર કડક શબ્દોમાં ટીકા કરતાં લખ્યું છે :

"અંતિમવાદી કૃત્ય એ વ્યક્તિ અને સમાજ વિરૂદ્ધ ગુનો છે..... કારણો અને પરિણામ ગમે તે હોય, ઇસ્લામી ચળવળ કોઈપણ પ્રકારના અતિરેક અને હિંસાચારની વિરૂદ્ધ છે અને તે

અતિરેક અને હિંસાચારનો વિરોધ કોઈ આગોતરા હિતને ખાતર નથી કરતી પરંતુ એટલા માટે કરે છે કે તે સાચા ઈસ્લામી શિક્ષણથી વિપરિત છે...."

"ઉપખંડમાં ભારત અને પાકિસ્તાનના તમામ આલીમો (ઇસ્લામી વિદ્વાનો) એ આતંકવાદની નિંદા કરી છે અને પોતાનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે તેઓ દરેક પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિઓના વિરોધી છે અને તેઓ આતંકવાદને ઈસ્લામની આત્માથી વિપરિત સમજે છે." (રાષ્ટ્રીય સહારા, ૧૪-૩-૨૦૦૧)

ઈસ્લામી ચળવળ અને અતિરેક :

પાછળના પાનાઓમાં વર્તમાન યુગની ઈસ્લામી ચળવળોના કેટલાક આગેવાનો અને અન્ય કેટલાક બુદ્ધિજીવીઓના વિચારોથી એ બાબત સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જાય છે કે ઈસ્લામી ચળવળ જે ઈન્કલાબ લાવવા માગે છે તેના માટે અતિરેક અને હિંસાચારનો રસ્તો અપનાવવાના વિરૂદ્ધમાં છે. તે માત્ર લોકશાહી રીતો અને પદ્ધતિઓમાં વિશ્વાસ રાખે છે. તમામ બિનલોકશાહીયુક્ત તરીકાઓને અવૈદ્ય ઠેરવે છે. નજીકના ભૂતકાળમાં માત્ર ત્રણ દ્રષ્ટાંતો મળે છે, જેમાં ઈસ્લામી ચળવળના લોકો શક્તિના ઉપયોગમાં સામેલ થયા. ઈજીપ્ત, સીરિયા અને અલ્જિરીયા. તેમાં પણ એક અલ્જિરીયાનું દ્રષ્ટાંત તો અનોખું છે. ત્યાં મુક્ત ચૂંટણીઓના પરિણામે દેશના ૮૦% લોકોની બહુમતિએ ઈસ્લામી ચળવળના પ્રતિનિધિઓને પોતાના મત આપ્યા. ઈસ્લામી ચળવળની આ ક્રાંતિકારી સફળતા જોઈને પશ્ચિમ આશંકાઓમાં પડી ગયું અને દેશના લશ્કરનો ઉપયોગ કરીને સફળતાને મારી હટાવીને ચૂંટણી રદબાતલ ઠેરવી દીધી અને ઇસ્લામી ચળવળના નેતાઓ અને કાર્યકરોને જેલોમાં નાખી દીધા. ઈસ્લામી ચળવળના અગ્રહરોળના નેતાઓએ ધીરજ અને સહનશીલતાથી કામ લીધું અને તેઓ પ્રત્યેક જુલ્મને ધૈર્યથી સહન કરતા રહ્યા. પરંતુ જ્યારે અગ્રહરોળના નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી તો તેમના અનુયાયીઓ ધીરજ અને સહનશીલતાનું પ્રદર્શન ન કરી શક્યા. તેમણે અત્યચારના મુકાબલામાં શક્તિનો ઉપયોગ કર્યો. અસત્ય શક્તિઓ તો તેની જ રાહ જોઈ રહી હતી. તેમણે બહાનું મળતાં જ જુલ્મ અને અત્યાચારનું એ તાંડવનૃત્ય કર્યું કે માનવહૃદય ધ્રુજી ઉઠે અને કેટલાક મહિનાઓની ટૂંકી મુદ્દતમાં જ ૫૦ હજાર લોકો મોતને ઘાટ ઉતરી ગયા. લગભગ એટલી જ સંખ્યામાં લોકો આજે જેલોમાં છે. કેટલાયે ઘર લૂંટાયા, કેટલાયે પરિવારો વેરવિખેર થઈ થયાં, કેટલીયે સંસ્થાઓ બરબાદ થઈ ગઈ અને કેટલીયે કામ કરવાની તકો જતી રહી.

ઈજીપ્ત અને સીરિયાની પરિસ્થિતિ તેનાથી કંઈક જુદી છે. ત્યાં ઈસ્લામી ચળવળો

પોતે જ સત્તામાં ભાગીદાર હતી અને આ ગાળામાં ઈસ્લામી ચળવળોના કેટલાક લોકોએ શક્તિનો ઉપયોગ કર્યો. પરિણામે તેમની પકડાપકડી અને ધરપકડો શરૂ થઈ ગઈ.

આ ત્રણ અપવાદરૂપ પ્રસંગો સિવાય ઈસ્લામી ચળવળ અતિરેક કે હિંસાચારની કોઈ પણ ઘટનાઓમાં સંડોવાયેલ નથી. ઈસ્લામી ચળવળે દરેક જગ્યાએ માનવહૃદયોની સુધારણા અને લોકશાહી ઢબે ઈન્કલાબનું આમંત્રણ આપ્યું, બલ્કે ઈસ્લામી ચળવળના જાગૃત લોકો ક્યારેય શાસન-વ્યવસ્થાના વિરોધી રહ્યા નથી. માત્ર અસત્ય શાસન-વ્યવસ્થાના વિરોધી છે અને એવી વ્યવસ્થા ઈચ્છે છે કે જે સંપૂર્ણપણે અલ્લાહના માર્ગદર્શનની તાબેદારીમાં હોય. પરંતુ તે માટે પણ તે હંમેશા શાંતિપૂર્વક આહ્વાનની પદ્ધતિ અપનાવે છે. એવું નથી કે સત્તા ઉપર આવતાં જ તેણે લોકશાહીના તાગૂતને ધડમૂળથી ઉખાડીને ફેંકી દીધો હોય. સીરિયામાં ઈસ્લામી ચળવળે સત્તામાં ભાગીદારી કરી, ઈજીપ્તમાં ઈસ્લામી ચળવળ સત્તામાં હિસ્સેદાર બની. પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પણ સત્તામાં ભાગીદાર રહી. તુર્કસ્તાનમાં બે વખત સત્તા ઈસ્લામપસંદોના હાથમાં આવી અને તેમણે સંપૂર્ણ રીતે લોકશાહી મૂલ્યોનું જતન કર્યું. ઈરાનમાં ઈન્કલાબને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ અને તે પણ શાંતિપૂર્વક લોકશાહી ઢબે આવ્યો.

મુસ્લિમ રાષ્ટ્રોમાં કેટલાંક એવા પ્રદેશો હોઈ શકે છે જ્યાં મુસલમાનોએ શક્તિનો ઉપયોગ કર્યો હોય અને સશસ્ત્ર અથડામણો થઈ હોય, પરંતુ તેને ઈસ્લામી ચળવળો સાથે જોડી દેવું ઉચિત નહીં હોય.

ઈસ્લામી ચળવળો સમગ્ર વિશ્વમાં શાંતિપૂર્વક અરસપરસ 'જીવો અને જીવવા દો'નું આમંત્રણ આપે છે. સીરિયા, અલ્જિરીયા અને ઈજીપ્તના અનુભવોએ શાંતિપૂર્વકના આહ્વાન સંદર્ભે તેમની આસ્થામાં વધુ મજબૂતાઈ બક્ષી છે.

સશસ્ત્ર સંઘર્ષની અસરો :

મુસલમાનોની કેટલીક ચળવળોએ જિહાદ અને ઈસ્લામના નામે જે સશસ્ત્ર અથડામણો કરેલ છે તેના પરિણામે વિશેષતઃ ઈસ્લામી ચળવળોને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે. બલ્કે તે પોતાની વ્યક્તિગત શક્તિઓ અને તકોના ખોટા ઉપયોગના કારણે ઘણી પાછળ ધકેલાઈ ગઈ છે. તદ્ઉપરાંત ઈસ્લામની છબી બગડી અને આ ગાળામાં ઘણાં લોકોએ પોતાની વ્યક્તિગત દુશ્મનીઓને પણ આ જ ચળવળોથી સંબંધિત કરી દીધી. વધુ સ્પષ્ટ દૃષ્ટાંત અલ્જિરીયાનું છે જ્યાં ૫૦ હજાર મુસલમાનો શહીદ થયા અને વધુ તાજેતરનું ઉદાહરણ અન્ય મામલાઓમાં ચેચેન્યાનું છે, જ્યાં અનેક લોકો મૃત્યુને ભેટ્યા.

સશસ્ત્ર લડાઈમાં મરવાવાળા તો મરે છે પરંતુ પોતાની પાછળ સમસ્યાઓનો અનંત સિલસિલો છોડી જાય છે. અનાથો અને વિધવાઓનો પ્રશ્ન ઊભો થઈ જાય છે. પિતા વગરના બાળકોમાં ખરાબ આદતો ઝડપથી પ્રસરે છે, પરિણામે ગુનાખોરી વધે છે. યુદ્ધ વિનાશક તબાહીનો સિલસિલો પોતાના પાછળ છોડી જાય છે. બીજી અનેક સમસ્યાઓ ઊભી થઈ જાય છે.

આ સશસ્ત્ર સંઘર્ષનું એક મોટું નુકસાન એ થાય છે કે ઈસ્લામ અકારણ બદનામ થાય છે. વિરોધીઓને તક મળી જાય છે કે ઈસ્લામને યુદ્ધ અને અથડામણ તથા શાંતિભંજક ધર્મ ઠેરવે તેમજ ઈસ્લામી ચળવળને આતંકવાદી સંગઠન ઠેરવે. જો કે હકીકતોથી તેનો દૂરનો પણ સંબંધ નથી હોતો. તેનું એક નુકસાન એ પણ થાય છે કે અન્ય ઈસ્લામી ચળવળો માટે કામ કરવાનું ક્ષેત્ર સિમિત થઈ જાય છે. જો કે હકીકતોનો અભ્યાસ કરતાં એ બાબત સાબિત થઈ ચૂકી છે કે આતંકવાદની મોટાભાગની ઘટનાઓનો સંબંધ ઈસ્લામપસંદોથી નથી હોતો, બલ્કે તે ઈસ્લામ વિરોધી અને ઈસ્લામ દુશ્મન શક્તિઓનું ષડયંત્ર હોય છે, જેમાં કયારેક ઈસ્લામપસંદોનો વેશ બદલીને કાર્યવાહી કરેલ હોય છે. તેમ છતાં કેટલાક સ્થળે ઈસ્લામપસંદોની કાર્યશૈલીએ તેઓને બહાનુ પુરૂં પાડ્યું છે.

ભવિષ્ય :

આમ તો આ અથડામણોમાં ઈસ્લામી ચળવળોનું વ્યક્તિગત નુકસાન ઘણું થયું અને ઈસ્લામ ઉપર વિરોધીઓને નિંદા કરવાની અને તેને આતંકવાદી અને સરમુખત્યાર (Totalitarain) કહેવાની તક મળી છતાં તેનાથી ઈસ્લામી ચળવળોએ પણ સબક લીધો છે અને આગળ માટે પોતાની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં ભૂતકાળના કડવા અનુભવોને ભૂલી નથી. આ અનુભવોના અનુસંધાનમાં વિવિધ સંગઠનોએ રાજકીય પ્રક્રિયાઓથી અળગા રહીને તથા માત્ર લોકશાહી વ્યવસ્થા હેઠળ પોતાની શક્તિને એકત્રિત કરવાનો તેમજ તેને સમાજની સુધારણા માટે ઉપયોગમાં લેવાનો નિર્ણય કર્યો છે.

પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં જમાઅતે ઈસ્લામીએ ચૂંટણીઓમાં ભાગ લીધો અને સરકારમાં હિસ્સેદાર બની. તુર્કસ્તાનમાં પ્રથમ સલામા પાર્ટી અને ત્યારબાદ રિફાહ પાર્ટીએ લોકશાહી વ્યવસ્થામાં વિશ્વાસ રાખી બિનસાંપ્રદાયિક પક્ષો સાથે સંયોજનથી સરકારની સ્થાપના કરી. તુર્કસ્તાનમાં લોકશાહીમાં વિશ્વાસ રાખવા છતાં ઈસ્લામપસંદોને બે વખત લશ્કરના હાથે નુકસાન ઉઠાવવું પડ્યું. પરંતુ તુમણે અલ્જિરીયાની જેમ લશ્કરના મુકાબલામાં ક્યરેય હથિયાર ન ઉઠાવ્યા. બલ્કે પ્રત્યેક જુલ્મને ધૈર્યથી સહન કરવાનો દૃઢ નિર્ણય કર્યો. તેના સારા પરિણામો

આવ્યા. એક તો ઈસ્લામપસંદોની કત્લેઆમ ન થઈ, બીજું ઈસ્લામપસંદોની લોકપ્રિયતામાં વધારો થયો, ત્રીજું ઈસ્લામપસંદોના આ અમલથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઈસ્લામ વિરોધી શક્તિઓને એક નમૂનો પૂરો પાડ્યો કે ઈસ્લામ અતિરેક અને હિંસાચારનો નહિં પરંતુ ધૈર્યનો મઝહબ છે. તેમાં જુલ્મ ઉપર ધીરજ રાખવાની મૂળ માનવીય હેતુઓ માટે બલિદાન આપવાની ભાવના છે.

આ પરિસ્થિતિમાં હવે ઈસ્લામી ચિંતકો દરમિયાન એક નવિન ખ્યાલ ઉદ્ભવી રહ્યો છે. તે એ કે ત્વરિત ઈસ્લામની દયારૂપ શાસન વ્યવસ્થાની સ્થાપના માટે સંજોગો અનુકૂળ ન હોય તો ઈસ્લામના આમંત્રણની સાથે એક ઈન્સાની શાસન વ્યવસ્થાના સ્વરૂપ માટે વિચારી શકાય છે. વર્તમાન સમયના એક ચિંતક મુહમ્મદહુસેન ફઝલુલ્લાહ લખે છે :

''અમે જગતની સામે ઈસ્લામ પ્રસ્તુત કરીશું પરંતુ સંજોગો અને પરિસ્થિતિ એવા ન હોય કે ઈસ્લામની દયારૂપ વ્યવસ્થાની સ્થાપના થઈ શકે તો અમે એક 'ઈન્સાની શાસન વ્યવસ્થા' નું આહ્વાન કરીશું. એવી શાસન વ્યવસ્થા જે તમામ માનવીય મૂલ્યો, આાદી અને ન્યાય પર આધારિત હોય તથા જેમાં 'લાભ મેળવો અને નુકસાનને દૂર કરો' નો સિદ્ધાંત કાર્યરત હોય.'' (મજલ્લા અલવહદતુલ ઈસ્લામીયા નં. ૯૯)

મુહમ્મદહુસેન ફઝલુલ્લાહના નિવેદનની સમજૂતિ માટે કેટલીક અન્ય બાબતોથી સુમાહિતગાર હોવું જરૂરી છે. પ્રથમ બાબત એ સમજવાની છે કે વર્તમાન યુગમાં વિશેષતઃ લાલ સરહદોના શાંત થઈ ગયા પછી પશ્ચિમ સામે વૈચારિક અને વ્યવહારિક ક્ષેત્રે માત્ર ઈસ્લામ જ વિકલ્પ છે. આ પશ્ચિમનું સૌભાગ્ય છે કે તેના બુલંદ અને તેજસ્વી યુગમાં ઈસ્લામી જગત રાજકીય ખરાબી અને નિર્બળતાનું શિકાર છે. પરિણામે ઈસ્લામ પોતાની સાચી ચમક અને સામર્થ્ય સાથે મોજુદ નથી. બલ્કે પશ્ચિમી દુનિયાના આ રીતે વૈશ્વિક સાંસ્કૃતિક શક્તિ બનવાનું અસલ કારણ પણ આ જ છે. તેથી પશ્ચિમ વૈચારિક અને વ્યવહારિક ક્ષેત્રે માત્ર ઈસ્લામથી ખતરો અનુભવે છે. વિશ્વની શેષ સભ્યતાઓ મોડા-વહેલાં પોતાની ઓળખ પશ્ચિમના હવાલે કરી દેશે. તેનું કારણ એ છે કે પશ્ચિમ આ સભ્યતાઓના મુકાબલામાં નિઃશંક ચડિયાતી સામૂહિક નૈતિકતા ધરાવે છે. પશ્ચિમથી પ્રભાવિત થઈ તમામ સભ્યતાઓએ વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્ત્રીના અધિકારોનો સ્વીકાર કર્યો છે. પશ્ચિમની વ્યવસ્થા કોઈ આસ્થા પર આધારિત નથી તેથી કોઈપણ સભ્યતા કોઈપણ વિશેષ માન્યતા કે આસ્થા સાથે પણ તેમાં વિલિન થઈ શકે છે.

પશ્ચિમની ચડિયાતી નૈતિકતા અને મૂલ્યોના મુકાબલામાં ઈસ્લામે તેનાથી બહેતર વ્યવસ્થા અને વિચારસરણી પ્રારંભમાં રજૂ કરી હતી. દુર્ભાગ્યે તેના ઉપર વીતી ગયેલા જમાનાની

ધૂળ ચડી ગઈ છે. સમાજમાં તેનું વ્યવહારૂ પ્રગટીકરણ પૂર્ણ ચમક-દમક અને સામર્થ્ય સાથે શેષ રહ્યું નથી. તેમ છતાં વર્તમાન યુગના સખત આંતરિક અને બાહ્ય દબાણમાં તે મૂલ્યો પુનઃ પ્રગટ થઈ રહ્યા છે અને પશ્ચિમ ઘણું ચિંતિત છે કે કયાંક પયગમ્બરની શિક્ષા પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ ન થઈ જાય. તેથી પશ્ચિમનો પ્રયત્ન એ છે કે ઈસ્લામ જ્યાં છે અને જેવો છે - તે જ સ્થિતિમાં રહે. જ્યાં લોકતંત્ર છે ત્યાં લોકતંત્ર, જ્યાં રાજાશાહી છે ત્યાં રાજાશાહી અને જ્યાં બળજબરી અને ખુદ-મુખત્યારની સર્વોપરિતા છે ત્યાં બળજબરી અને ખુદમુખત્યારી ! અને તે આ બધાનું રક્ષણ કરે છે. પરંતુ જ્યાં ઈસ્લામ પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થવા જાય છે તો તેને તરત જ ઉખાડી ફેંકવામાં આવે.

પયગમ્બરી કાળનો અભ્યાસ કરવાથી ખ્યાલ આવે છે કે ઈસ્લામના પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લ. એ બે સમાજોમાં પોતાના સંઘર્ષ અને આહવાનનું કાર્ય કર્યું. એક મક્કાનો સમાજ, જેમાં વર્ચસ્વ કાફિરો (સત્યનો ઈન્કાર કરનારાઓ) ના હાથમાં હતું અને બીજો મદીનાનો સમાજ, જેમાં વર્ચસ્વ મોટાભાગે તેમના પોતાના હાથમાં હતું. મક્કાના સમાજમાં આપ સલ્લ.એ આસ્થા ઉપરાંત સમાજના બીજા તમામ સિદ્ધાંતો અને મૂલ્યોનો આદર કર્યો. બલ્કે ઘણાં રીતિ-રિવાજો જે આરબોમાં પ્રચલિત હતા, આપ સલ્લ. એ જેમના તેમ કબૂલ કરી લીધા. મક્કાની શાંતિને આપ સલ્લ.ના વ્યક્તિત્વથી કોઈ ભય ન હતો અને ન તો કોઈએ આપ સલ્લ.ને શાંતિના ભંગ માટે દોષિત માન્યા. બલ્કે આપ સલ્લ.ના ઉચ્ચ માનવીય ગુણોની પ્રશંસા દુશ્મનોએ પણ કરી.

બીજી વાત એ છે કે આપ સલ્લ. એ આ સમાજમાં એક કોમી સંધિ 'હિલફુલ ફુઝુલ' જે માત્ર ના-યુદ્ધ અને શાંતિની બહાલી માટે હતી તેને પસંદ કરી અને ઈસ્લામી કાળમાં પણ પસંદ કરી.

હદીષ શરીફમાં છેઃ

"રસૂલ્લુલ્લાહ સલ્લ.એ ફરમાવ્યું; કે હું અબ્દુલ્લાહ બિન જદઆનના ઘરમાં એક એવા કરારમાં શરીક થયો જે મને લાલ ઊંટોથી પણ વધુ પસંદ હતો અને જો મને ઈસ્લામના આગમન પછી તે માટે આમંત્રણ મળતું તો હું તેને જરૂર સ્વીકારી લેતો."

(સીરતે ઈબ્ને હિશશામ, ૧૩૪/૧)

આમ તો આપ સલ્લ. દ્વારા 'પસંદગી હોવાની અભિવ્યક્તિ' જ આ પ્રકારનાં કરારો ઈચ્છનીય અને શ્રેષ્ઠ હોવા માટે પૂરતા છે. તેમ છતાં વધુ સહાયતાર્થે સહાબા કિરામનો અમલ પણ પ્રસ્તુત કરી શકાય છે કે તેઓ આ પ્રકારની સંધિઓનું આદર-સન્માન કરતા હતા. એક

પ્રસંગે અમીર મુઆવિયહ રદિ. ના શાસનકાળમાં મદીનાના ગવર્નર વલીદ બિન ઉત્બાએ હઝરત હુસેન રદિ.ની કોઈ જમીન ઉપર પોતાની માલિકીનો દાવો રજૂ કર્યો તો હઝરત હુસેન રદી. એ કહ્યું કે જો મને મારો હક્ક ન મળ્યો તો હું તલવાર ખેંચીને મસ્જિદે નબવીમાં ઊભો થઈ જઈશ અને 'હિલફુલ ફુઝુલ'ને દુહાઈ આપીશ. અબ્દુલ્લાહ બિન ઝુબૈરએ અને મસ્ઉદ બિન મખઝને તરત જ તેની તરફેણમાં કહ્યું કે અમો તમને સાથ આપીશું.

(સિરતે ઈબ્ને હિશ્શામ, પા. ૧૩૪-૧૩૫)

મદની સમાજમાં પણ આપ સલ્લ. નું આહવાન આ હતું -

"હે ગ્રંથવાળાઓ, આવો એક એવી વાત તરફ જે અમારી અને તમારી વચ્ચે સમાન છે, આ કે આપણે અલ્લાહના સિવાય કોઈની બંદગી ન કરીએ, તેની સાથે કોઈને ભાગીદાર ન ઠેરવીએ, અને આપણા પૈકી કોઈ અલ્લાહ સિવાય કોઈ બીજાને પોતાનો રબ ન બનાવી લે." (કુર્આન : સૂરઃ આલેઈમરાન, આ.૬૪)

આ આહવાનની ઘણી અસરો થઈ જેનો ઉલ્લેખ સિરત (પયગમ્બરનું પવિત્ર જીવનચરિત્ર) ના પુસ્તકોમાં થયેલ છે. જેમ કે પ્રતિનિધિ મંડળોને મસ્જિદે નબવીમાં રોકાણની વ્યવસ્થા, બલ્કે નજરાનના પ્રતિનિધિમંડળના આગમન પ્રસંગે ખ્રિસ્તીઓનું મસ્જિદે નબવીમાં પોતાની નમાઝ અદા કરવી. એક અન્ય પ્રસંગે યહૂદીઓ દ્વારા પણ મસ્જિદે નબવીમાં પોતાની નમાઝ અદા કરવી.

મદીનામાં આપ સલ્લ. એ યહૂદીઓ સાથે જે કરાર કર્યો હતો. તેમાં કેટલીક કલમો આ પ્રમાણે હતી.

કલમ ૨૫ : બનુ ઔફના યહૂદીઓ મુસલમાનો સાથે એક ઉમ્મત છે. (ઉમ્મતે મઅલ મુસ્લેમિન) યહૂદીઓ માટે તેમનો દીન અને મુસલમાનો માટે તેમનો દીન. આજ જમાનત તેમના વાલી-વારસો માટે છે.

કલમ ૨૬ થી ૩૩, ૩૫ અને ૪૬માં યહૂદના વિવિધ કબીલાઓ - બનુ અલહારિસ, બનુ નજ્જાર, બનુ શુઅબાન વગેરેને પણ આ જ જમાનત આપવામાં આવી.

કલમ ૩૭માં યહૂદીઓની જવાબદારી એ છે તેઓ પોતાના ખર્ચ (યુદ્ધ વખતના) પોતે જ ઉઠાવશે અને મુસલમાનો પોતાના ખર્ચ ઉઠાવશે. તેમના દરમિયાન પરસ્પર મદદનો કરાર છે - દરેક તે વ્યક્તિ વિરૂદ્ધ - જે આ સંધિમાં દર્શાવેલ લોકોના વિરૂદ્ધ યુદ્ધ કરે. તેમના વચ્ચે નિખાલસ મિત્રતા અને ભરોસાપાત્ર સુલેહ અને શુભેચ્છા તેમજ સન્માનીય સંબંધ છે.

વર્તમાન યુગની વૈશ્વિક પરિસ્થિતિમાં આપ સલ્લ.નો આ આદર્શ પૂર્ણ માર્ગદર્શન

આપે છે. તેનાથી ખ્યાલ આવે છે કે સશસ્ત્ર સંઘર્ષનો રસ્તો છોડી દીધા પછી પણ ઈસ્લામી ચળવળ પાસે કામ કરવા માટે જબરદસ્ત ક્ષેત્ર મોજુદ છે. પશ્ચિમથી સંગ્રામનો ફાયદો વાસ્તવમાં પશ્ચિમને જ મળે છે અને પશ્ચિમ સાથે સંગ્રામનો માર્ગ છોડી દેવાનો ફાયદો ઈસ્લામી ચળવળને. ઈસ્લામી ચળવળ માટે ઉજળી તક છે કે તે સ્થાનિક વાદવિવાદથી ઉપર ઉઠીને ન્યાયપ્રિય અને સમાન વિચારધારા ધરાવતા લોકો અને પક્ષો સાથે સહયોગ કરીને ઉચ્ચ મૂલ્યો અને સિદ્ધાંતો માટે સંઘર્ષ કરે.

❖